॥ ૐ ॥

॥ श्रीसद्गुरुर्विजयतेतमाम् ॥

॥ दुराचारगिरिवज्र ॥

લેખક

પૂજ્યપાદ શ્રીમન્ નથુરામશર્મા.

બીલખા. કાઠીઆવાડ.

પોતાના સ્વર્ગસ્થ પિતા શ્રીયુત નરભેરામ અનુપરામ નવાડીના શ્રેયમાટે છપાવી પ્રસિદ્ધ કરનાર તેમના પુત્ર

જમિયતરામ નરભેરામ નવાડી.

પગથિયા શેરી, સુરત. સુરત.

" कर्तव्यमेव कर्तव्यं प्राणैः कंठगतैरपि ।
अकर्तव्यं न कर्तव्यं प्राणैः कंठगतैरपि ॥ "

નિર્મળ પ્રિંટિંગ પ્રેસમાં હલ્લુભાઈ ઉમેદભાઈએ છાપ્યું.

પીરમશા રોડ,—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રતિ ૫૦૦.

શાકે ૧૮૩૭. સંવત્ ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૨-૬

॥ ॐ ॥

॥ श्रीसद्गुरुर्विजयतेतमाम् ॥

॥ दुराचारागिरिवज्र ॥

લેખક

પૂજ્યપાદ શ્રીમન્ નથુરામશર્મા.

બીલખા. કાઠીઆવાડ.

પોતાના સ્વર્ગસ્થ પિતા શ્રીયુત નરભેરામ અનુપરામ
ત્રવાડીના શ્રેયમાટે છપાવી પ્રકટ કરનાર તેમના પુત્ર

જમિયતરામ નરભેરામ ત્રવાડી.

પગાથયા શેરી, સુરત. ગુજરાત.

" कर्तव्यमेव कर्तव्यं प्राणैः कंठगतैरपि ।
अकर्तव्यं न कर्तव्यं प्राणैः कंठगतैरपि ॥ "

નિર્મળ પ્રિન્ટિંગ પ્રેસમાં લલ્લુભાઇ ઈશ્વરભાઇએ છાપ્યું.

પીરમસા રોડ,—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રતિ ૫૦૦.

શાકે ૧૮૩૬. સંવત્ ૧૯૭૧. ઈ. સ. ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૨-૬

" ज्ञानकर्मोपासनाभिर्देवताराधने रतः ।
शान्तो दान्तो दयालुश्च ब्राह्मणश्च गुणैः स्मृतः ॥ "

शुक्राचार्य.

" योगस्तपो दमो दानं सत्यं शौचं दया श्रुतम् ।
विद्या विज्ञानमास्तिक्यमेतद् ब्राह्मणलक्षणम् ॥ "

वसिष्ठमुनि.

ભાવાર્થ:—જે જ્ઞાન, કર્મ અને ઉપાસનાવડે પરમાત્માના આરાધનમાં પ્રીતિવાળા, શાંત, ઇંદ્રિયોને નિયમમાં રાખનારો, અને દયાલુ હોય તે ગુણોવડે બ્રાહ્મણ કહ્યો છે.

યોગ, તપ, ઇંદ્રિયનિગ્રહ, દાન, સત્ય, પવિત્રતા, દયા, સત્શાસ્ત્રનું શ્રવણ, વિદ્યા, સત્શાસ્ત્રે પ્રતિપાદન કરેલા વિષયનો અનુભવ, અને આસ્તિકતા આ બ્રાહ્મણનાં લક્ષણો છે.

ૐ

પ્રસ્તાવના.

જેમણે અમને[1] ધર્મ આપ્યો છે, જેમણે અમને નીતિ આપી છે, જેમણે અમને જ્ઞાન[2] આપ્યું છે,—જેમણે અમને મનુષ્યત્વ આપ્યું છે, તે પરમપૂજ્ય બ્રહ્મકુલને—ઋષિમુનિઓને અને તેમના વંશજોને—સપ્રેમ પુનઃ પુનઃ નમસ્કાર.

" जन्मना जायते शूद्रः संस्काराद् द्विज उच्यते ।
वेदाभ्यासाद्भवेद्विप्रो ब्रह्म जानाति ब्राह्मणः ॥ "

(જન્મવડે શુદ્ર જેવો ઉપજે છે, સંસ્કારવડે તે દ્વિજ કહેવાય છે, પશ્ચાત્ વેદનો અભ્યાસ કરવાથી તે વિપ્રપણાને પામે છે, અને બ્રહ્મને—પરમાત્માને—જાણે છે તે બ્રાહ્મણ છે.)

એ શ્લોકમાં બતાવેલું બ્રાહ્મણનું સ્વરૂપ ક્યાં ? તથા

" शमो दमस्तपः शौचं क्षांतिरार्जवमेव च ।
ज्ञानं विज्ञानमास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥ "

(મનને વશ રાખવું, ઇંદ્રિયોને વશ રાખવી, શરીરને નઠારાં કર્મોથી રોકી સારાં કામોમાં જોડવું, શરીરની તથા મનની શુદ્ધિ, દુર્જનોએ કઠણ વચનોથી નિરાદર કર્યા છતાં વા માર માર્યા છતાં પણ મનમાં ક્રોધાદિ વિકાર ન ઉપજવા દેવા, કુટિલતાથી રહિતપણું, ૭ અંગોસહિત વેદને તથા વેદના અર્થને જાણવા, કર્મકાંડવિષે યજ્ઞાદિ કર્મોમાં કુશળપણું, ને જ્ઞાનકાંડમાં આત્માનો અનુભવ, અને આસ્તિકપણું એ નવ સાત્ત્વિક સંસ્કારોથી થયેલાં બ્રાહ્મણનાં કર્મો છે.)

---

૧ ભરતખંડની પ્રજાને. ૨ અનેક તરેહનું શાસ્ત્રીય તથા વ્યાવહારિક.

એ શ્લોકમાં શ્રીભગવાને ગીતામાં કહેલાં બ્રાહ્મણનાં કર્મો ક્યાં ! અને ગુજરાતના બ્રાહ્મણોના કેટલાક ભાગની વર્તમાન સ્થિતિ ક્યાં ! બંનેમાં જમીનઆસમાનજેટલો ફરક શાથી પડી ગયો હશે !

પ્રકાશ અને અંધકાર એ બેમાં જેટલો ભેદ છે તેટલોજ, અથવા તે કરતાં પણ વધારે ભેદ જ્ઞાન અને અજ્ઞાનમાં છે. જ્ઞાન સર્વ સુખનું મૂળ છે, અને અજ્ઞાન સર્વ દુઃખનું મૂળ છે.

જ્ઞાન–પ્રકાશ–રૂપ દેવની ઉપાસના જ્યાં જ્યાં ઓછી થાય છે, ને તેને પરિણામે જ્યાં જ્યાં તેની ગેરહાજરી થાય છે, ત્યાં ત્યાં અજ્ઞાનરૂપ કાળમુખો નરકાસુર વગરનોતર્યો વિનાવિલંબે હાજર થઇ જાય છે, અને દેશની પ્રજાને દેવજેવી સ્થિતિમાંથી જોતજોતામાં પશુજેવી સ્થિતિમાં મૂકી દે છે.

જ્યાં જ્યાં ચિંતા, ભય, ક્લેશ, શોક ને દુઃખ હોય છે ત્યાં ત્યાં પ્રથમ અજ્ઞાનરૂપ રાક્ષસે પડાવ નાંખી વહેમ, અસૂયા, ઇર્ષ્યા, કુસંપ, અયોગ્ય વિષયવાસના, ક્રોધ, લોભ, મિથ્યાભિમાન, આલસ્ય, પ્રમાદ, દીર્ઘસૂત્રતા ને કર્તવ્યનિષ્ઠાનો અભાવ આદિ પોતાના કાર્યભારીઓ અને દૂતો તથા દૂતીઓદ્વારા પોતાનું રાજ્ય જમાવ્યું હોય છે. સામાન્ય રીતે ભરતખંડી આર્યોના અનેક વિભાગમાં વહેંચાએલા ચારે વર્ણોના મોટા ભાગની,–ત્રણ વર્ણોના ગુરુ ભૂદેવોની પણ, અર્વાચીન સ્થિતિ એ અજ્ઞાનરૂપ રાક્ષસને આભારી છે.

જેમની ઉત્પત્તિ શ્રીબ્રહ્માના મુખમાંથી થઇ છે, જેઓ મૂળથીજ ધર્મગ્રંથોના પઠનપાઠનદ્વારા ધર્મના આચાર્ય તથા ઉપદેશકનું પવિત્ર કાર્ય કરતા આવ્યા છે, જેમની ધર્મ તથા તત્ત્વજ્ઞાનસંબંધી શોધોએ હાલની જગતની સુધરેલી પ્રજાઓને પણ મોહિત કરી નાંખી છે,

જાળવી છે, અને દેશઉપર પડેલી અનેકાનેક આપત્તિઓમાં પણ ધર્મનું અને ધર્મગ્રંથોનું રક્ષણ કર્યું છે, એવા પવિત્ર, પંડિત અને પરોપકારી બ્રાહ્મણોના વંશજોની શાસ્ત્રના અજ્ઞાન ને તે દ્વારા ઉપજતા અનાચાર—અશાસ્ત્રીયવર્તન—અયોગ્યવર્તન—ને લઇને થએલી હાલની દુઃખી સ્થિતિ જોઇને સહૃદયને ખેદ થાય એ સ્વાભાવિક છે.

પ્રજાની ઉન્નતિ કે અવનતિનો આધાર તેમના ધર્મની ઉન્નતિ કે અવનતિ ઉપર છે, એ નિર્વિવાદ સિદ્ધ છે. ધર્મની ઉન્નતિનો આધાર ધર્માચાર્યો, ધર્મોપદેશકો ને ધર્મના દષ્ટાંતરૂપ થનારપર છે. ધર્માચાર્યો, ધર્મોપદેશકો ને ધર્મના દષ્ટાંતરૂપ થનાર બ્રાહ્મણો છે, માટે આર્યાવર્તની પ્રજાની ઉન્નતિઅર્થે તેમની સ્થિતિ પ્રથમ સુધરવી જોઇએ, અને તેમ થાય તેટલામાટે પૂજ્યપાદ કૃપાસિંધુ સદ્‌ગુરુપરમાત્મા શ્રી ૧૦૦૮ નથુરામશર્મા એઓશ્રીએ સમયાનુસાર શ્રીઔદીચ્યહિતેચ્છુ-પત્રમાં દુરાચારગિરિવજ્ર એ નામનો લેખ થોડાં વર્ષપર લખેલો, તે પુનઃ સુધારીવધારીને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

આ પુસ્તકમાં દુરાચારનું ખંડન તથા સદાચારનો બોધ કરતાં દ્વિજોનાં ષટ્‌કર્મને લગતી ધાર્મિક ક્રિયાઓનું અપૂર્વ રહસ્ય સ્થળે સ્થળે દર્શાવવામાં આવ્યું છે તે, તથા શુભ વિચાર ને શુભ ક્રિયારૂપ ભિન્ન ભિન્ન સદાચારનાં કારણો દર્શાવવામાં આવ્યાં છે તે, અધિકારી સજ્જનોને વિશેષ આનંદપ્રદ થશે. સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર, જપના લાભ, તર્પણનો હેતુ, દેવપૂજનની અગત્ય ને તેના રુચિભેદે પ્રકારો, પંચ-મહાયજ્ઞ (વૈશ્વદેવ) કરવાનાં કારણો, એ વિષયો, અને તેમાં પણ દેવપૂજનસંબંધી સર્વ મતપંથવાળાને અનુકૂળ આવે તેવા જે કલ્યાણ-કારી ઉદાર વિચારો દર્શાવ્યા છે તે અત્યંત મનનીય છે એમ સહર્ષ સપ્રેમ લખી જવાય છે.

આ ગ્રંથની ભાષા કોઇ કોઇ સ્થળે, મિષ્ટતાથી આચ્છાદિત છતાં, સહજ કટુ જણાશે, તથાપિ તે હેતુપુરઃસર અને " કડવું ઓસડ મા પાય " એ ન્યાયે છે એમ વિવેકીને જણાયા વિના રહેશે નહિ.

આ લેખ બ્રાહ્મણોને માટે, અને તેમાં પણ ઔદીચ્ય બ્રાહ્મણોને ઉદ્દેશીને લખાયેલો છતાં પણ પોતાની ઉન્નતિ કરવાને ઇચ્છતા અન્ય દ્વિજોને, અને પ્રકારાંતરે ધર્મજિજ્ઞાસુ શૂદ્રોને પણ તેમાંનો ઘણો ભાગ ઉપયોગી થઇ શકે એમ છે એમ જ્ઞાતા પુરુષો જોઇ શકશે.

કૃપાના મહોદધિરૂપ શ્રીઅંતર્યામી પ્રભુની કૃપાથી પૂજ્ય ભૂદેવો પોતાની પ્રાચીન ઉત્તમોત્તમ સ્થિતિને પ્રાપ્ત કરો, અને અમને–ભારતીય પ્રજાને– દયાદૃષ્ટિથી ઉપદેશો. અસ્તુ.

આનંદાશ્રમ. બીલખા.
સં. ૧૯૭૦ ના આશ્વિનસુદિ ૧.

શ્રીનાથપાદપદ્મપરાગાંકિત
માણિક્યશર્મા.

ॐ

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠાંક.

ॐ

દુરાચારગિરિવજ્ર.

મંગલાચરણ, લેખનો હેતુ, અને પ્રાસંગિક સૂચન.

બુદ્ધિના પ્રેરક અંતર્યામીને શુદ્ધભાવથી પુનઃ પુનઃ નમસ્કાર કરી ગુજરાતના દ્વિજોના ને વિશેષે બ્રાહ્મણોના હિતાર્થે આ લઘુ લેખ લખવાનો આરંભ થાય છે.

આ પ્રાંતના બ્રાહ્મણોના કેટલાક ભાગમાં કાલબલથી ન્યૂનાધિક અંશે પ્રવેશ પામેલા ભિન્ન ભિન્ન પ્રકારના દુરાચારોનું આ લેખમાં પ્રમાણ અને યુક્તિપૂર્વક અહિતકરપણું સમજાવવારૂપ ખંડન થશે, માટે આ લેખનું નામ દુરાચારગિરિવજ્ર એટલે દુરાચારરૂપ પર્વત પર પડનારું વજ્ર એવું રાખવામાં આવ્યું છે.

આ લેખમાં કોઇ પણ વ્યક્તિને (એક માણસને) ઉદ્દેશીને કાંઈ પણ લખવામાં આવશે નહિ; પણ માત્ર દુરાચાર દ્વિજોને કેવો હાનિ કરનારો છે, સદાચાર તેમને કેવો લાભ આપનારો છે, તે યથાશક્તિ સમજાવવામાં આવશે; છતાં દુરાચારી મનુષ્ય દુરાચારના અત્યંત સેવનથી દુરાચારસાથે અભેદભાવ પામી ગયેલો હોય છે, તેથી તેને આ ભાગ મને ઉદ્દેશીને લખેલો છે, એવી પ્રતીતિ થવાનો સહજ સંભવ છે, પણ તેમણે તેમ માની લેવાનો શ્રમ ન લેવો.

જેમને આ ભાગ મારા માટે લખાયો છે એવી પ્રતીતિ થાય

તેમણે તે ભાગ વાંચતીવેળા પોતાની પ્રવૃત્તિના જોનાર થવું, ને તે ભાગમાં જે લખાયું છે તે પ્રમાણે તે દુરાચાર હાનિકર છે કે નહિ તે પક્ષપાત ત્યજી સ્થિર બુદ્ધિથી વિચારવું, અને તે હાનિકર છે એમ જો પોતાને સ્પષ્ટ સમજાય તો પોતાનામાં જેટલું મનોબલ રહ્યું હોય તેને ઘણામાં ઘણી દૃઢતા ને સાવધાનતાથી એકત્ર કરી ધીરે ધીરે તે દુરાચારને ક્રમપૂર્વક ત્યજી દેવાનો પ્રયત્ન તેમણે આરંભવો જોઇએ. કોઇ પણ શુભ કાર્ય કરવામાટે શુદ્ધ ભાવથી પ્રયત્ન કરનારને પરમકારુણિક પરમાત્મા અવશ્ય સાહાય્ય કરે છે, તેમ તેમને પણ તેઓશ્રી અવશ્ય સાહાય્ય કરશે, ને તેમનો દુરાચાર ક્રમાત્ છૂટી જશે. જ્યારે તેઓ દુરાચાર છોડી પ્રસન્નમને સદાચારપરાયણ થશે ત્યારે તેમની પોતાની બહારની સ્થિતિ, શરીરસંપત્તિ ને મનોબલમાં કેવો ઇચ્છવાયોગ્ય સુધારો થયો છે તે જણાઈ આવતાં તેઓ અવશ્ય સંતોષ પામશે, ને પોતાના જીવનના પાછળના દિવસો અનુચિત માર્ગે ગાળ્યા તેમાટે તેઓ પશ્ચાત્તાપ કરશે. જેઓનાં હૃદય દુરાચારના બહુ સેવનથી અત્યંત રીઢાં થઈ ગયાં હશે, તેમને આ લેખ પૂરો ભાગ્યેજ વાંચવામાં આવશે, ને કદાચ વાંચવામાં આવશે તોપણ જેમ ધૂળપર કરેલું લિંપણ નિરર્થક થાય છે, તેમ તેમને માટે વર્તમાનમાં આ લેખ નિરર્થકજેવો થવા સંભવ છે એ સ્પષ્ટ છે, ને તેથી તેમને માટે આ લેખ લખ્યો નથી. જેઓ દુરાચારથી દૂર રહી સદાચારપરાયણ રહેવા પ્રયત્ન કરે છે તેમને પ્રોત્સાહન કરવા, તથા જેઓનાં હૃદય દુરાચારના અનન્યભક્ત બન્યાં નથી, ને સદાચારઉપરની જેમની રુચિ નિઃશેષ નાશ પામી નથી, તેમને તેનાથી દૂર રાખવામાટે આ લેખ લખવાની પ્રવૃત્તિ થાય છે. જેમ વરસાદ સર્વત્ર સમભાવ-

થી વરસે છે, છતાં ભૂમિની યોગ્યતાના ન્યૂનાધિકપણાથી કોઇ સ્થલે ઉત્તમ વા મધ્યમ પ્રકારનો પાક થાય છે, કોઇ સ્થલે કનિષ્ઠ-પ્રકારનો પાક થાય છે, ને કોઈ સ્થલે લગાર પણ પાક થતો નથી, તેમ ઉપદેષ્ટાનો ઉપદેશ સર્વત્ર સમભાવથી થાય છે, છતાં હૃદયની યોગ્યતાના ન્યૂનાધિકપણાથી કોઇ હૃદયમાં તેની ઉત્તમપ્રકારની વા મધ્યમપ્રકારની અસર થાય છે, કોઈ હૃદયમાં તેની કનિષ્ઠપ્રકારની અસર થાય છે, ને કોઇ હૃદયમાં જાણે તેની કાંઇ અસરજ ન થઈ હોય એમ જણાય છે. જેમ વરસાદની ફલરૂપે સર્વત્ર સરખી અસર થતી નથી, છતાં તેનું વરસવું નિષ્ફલ ગણાતું નથી, તેમ ઉપદેષ્ટાના ઉપદેશની સર્વત્ર સરખી અસર ન થાય તેથી તેનું નિષ્ફલપણું ગણાવું ઘટતું નથી. એ ન્યાયે આ લેખની પ્રવૃત્તિ પણ નિષ્ફલ ગણાવાયોગ્ય નથી, કિંતુ સફલ ગણાવાયોગ્ય છે.

દુરાચારીથી પણ સજ્જનોની સમીપ પોતાના પ્રિય માનેલા દુરાચારનું પ્રમાણ ને યુક્તિથી મંડન કરી શકાતું નથી, ને દુઃખાનુભવકાલે વા કયારેક તેના ચિત્તમાં પુણ્યસંસ્કારનો ઉદય થયો હોય ત્યારે તેને તેનું અહિતકરપણું પણ સમજાય છે, છતાં માણસ અભ્યાસનો બનેલો હોવાથી સારા સંગવિના ને પૂરતા મનોબલવિના તે દુરાચાર તે ત્યજી શકતો નથી. ઘણા કાલથી સેવેલો દુરાચાર દુરાચારી મનુષ્ય ત્યજી શકતો નથી, તેથી તે શ્રેષ્ઠ છે, વા દુરાચારીનું મન દુરાચારના સેવનથી પ્રસન્ન રહે છે, વા તેની જાતને તેમ કરવાથી કાંઇ લાભ થાય છે, માટે તે શ્રેષ્ઠ છે, એમ તો કહી શકાયજ નહિ. દુરાચારના સેવનથી તે માણસને સર્વદા લાભજ થાય છે, ને તેથી જનસમૂહને કાંઇ હાનિ થતી નથી, એમ જ્યારે સ્પષ્ટ સિદ્ધ કરી બતાવાય ત્યારેજ તે દુરાચાર મનુષ્યોને સંપાદન કરવાયોગ્ય

વા નહિ ત્યજવાયોગ્ય કહેવાય, અન્યથા તે સંપાદન કરવાયોગ્ય વા નહિ ત્યજવાયોગ્ય ન ગણાય, પણ ત્યજવાયોગ્યજ ગણાય.

શુભવિચાર ને શુભક્રિયારૂપ સદાચાર પાળવાના લાભ, ને દુરાચારના સેવનથી થતી હાનિ.

દુરાચારથી માણસની અધોગતિ થાય છે, ને સદાચારથી માણસની ઊર્ધ્વગતિ થાય છે, એ કથનમાં સમજુ માણસોમાં બે મત હોવા સંભવતા નથી, તેથી પોતાને અભ્યુદય[1] ઇચ્છનાર મનુષ્યે તથા પોતાને ક્રમમોક્ષ[2] વા સદ્યોમોક્ષ[3] ઇચ્છનાર મનુષ્યે દુરાચારને ત્યાગ કરી નિરંતર આગ્રહપૂર્વક સદાચારનું સેવન કરવું યોગ્ય છે. સદાચારથી થતા લાભો વિશ્વનું હિત ઇચ્છનાર ભગવાન્ મનુ નીચે પ્રમાણે કહે છે:–

---

૧ ચક્રવર્તિરાજાથી માંડી બ્રહ્માના પદસુધી જે ચઢતી સ્થિતિ થાય તે અભ્યુદય કહેવાય છે.

૨ ક્રમે કરીને એટલે પોતાના ઇષ્ટદેવના લોકમાં ગયા પછી અંતે મોક્ષ મળે તે ક્રમમોક્ષ કહેવાય છે. સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય ને સાયુજ્ય એમ ચાર પ્રકારને ક્રમમોક્ષ છે. પોતાના ઇષ્ટદેવના લોકમાં જઇને રહેવું તે સાલોક્ય, પોતાના ઈષ્ટદેવની સમીપમાં રહેવું તે સામીપ્ય, પોતાના ઇષ્ટદેવના જેવું રૂપ પામવું તે સારૂપ્ય, ને જગતની ઉત્પત્તિ સ્થિતિ ને લય કરવાના ઐશ્વર્યથી ભિન્ન પોતાના ઇષ્ટદેવના જેવું ઐશ્વર્ય પ્રાપ્ત કરવું તે સાયુજ્ય મોક્ષ કહેવાય છે.

૩ જ્ઞાની વા જીવન્મુક્તને વર્તમાનશરીરના પતનપછી જે મોક્ષ થાય તે સદ્યોમોક્ષ કહેવાય છે.

" आचारः परमो धर्मः श्रुत्युक्तः स्मार्त एव च।
तस्मादस्मिन्सदा युक्तो नित्यं स्यादात्मवान्द्विजः ॥१०८॥"

માનવધર્મશાસ્ત્ર, અધ્યાય ૧ લો.

"श्रुतिस्मृत्युदितं सम्यङ् निबद्धं स्वेषु कर्मसु ।
धर्ममूलं निषेवेत सदाचारमतन्द्रितः ॥ १५५ ॥
आचाराल्लभते ह्यायुराचारादीप्सिताः प्रजाः ।
आचाराद्धनमक्षय्यमाचारो हन्त्यलक्षणम् ॥ १५६ ॥"

માનવધર્મશાસ્ત્ર, અધ્યાય ૪ થો.

ભાવાર્થ:-" आचारहीनं न पुनन्ति वेदाः " (આચારવિનાનાને વેદો પવિત્ર કરી શકતા નથી,) એવું શાસ્ત્રવચન છે તેથી, તથા ચિત્તશુદ્ધિદ્વારા આચાર મોક્ષનું સાધન હોવાથી, વેદોમાં તથા સ્મૃતિઓમાં કહેલો આચારજ પરમ ધર્મ છે, માટે પોતાનું હિત ઇચ્છનાર બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્યે આ આચારમાં નિત્ય નિરંતર ઉદ્યોગી રહેવું જોઇએ. ૧૦૮.

દ્વિજોના વર્ણાશ્રમની સાથે સંબંધ રાખનારો સદાચાર વેદોમાં તથા સ્મૃતિઓમાં ઉત્તમ પ્રકારે કહ્યો છે, ને તે સદાચાર ધર્મનું મૂલ છે, તેથી પ્રત્યેક દ્વિજે આળસનો ત્યાગ કરીને નિત્ય તેનું સેવન કરવું જોઇએ. ૧૫૫.

સદાચારથી શરીર નીરોગ રહેવાથી આયુષ્ વધે છે, સદાચારથી રૂપાળી, શરીરબલવાળી ને બુદ્ધિબલવાળી પુત્રપુત્રીરૂપ પ્રજા થાય છે, સદાચારથી વાપરતાં ન ખૂટે એટલું પુષ્કલ ધન મળે છે, ને સદા-

ચારથી અશુભફલ ઉપજાવનારાં શરીરાદિમાં રહેલાં દુષ્ટ ચિહ્નો જતાં રહે છે. ૧૫૬.

દુરાચારથી જે હાનિઓ થાય છે તે પણ તેઓશ્રીએ નીચેના શ્લોકવડે દર્શાવી છે:-

"दुराचारो हि पुरुषो लोके भवति निन्दितः ।
दुःखभागी च सततं व्याधितोऽल्पायुरेव च॥ १५७॥"

માનવધર્મશાસ્ત્ર, અધ્યાય ચોથો.

ભાવાર્થ:—દુરાચારી પુરુષની લોકમાં નિંદા થાય છે, તે સર્વકાલ દુઃખી રહે છે, તથા વ્યાધિયુક્ત રહી સર્વદા સીદાય છે, ને તેનું આયુષ્ પણ ટુંકું થાય છે. ૧૫૭.

દુરાચાર બે પ્રકારના છે, સ્થૂલદુરાચાર ને સૂક્ષ્મદુરાચાર. સ્થૂલદુરાચારને શરીરાદિની દુષ્ટ પ્રવૃત્તિ અને સૂક્ષ્મદુરાચારને દુષ્ટ વિચાર પણ કહી શકાય. પ્રથમ સ્થૂલદુરાચારથી થતી હાનિઓનો ને તેથી વિપરીત સદાચારના સેવનથી થતા લાભોનો વિચાર કરી, પછી સૂક્ષ્મદુરાચારથી થતી હાનિઓનું ને તેથી વિપરીત શુભવિચારના સેવનથી થતા લાભોનું નિરૂપણ થશે.

સૂર્યોદયપહેલાં ઊઠવાની અગત્ય.

પ્રત્યેક દ્વિજે નિત્ય પ્રાતઃકાલમાં ઊઠવું જોઇએ, અર્થાત્ રાત્રે આશરે દશ વાગ્યાસુધીમાં તેણે સુવું જોઇએ, ને સવારે આશરે પાંચ વાગ્યાસુધીમાં તેણે ઊઠવું જોઇએ. મોડું સુઇને મોડું ઊઠવું વા વહેલું સુઇને મોડું એટલે સુર્યોદયપછી ઊઠવું તે ધર્મ, આયુષ્, લક્ષ્મી ને આરોગ્યાદિનો નાશ કરનારું ગણાય છે, માટે પ્રત્યેક દ્વિજે આગ્રહ

રાખીને નિત્ય સૂર્યોદયપહેલાં ઊઠવાનો સ્વભાવ પાડવો જોઇએ. શ્રીરત્નાવલિમાં નીચેના શ્લોકથી કહ્યું છે કે જે દ્વિજ સૂર્યોદયસુધી સૂઇ રહે છે, તે પુણ્યનો ક્ષય કરી પ્રાયશ્ચિત્તનો ભાગી થાય છેઃ—

"ब्राह्मे मुहूर्ते या निद्रा सा पुण्यक्षयकारिणी ।
तां करोति द्विजो मोहात् पादकृच्छ्रेण शुद्ध्यति ॥"

ભાવાર્થઃ—બ્રાહ્મમુહૂર્તમાં એટલે રાતના પાછલા પ્રહરના ત્રીજા મુહૂર્તમાં જે નિદ્રા છે, તે નિદ્રા પુણ્યનો ક્ષય કરનારી છે. જે દ્વિજ અવિવેકથી તે કાલે નિદ્રા કરે છે, તે દ્વિજ પા કૃચ્છ્રથી એટલે એક દિવસ એક ટાણું. એક દિવસ માગ્યા વિના મળેલા અન્નથી એક ટાણું, ને એક દિવસ ઉપવાસ કરવાથી શુદ્ધ થાય છે.

મોડા ઊઠનાર દ્વિજથી પ્રાપ્તવ્યવહારમાં જોડાવાની ઊતાવળથી તે કાલે સ્નાનસંધ્યાદિ કરી શકાતાં નથી, ને કદાચ તે કરવામાં તે પ્રવૃત્તિ કરે તો પ્રાપ્તવ્યવહારમાં જોડાવાની તેના મનની આતુરતાથી તે જોઇએ તેવા સ્વસ્થ મનથી તેનાથી થઇ શકતાં નથી. મોડું ઊઠવાનો સ્વભાવ રાખવાથી વ્યવહારનાં કામો પણ બહુ ઊતાવળે કરવાં પડે છે, ને તેથી તે જોઇએ તેવાં સારાં થતાં નથી, વા તેમાં કોઇ પ્રકારની ભૂલ થાય છે. બહુ સૂઇ રહેનારનું ચિત્ત તમોગુણના વધારાથી જડતાવાળું રહે છે આળસુ અને વ્યસનીને પ્રાતઃકાલની ગુલાબી નિદ્રાનો ત્યાગ કરવો ગમતો નથી, ને તે કાલે સૂઇ રહેવાથી થતી હાનિને તેમના કુસંસ્કારો તેમને સમજવા દેતા નથી. કેટલાક મનુષ્યો વહેલા ઊઠવાના લાભોને સામાન્યરીતે જાણે છે, છતાં પણ પોતાના મનની નબળાઇથી વહેલા ઊઠી શકતા નથી. પ્રસંગવશાત્ રાત્રે ઊજાગરો થયો હોય તોપણ પ્રત્યેક દ્વિજે સૂર્યોદયપહેલાં ઊઠી સ્નાનાદિ નિત્ય-

કર્મથી પરવારી પછી અગત્ય જણાય તો ભોજનોત્તર થોડો કાલ શયન કરવું, પણ પ્રાતઃકાલમાં સૂઇ રહેવું યોગ્ય નથી. નાટક જોવા જવાથી ઘણી વાર લાભને સ્થાને હાનિ થવાનો પ્રબલ સંભવ છે, માટે રાત્રે નાટક જોઇ આવી, દિવસના નવદશ વાગ્યાસુધી સૂઈ રહેવું એ બહુજ અનુચિત છે. સાત કલાકથી વધારે સૂવું એ આરોગ્યવાળા માણસને લાભકર નથી, માટે બારણું જેમ મજાગરાપર ફર્યા કરે છે, તેમ શય્યામાં પોતાનાં પડખાં બદલાવતાં વધારે સમય ઘોર્યા કરવું એ તેવા માણસને હાનિકરજ છે.

શું તમને કોઇને પ્રાતઃકાલની ગુલાબી ઉંઘ મીઠી લાગે છે ? જો તમે કોઇ હા એમ કહેતા હો તો સાંભળોઃ—એ ગુલાબી નિદ્રા કોઇ પણ પ્રકારે તમારું હિત કરનારી નથી, પણ લૌકિકકર્મમાં જેનો બહુ સારો ઉપયોગ કરી શકાય એવા પ્રાતઃકાલના મૂલ્યવાન્ સમયનો તે ભોગ લેનારી હોવાથી તે તમારા આ લોકના હિતનો નાશ કરનારી છે, ને ધર્મકર્મ કરવામાં પણ પ્રાતઃકાલનો સમય બહુ મૂલ્યવાન્ ગણાય છે, તેનો ભોગ લેનારી હોવાથી તે તમારા પરલોકના હિતનો પણ નાશ કરનારી છે. વળી આવી નિદ્રાથી તમને તે કાલે જે થોડું સુખ ઉપજે છે તે સુખ સાત્ત્વિક નથી, પણ તામસ છે, ને તે અવિવેકથી ઉપજેલું છે, માટે વિવેકીને તે સુખ મેળવવાયોગ્ય ગણાતું નથી.

આળસુ ! સાંભળ. તું આઠનવ વાગ્યાસુધી સૂઇ રહી પછી આંખો ચોળતો ઊઠીને તારું કામ સારી રીતે કેમ કરી શકીશ ? ભક્તજનો જાગ્રત્ થઇ, પ્રભાતી ગાઈ, પ્રભુનું સ્મરણ કરવા લાગ્યા, વિદ્યાર્થીઓ ઊઠીને પોતપોતાના પાઠો ગોખવા લાગ્યા, કૂકડાંઓ જાગીને આળસુઓને પ્રાતઃકાલ થયાનું જણાવવા બોલવા લાગ્યાં, ઉદ્યોગી

કાગડાઓ જાગીને હવે સૂર્યનો ઉદય થોડા સમયમાં થશે એમ જાણી હર્ષથી પોતાના કઠોર શબ્દો કાઢી આળસુ મનુષ્યોને જગાડવા લાગ્યા. જગતના જીવનરૂપ સૂર્યનો ઉદય થવાનો સમય સમીપ જાણી અન્ય પક્ષીઓ પણ જાગીને બોલવા લાગ્યાં, કેટલીક બાઇડીઓ ઊઠીને ઘંટીઓ ફેરવવા લાગી, વહેલાં સૂતેલાં નાનાં છોકરાંઓ સૂઇસૂઇને કાયર થવાથી ઊઠીને રોવા લાગ્યાં, ખેડુતો જાગ્રત્ થઇ પોતપોતાનાં ખેતરોભણી જવા નીકળ્યા, પ્રવાસીઓ ઊઠીને પોતપોતાનાં ઇચ્છિત સ્થાનભણી જવા નીકળ્યા, અને છેવટ શ્રીસૂર્યનારાયણે પણ પર્વતોના શિખરોને તથા ઘરોના ઉપરના ભાગોને સુવર્ણજેવા રંગથી સુશોભિત કર્યા, તોપણ ઓ આળસુ ! તું હજી અર્ધમૃત્યુરૂપ નિદ્રાને વશ થઇને પડચોપડચો ઘોર્યા કરે છે, તે જોઈ ઉદ્યોગી સજ્જનોને તારા પર બહુ દયા આવે છે ! ઊઠ, જાગ્રત્ થા, અને હવે પછી સુદૃઢ નિશ્ચય કર કે મારે સૂર્યોદયપહેલાંજ નિત્ય ઊઠવું. તને આરંભમાં તેમ કરવાથી થોડા દિવસ કદાચ પરિશ્રમ પડે તો તેથી તું કંટાળીશ નહિ. પ્રત્યેક સાત્ત્વિક કામ આરંભમાં તે કરવામાં પ્રયત્ન પડતો હોવાથી ઘણા મનુષ્યોને વિષતુલ્ય લાગે છે, પણ પછી શુભ ફલ પ્રાપ્ત થવાથી પરિણામે તે તેમને અમૃતજેવું પ્રતીત થાય છે. થોડા દિવસ સાવધાનતાપૂર્વક પ્રયત્ન કરવાથી તને તારા શરીરમાં તથા તારી બુદ્ધિમાં સુધારો થયેલો જણાશે, અને તારું લૌકિક તથા ધાર્મિક કર્મ પણ તું બહુ સારી રીતે કરી શકે છે એમ તને પ્રતીત થશે.

પ્રાતઃકાલે પરમાત્મસ્મરણાદિ કર્તવ્ય છે.

પ્રત્યેક દ્વિજે પ્રાતઃકાલમાં જાગ્રત્ થઈ પરમાત્માના નામનું અનુકૂલતાપ્રમાણે સ્મરણ કરવું, અર્થાત્ ઇષ્ટમંત્રનો જપ કરવો, વા

ઉપાસ્ય દેવની સ્તુતિ આદિનું એકાદ સ્તોત્ર ભણવું. ઊઠીને વારંવાર બગાસાં ખાધા કરવાં, આળસ મરડ્યા કરવી, જ્યાં ત્યાં ભટક્યા કરવું, મૂઢની પેઠે બેસી રહેવું, કે કામ કે ભયના વિચારથી ચિત્તને વ્યાકુલ કરવું એ યોગ્ય નથી. પ્રાતઃકાલમાં મંત્રજપાદિ થઇ રહ્યા પછી તે દિવસે કરવાયોગ્ય વ્યવહાર તથા પરમાર્થના કામનો યોગ્ય નિર્ણય કરી, ઇષ્ટદેવાદિની પ્રતિમા આદિનું દર્શન વા ધ્યાન કરી, પૃથિવીની ક્ષમા માગી, શય્યાઉપરથી નીચે ઊતરવું. પછી જલપાત્ર લઇ યોગ્ય સ્થલે જઇ, આંખો ધોઇ, ત્રણ કે તેથી વધારે કોગળા કરી આચમન લેવું, પશ્ચાત્ મલમૂત્રનો ત્યાગ કરવા યોગ્ય સ્થલે જવું.

પ્રાતઃકાલમાં ઊઠીને પરમાત્માનું સ્મરણ કરવાથી મનુષ્યનું મન પ્રસન્ન રહે છે, તેના અંતઃકરણમાંના કુસંસ્કારો બલહીન થઇ સુસંસ્કારો બલવાન્ થાય છે, ને પ્રાયશઃ તેનો આખો દિવસ સુખમાં વ્યતીત થાય છે, માટે પ્રાતઃકાલમાં પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કરવામાં કોઇ પણ દ્વિજે પ્રમાદ કરવો ઉચિત નથી. પ્રાતઃકાલમાં ઊઠી આંખો ધોવાથી તે નીરોગ રહે છે, મગજ શાંત થાય છે, અને કોગળા કરવાથી દાંત તથા મુખની શુદ્ધિ થાય છે. કોઇ પણ દ્વિજે પ્રાતઃકાલે ઊઠીને તુરત ચા, કૉફી કે બીડી પીવામાં વા તાંબૂલ કે તમાકુ ખાવામાં પ્રવૃત્તિ કરવી યોગ્ય નથી.

પ્રાતઃકાલે શયનમાંથી ઊઠીને દ્વિજે પરમાત્માનું કીર્તન કરવું જોઇએ એમ શ્રીવિષ્ણુ નીચેના વચનથી કહે છેઃ—

" शयनादुत्थितो यस्तु कीर्तयेन्मधुसूदनम् ।
कीर्तनात्तस्य पापानि नाशमायान्ति शेषतः ॥ १ ॥"

ભાવાર્થઃ—પ્રાતઃકાલમાં નિદ્રાનો ત્યાગ કરીને જાગેલો જે દ્વિજ

૫૪૩૧

મધુ આદિ અસુરોનું હનન કરનાર પરમાત્માનું (શિવ વા વિષ્ણુનું) કીર્તન કરે છે તે કીર્તનથી તેનાં પાપો સંપૂર્ણપણે નાશ પામે છે.

દ્વિજે પ્રાતઃકાલમાં ઊઠીને પવિત્ર જલવડે ત્રણ કોગળા કરવા જોઇએ, તથા આચમન લેવું જોઇએ, એમ નીચેના શ્રીઅંગિરાઋષિના વચનથી સિદ્ધ થાય છેઃ-

" उत्थाय पश्चिमे रात्रे तत आचम्य चोदकम् ।
मुखशुद्ध्यर्थमादौ तु गण्डूषत्रितयं चरेत् ॥ १ ॥ "

ભાવાર્થઃ—દ્વિજ પાછલી રાત્રે ઊઠીને આંખો ધોઇ પ્રથમ મુખશુદ્ધિમાટે શુદ્ધજલવડે ત્રણ કોગળા કરે, અને પછી પવિત્ર ને શીતલ જલનું આચમન કરે.

મલમૂત્રના ત્યાગમાં તથા શૌચક્રિયામાં રાખવી જોઇતી સાવધાનતા.

લીલા ઘાસઉપર, કીડીઓના કે મકોડાના દરઉપર, રાજમાર્ગમાં કે કેડામાં, શેરીમાં, જલમાં, દેવાલયના સંબંધવાળા સ્થલમાં, અગ્નિ-ઉપર, જલાશય એટલે નદી તળાવ વાવ કે કૂવાની સમીપમાં, રાખ-ઉપર, ગાયના છાણ કે મૂત્રઉપર, ગોશાલામાં, પર્વતના ઉંચા શિખર-પર, સ્મશાનમાં, પડી જવાનો ભય રહે એવા સ્થલમાં, ઉદ્યાન એટલે ફૂલવાડીની સમીપમાં, પ્રવાસિજનોને વિશ્રામ લેવાના સ્થલમાં, વૃક્ષના મૂલપાસે, ખેડેલા ખેતરમાં, ઊભાં ઊભાં, ચાલતાં ચાલતાં, અને અગ્નિ વાયુ સૂર્ય સ્ત્રી ગુરુ ને બ્રાહ્મણ એમની સંમુખ દ્વિજે મલમૂત્રનો ત્યાગ કરવો નહિ.

દ્વિજે ગામથી સો કદમ છેટે ને નગરથી ચાર સો કદમ છેટે મલત્યાગ કરવા જવું, ગામ કે નગરની સમીપમાંજ મલત્યાગ કરવા

બેસવું એ લોકોના આરોગ્યને હાનિકર હોવાથી યોગ્ય નથી. પોતાના ઘરના એક ભાગમાં મલત્યાગ કરવાની જગા બંધાવી હોય તો તે જગા બહુ સ્વચ્છ રખાવવી જોઇએ, અને દુર્ગંધનો નાશ કરનારા પદાર્થો ત્યાં વારંવાર છંટાવવા જોઈએ. મલત્યાગ ને મૂત્રત્યાગ કરતી-વેલા વાણીને તથા નેત્રને નિયમમાં રાખવાં, થુંક તથા ઉચ્છવાસને યથાશક્તિ રોકવાં, ને મનને વિષયવિચારરહિત શાંત રાખવું.

મલમૂત્રનો ત્યાગ કરી આવ્યા પછી દ્વિજે શુદ્ધ મૃત્તિકા તથા શુદ્ધ જલથી પોતાના હાથપગાદિને પવિત્ર કરવારૂપ શૌચ કરવું. શૌચની આવશ્યકતા શ્રીદક્ષ નીચેના વચનથી જણાવે છે:—

" शौचे यत्नः सदा कार्यः शौचमूलो द्विजः स्मृतः
शौचाचारविहीनस्य समस्ता निष्फलाः क्रियाः ॥१॥

ભાવાર્થ:—પવિત્રપણારૂપ શૌચમાં દ્વિજે સર્વદા પ્રયત્ન કરવો જોઇએ, કેમકે શૌચરૂપ હેતુથી તેનું દ્વિજ એવું નામ કહેવાયું છે. શૌચ અને આચારરહિત દ્વિજની સર્વ ક્રિયાઓ અદૃષ્ટરૂપ પુણ્ય ઉપ-જાવવામાં નિષ્ફલ થાય છે.

સ્મૃતિકારોએ દ્વિજોમાટે શૌચ બહુ અગત્યનું માન્યું છે, તેથીજ ગુરુએ શિષ્યને ઉપવીત આપ્યા પછી તેને પ્રથમ શૌચ શીખવવું એમ તેઓએ જણાવ્યું છે.

આગળ કહેલી રીતે શૌચ પવિત્ર જલ તથા પવિત્ર મૃત્તિકાથી કરવું જોઇએ. ઉધેઓએ કરેલા રાફડાની, ઉંદરના દરની, જલાશયની અંદરની, બીજાએ શૌચ કરી લીધા પછી વા આગલે દિવસે પોતે શૌચ કરી લીધા પછી બાકી રહેલી, મનુષ્યાદિને ચાલવાના માર્ગમાંની, અપવિત્ર જગાની, ને ઘરની ભીંત આદિમાંથી લીધેલી માટીથી કોઇ પણ દ્વિજે શૌચ ન કરવું.

મલત્યાગ કરી આવ્યા પછી પોતાના હાથમાંથી દુર્ગંધ તથા ચીકાશ જાય ત્યાંસુધી તેને મૃત્તિકા તથા જલથી ધોવા. કેવલ જલથી હાથ ધોવા, વા ચરબીવાળા સાબુથી હાથ ધોવા, એ યોગ્ય નથી. વર્તમાનકાલમાં મૂત્રત્યાગ કરીને આ ગુજરાતપ્રાંતના ઘણા દ્વિજો જલ લેતા નથી, તથા હાથ પણ ધોતા નથી, એ અનાચાર છે, ને તે ત્યજી દેવાયોગ્ય છે. જો તે વેલા જલ લેવાની સગવડ નજ હોય તો મૂત્રત્યાગ કરી રહ્યા પછી પોતાના હાથને જલવતી ધોવા, ને સ્નાનકાલે તે પહેરેલા વસ્ત્રસહિત સ્નાન કરવું.

મલમૂત્રનો ત્યાગ કરતીવેલા જનોઇને કંઠલંબિત કરી પછી તે જમણા કાનપર વીંટાળવાની છે. જનોઇને કંઠલંબિત કર્યા વિના માત્ર કાને ચઢાવવામાં આવે તો તે સર્વ જનોઈ કંઠની ઉપર તે કાલે રહેલી ન હોવાથી અપવિત્ર થાય છે, ને તેવી જનોઇથી પુનઃ વૈદિકકર્મ કરી શકાતું નથી, માટે તે બદલી નાંખવી જોઇએ, પણ ઘણા પ્રમાદી દ્વિજો ધર્મમાં શ્રદ્ધા નહિ હોવાથી, વા નાનપણમાં યોગ્ય ઉપદેશ નહિ મળવાથી, મલમૂત્રનો ત્યાગ કરતીવેલા જનોઇને કંઠલંબિત કરી કાનપર વીંટાળતા નથી, પણ ડાબા ખભાપર તથા જમણી બગલની નીચે જનોઇનો ઘણો ભાગ રહે તેવી રીતે માત્ર જનોઇનો થોડો ભાગ કાને ચઢાવે છે, તે અનાચાર છે. વિધિપૂર્વક તૈયાર કરેલી જનોઇ એ માત્ર સૂત્રના તાંતણા નથી, પણ પ્રત્યક્ષ પ્રતીત થતા તાંતણામાં મંત્રોવડે દેવાદિનું આવાહન કરેલું છે, તેથી તે તંતુઓમાં દેવાદિનો સદ્ભાવ છે, માટે દ્વિજે તે જનોઇને સર્વદા પવિત્ર રાખવી જોઇએ. મનુષ્યના શરીરમાં મસ્તકનો ભાગ પવિત્ર છે, તેથી મલમૂત્રના ત્યાગકાલે જનોઇને મસ્તકપર રાખવાનું, અને

મસ્તકપર જનોઇ રાખવામાટે જમણો કાન અનુકૂલ છે એમ ગણી ધર્મશાસ્ત્રમાં જમણા કાનપર તેને વીંટાળવાનું, વિધાન કરેલું છે.

ધર્માધર્મનું સ્વરૂપ ઇંદ્રિયગમ્ય નથી, પણ શાસ્ત્રગમ્ય છે. જ્યારે કર્તાએ કરેલા ધર્મનો વિપાક થાય છે, ત્યારે તે કર્તાને ધર્મપાલનના ફલરૂપે સુખનો ને જ્યારે કર્તાએ કરેલા અધર્મનો વિપાક થાય છે, ત્યારે તે કર્તાને અધર્મના અનુષ્ઠાનના ફલરૂપે દુ:ખનો અનુભવ અવશ્ય થાય છે. પ્રમાદ, ભ્રાંતિ, વંચનેચ્છા (લોકોને ઠગવાની ઇચ્છા) ને બુદ્ધિની શિથિલતા એ ચાર દોષોથી રહિત પુરુષ આપ્ત કહેવાય છે. એવા આપ્ત પુરુષોએ ધર્મ અને અધર્મના સ્વરૂપનો શાસ્ત્રમાં જે નિર્ણય કર્યો છે તેને શ્રદ્ધાલુ પુરુષોએ સત્ય માનીને અનુસરવું જોઇએ. ધર્મ અને અધર્મરૂપ ગણાતી ક્રિયાઓમાં કેટલોક ભાગ સ્થૂલ ને કેટલોક ભાગ સૂક્ષ્મ હોય છે. ધર્મક્રિયામાં જે સ્થૂલ ભાગ હોય તે પણ વિવેકીને પ્રમાદથી ઉપેક્ષા કરવાયોગ્ય નથી, ને અધર્મરૂપ ક્રિયામાં સ્થૂલ ભાગ હોય તે પ્રમાદથી પણ આદરણીય નથી. માખીને મારવારૂપ ને માણસને મારવારૂપ હિંસામાં સમતા નથી, છતાં જેનું મન માખીને મારતાં કંપે નહિ, તે પ્રસંગ પડે માણસનું પણ હનન કરે, માટેજ " માખ મારે તે માણસ મારે " એવી કહેવત માણસોમાં ચાલે છે. નાની નાની ભૂલો કરતાંજ ક્રમાત્ માણસ મોટી ભૂલો કરતાં શીખે છે, એ સર્વત્ર પ્રસિદ્ધ છે, માટે પોતાનું હિત ઇચ્છનાર દ્વિજે ધર્મક્રિયાના સ્થૂલભાગના પરિપાલનમાં જાણી જોઇને અન્યથા આચરવું ઉચિત નથી. ધર્મક્રિયાના સ્થૂલભાગમાં પણ ધર્મના સૂક્ષ્મભાગસાથે કોઇ પ્રકારનો સામાન્ય મનુષ્યને ન સમજાય એવો ગુપ્ત સંબંધ રહ્યો હોય છે, જે સાધારણ માણસને તુરત સમજવામાં

આવતો નથી, પણ શાસ્ત્રે કહેલું શુભવર્તન કરતા રહેવાથી શ્રદ્ધાની વૃદ્ધિ તથા અંતઃકરણની શુદ્ધિ થવાથી તે સંબંધ તેને સ્પષ્ટ સમજાય છે. મલત્યાગ કરી આવ્યા પછી પૂર્વે કહેલી રીતે પોતાના બંને હાથ ધોઇ પશ્ચાત્ મૃત્તિકા તથા જલથી પોતાના બંને પગ ધોવા, ને પછી મુખશુદ્ધિમાટે પવિત્ર ને શીતલ જલથી થોડા કોગળા કરવા. શૌચથી શરીરનું આરોગ્ય તથા ઇંદ્રિયોનું સામર્થ્ય વધે છે, માટે કોઇ પણ દ્વિજે આળસ વા પ્રમાદથી શૌચનો ત્યાગ કરવો ઉચિત નથી.

શૌચમાં જાણી જોઇને કોઇ દ્વિજે જલનો લોભ કરવો નહિ. શુદ્ધ મૃત્તિકાવિના એકલા જલથી લેપ તથા દુર્ગંધ દૂર ન થાય, માટે કોઇ પણ દ્વિજે મૃત્તિકાવિના એકલા જલથી શૌચ કરવું યોગ્ય નથી.

બાહ્યશૌચનો વા શરીરને પવિત્ર રાખવાનો સ્વભાવ પાડી પછી વિવેકીએ પોતાના અંતઃકરણમાં જે દુર્વાસનાનો ગંધ તથા વિષયાનુરાગરૂપ લેપ હોય તેને વિવેકરૂપ જલ તથા વૈરાગ્યરૂપ મૃત્તિકાવડે દૂર કરવા જોઇએ.

શૌચ કર્યા પછી જો તુરત સ્નાન કરવાનું ન હોય તો કોગળા કર્યા પછી પૂર્વાભિમુખે વા ઉત્તરાભિમુખે બેસી ફીણવિનાના શીતલ ને પવિત્ર જલનું આચમન લેવું.

કેવી રીતે હાથ રાખી આચમન લેવું જોઇએ તે જાણવાની ઇચ્છા થાય તો તે જિજ્ઞાસાની તૃપ્તિ નીચેના શ્રીભરદ્વાજમુનિના વચનથી થશેઃ—

“ संहतांगुलिभिस्तोयं गृहीत्वा दक्षिणेन तु ।
मुक्तांगुष्ठकनिष्ठे तु शेषेणाचमनं चरेत् ॥ १ ॥”

ભાવાર્થઃ—એકત્ર કરેલી આંગળીઓવડે જમણે હાથે જલ લઇ પછી અંગૂઠો ને કનિષ્ઠિકાને પૃથક્ રાખી શેષવડે અંગૂઠાના મૂલથી દ્વિજ આચમન કરે.

આચમન બ્રાહ્મતીર્થથી એટલે જમણા હાથના અંગૂઠાના મૂલ-આગળથી લેવું. આચમનમાટે હથેળીમાં એટલું જલ લેવું જોઇએ કે જે આચમન લેનાર દ્વિજના હૃદયપર્યંત પહોંચી શકે.

કાંસું, લોઢું, સીસું, કલઇ, જસત અને પીતળ એ ધાતુના પાત્રવડે દ્વિજે આચમન લેવું નહિ. આચમન કરતીવેલા પૂર્વદિશા-ભણી કે ઉત્તરદિશાભણી દ્વિજે પોતાનું મુખ રાખવું. તે વેલા માથે તથા કંઠમાં વસ્ત્ર ન રાખવું, જનોઇ ડાબા ખભાપર રાખવી, શિખા બાંધી રાખવી, પગમાં કાંઇ ન પહેરવું, આડુંઅવળું જોવું નહિ, અને હસવું વા બોલવું નહિ.

આચમન જલનું લેવાય છે. સંસ્કૃતમાં ડ ને લનો અભેદ ગણાય છે, તેથી દ્વિજ જિજ્ઞાસુએ જલનું આચમન લઇ પોતાના તનની પવિત્રતા કરવા ઉપરાંત જડનું પણ આચમન કરી જવું જોઇએ, અર્થાત્ પોતાના આત્મસ્વરૂપમાં પ્રતીત થતા સર્વ જડપ્રપંચનો તેણે પોતાના આત્મસ્વરૂપથી અભેદ કરી દેવો જોઇએ.

દંતધાવન.

ઉપર કહેલી રીતે આચમન કર્યા પછી મુખમાંની દુર્ગંધ દૂર કરી તેને શુદ્ધ કરવામાટે તથા દાંતોને સ્વચ્છ ને સુદૃઢ કરવામાટે દ્વિજે યોગ્ય સ્થલે બેસીને દાતણ કરવું. દાતણ મોંમાં રાખી હરતા-ફરતા ચાવ્યા કરવું, તથા જ્યાંત્યાં થુંકયા કરવું તે યોગ્ય નથી. દાતણ જુવાન માણસની ટચલી આંગળીના અગ્રજેવું જાડું, છાલસહિત, ગાંઠ તથા છિદ્રવિનાનું, પાંસરું ને આશરે બાર વા દશ આંગળ લાંબું જોઇએ, તે સૂકું, સડેલું, જીવડાવાળું કે વાંકું ન જોઇએ.

આકડો, લિંબડો, મહુડો, વડ, કરંજ, પીપર, બોરડી, બાવળ

ઝીપટો, આવળ, આંબલી, બીલી, ઊમરો, આંબો, કદંબ, ચંપક, સડસડીઓ, અઘેડો, દાડિમ, પીલુડી, આસુંદ્રો, ઇંદ્રજવ, રાયણ, નારંગી, આમળી, બપોરીઓ ને હારસિંગારનાં દાતણ ઉપયોગમાં લેવાયોગ્ય છે; અને તાડ, ચણોઠી, કેતકી, કુશ, કાશ, પીપળો, ખાખરો, ગુંદી, બહેડો, ગોરડીઓ, કચનાર, સરગવો, અરીઠો, સીસમ ને નાળીએરી-નાં દાતણ ઉપયોગમાં લેવાયોગ્ય નથી.

દાતણ પવિત્રસ્થલે પૂર્વાભિમુખે બેસીને શાંત મને કરવું. દાતણના કૂચાથી દાંતોને તથા દાઢોને બહારથી તથા અંતરથી સારી રીતે ઘસવાં. અનુકૂલતા હોય તો ચાક, કપૂર ને મીઠું મિશ્ર કરીને તેની સૂક્ષ્મ ભૂકી, વા બદામનાં છોડીઆંના કોયલાની સૂક્ષ્મ ભૂકી, વા બીજું કોઇ દંતમંજન દાતણના કૂચાવડે દાંત ઘસતી વેલા વાપરવું. દાંતો તથા દાઢોને સારી રીતે ઘસી લીધા પછી દાતણની ચીરો કરી તેમાંની એક સારી ચીરને બેવડી કરી તેવડે જીભઉપરની ઉલ ધીરે ધીરે ઊતારવી. પછી મુખશુદ્ધિમાટે આશરે બાર કોગળા કરવા. કોગળા કરતી વેલા જમણા હાથની મધ્યમા આંગળીવડે દાંતો તથા દાઢોને બહારના ભાગમાંથી તથા જમણા હાથના અંગૂઠાવડે અંતરના ભાગમાંથી સારી રીતે ઘસવાં, કે જેથી દાતણના કૂચાનો વા દંત-મંજનનો કાંઇ ભાગ ત્યાં ચોંટયો હોય તો તે દૂર થઈ જાય.

દાતણ કરવામાં અયોગ્ય ઊતાવળ કરવી નહિ. તદન સૂકું કે કેવલ નાનું દાતણ વાપરવું નહિ, દાંતો તથા દાઢોને દાતણના કૂચાથી ઘસવામાં આળસ રાખવું નહિ, અને ઉલ ઊતારવામાં પણ પ્રમાદ ન કરવો.

સ્નાનના લાભ, અને તેના પ્રકારો આદિ વિષે.

દાતણ કર્યા પછી દ્વિજે સ્નાન કરવું જોઇએ. સ્નાન કર્યા વિના

દેવસંબંધી કર્મ તથા પિતૃસંબંધી કર્મ કરી શકાતાં નથી, અને દાન તથા વિધિપૂર્વક જપ પણ કરી શકાતાં નથી.

શ્રીયાજ્ઞવલ્કયમુનિ સ્નાન કરવામાં દશ ગુણો રહ્યા છે એમ નીચેના વચનથી કહે છેઃ—

" गुणा दश स्नानपरस्य साधो रूपं च तेजश्च बलं च शौचम् ।
आयुष्यमारोग्यमलोलुपत्वं दुःस्वप्ननाशश्च यशश्च मेधा ॥१॥"

ભાવાર્થઃ—હે સાધો ! રૂપ, તેજ, બલ, પવિત્રતા, આયુષ્ય, આરોગ્ય, લાલચુપણાનો અભાવ, નઠારાં સ્વપ્નોનો નાશ, યશ અને ગ્રંથના અર્થને ધારણ કરવાનું સામર્થ્ય એ દશ ગુણો નિત્ય યથાર્થ સ્નાન કરનારને પ્રાપ્ત થાય છે.

સવારે કરવાનું સ્નાન બનતાસુધી સૂર્યોદયપહેલાં કરવું શ્રેષ્ઠ ગણાય છે. તલાવ, કુંડ ને વાવમાં પૂર્વભણી મુખ રાખીને સ્નાન કરવું, અને નદીમાં પૂર્વભણી કિંવા પ્રવાહભણી મુખ રાખીને સ્નાન કરવું. જલાશયમાં જલ ઉંડું હોય તો ઊભાં ઊભાં સ્નાન કરવું, ને જલ છીછરું હોય તો બેસીને સ્નાન કરવું.

ઘેર સ્નાન કરવું હોય તો તે પણ ઉત્તરભણી કે પૂર્વભણી મુખ રાખી પાટલાપર કે પથ્થરપર બેસીને કરવું. સ્નાન કરતી વેલા મર્યાદા સચવાય એવું વસ્ત્ર પહેરવું જોઇએ. પોતાના શરીરપરનો મેલ નીકળી જાય એમ પોતાના શરીરને સારી રીતે ચોળીને સ્નાન કરવું. માત્ર પોતાના શરીરપર પાણી ચોપડી દેવું, વા પોતાના શરીરપર જલ ઢોળી જવું એ યથાર્થ સ્નાન નથી.

સ્નાન કરી રહ્યા પછી પવિત્ર ને ઘટ્ટ સૂકા વસ્ત્રથી પોતાના શરીરને ઘસીને લુવું. સ્નાનવેલા પહેરેલા પંચીઆથી કે ધોતીઆથી વા મલિન વસ્ત્રથી શરીરને ન લુવું.

શરીર લુઇ રહ્યા પછી સૂકાયેલું પવિત્ર વસ્ત્ર પહેરી સ્નાન-સમયે પહેરેલું વસ્ત્ર ઉપરથી ઊતારવું. સ્નાનકાલે પહેરેલું વસ્ત્ર સંધ્યા-વંદનાદિ કર્મ કરતી વેલા ખભાઉપર રાખવું નહિ.

શરીર સ્વસ્થ ન હોય તે કાલે મુખ્યસ્નાનને ઠેકાણે ગૌણ-સ્નાન કરવું. મંત્રસ્નાન, ગાયત્રીસ્નાન, આગ્નેયસ્નાન, કાપિલસ્નાન ને માનસસ્નાન ઇત્યાદિ ગૌણ સ્નાન કહેવાય છે. **ॐ आपो हि ष्ठा०** એ મંત્રવડે જલથી અંગોનું પ્રોક્ષણ કરવું તે મંત્રસ્નાન, દશ ગાયત્રી-મંત્રથી જલ મંત્રી તે જલથી અંગોનું પ્રોક્ષણ કરવું તે ગાયત્રીસ્નાન, નાભિની ઉપરના શરીરના મુખ્ય ભાગોને થોડી થોડી વિભૂતિ લગા-ડવી તે આગ્નેયસ્નાન, વસ્ત્ર પલાળી તેવડે શરીર લુછવું તે કાપિલ-સ્નાન, અને આત્મચિંતન કરવું તે માનસસ્નાન ગણાય છે.

જેનું શરીર નીરોગ હોય તેણે આળસ વા પ્રમાદથી ગૌણસ્નાન કરી સંધ્યાદિ વૈદિકકર્મોમાં પ્રવૃત્તિ કરવી નહિ, પણ વિધિવત્ સ્નાન કરી પછીજ તે કર્મોમાં પ્રવૃત્તિ કરવી.

સ્નાન કરી રહ્યા પછી ધોયેલું પવિત્ર ધોતીઉં પહેરી, એક ઉપ-વસ્ત્ર ઓઢી, અંગુછો પાસે રાખી, સંધ્યાદિ નિત્યકર્મમાં પ્રવૃત્ત થવું. સંધ્યાવંદનાદિ વૈદિકકર્મ કરતી વેલા તથા બીજે સમયે પણ પ્રત્યેક દ્વિજે અવશ્ય પોતાની પાસે એક અંગુછો રાખવો. અંગુછો પાસે ન રાખવાથી મોઢાને વા નાકને લુછવાની અગત્ય પડે ત્યારે ધોતી-આથી કે ઉપવસ્ત્રથી તે લુઇ તે વસ્ત્રોને અપવિત્ર કરવાં પડે છે, માટે સર્વ દ્વિજે પોતાની પાસે અવશ્ય એક અંગુછો રાખવો જોઇએ, ને તેને નિત્ય ધોઇ નાંખવો જોઇએ.

જલથી બહાર ભીનાં વસ્ત્ર પહેરીને જપાદિ કરવાં નહિ, ને જલમાં જપાદિ કરવાં હોય તો તે સૂકાં વસ્ત્ર પહેરીને કરવાં નહિ.

પ્રત્યેક વૈદિકકર્મ જો તે કર્મનું રહસ્ય સમજીને કરવામાં આવે તો તે વિશેષ ફલદાતા થાય છે, માટે વિવેકી પુરુષે પ્રત્યેક વૈદિકકર્મ તેનું રહસ્ય સમજીને કરવું જોઇએ.

સંધ્યાવંદન એટલે શું ? ને તેના અધિકારભેદે પ્રકાર.

સ્નાન કરી રહ્યા પછી દ્વિજે સંધ્યા એટલે સમ્યક્ પ્રકારે બ્રહ્મનું ધ્યાન કરવું જોઇએ. અધિકારભેદે તે બ્રહ્મનું ત્રણ પ્રકારે ધ્યાન થાય છે, તે આ રીતેઃ—[1]સૂર્યમંડલના અધિષ્ઠાતા આદિત્યને બ્રહ્મરૂપ ધારી તેમનું, [2]સૂર્યમંડલમાં નિયામકરૂપે રહેલા અંતર્યામી વા સગુણબ્રહ્મને બ્રહ્મરૂપ સમજી તેમનું, અને [3]સૂર્યમંડલે રોકેલું ચેતન જે નિર્ગુણબ્રહ્મ છે તેમનું.

કનિષ્ઠ અધિકારીએ સ્થાવરજંગમ જીવોને પ્રાણપ્રવાહ પૂરો પાડી તેમના જીવનનો નિર્વાહ કરનાર આદિત્યમંડલના અભિમાનીનું ધ્યાન સંધ્યાકાલે કરવાનું છે; ને સંધ્યામાંના મંત્રોના અર્થો પણ જે દેવને ઉદ્દેશીને તે મંત્રો હોય તે દેવને લાગુ થાય એવી રીતે કરવા. મંત્રોના અર્થો જાણ્યા વિના તથા મંત્રોના અશુદ્ધ ઉચ્ચારયુક્ત કરેલી સંધ્યા જોઇએ તેવી ફલદાતા થતી નથી, માટે કનિષ્ઠ અધિકારીએ પણ સંધ્યાના મંત્રોના શુદ્ધ ઉચ્ચાર શીખી લઇ શુદ્ધ ઉચ્ચારપૂર્વક સંધ્યા કરવી જોઇએ, તેમજ મંત્રોના અર્થો પણ અવશ્ય જાણી લેવા જોઇએ.

વર્તમાનકાલમાં કનિષ્ઠ અધિકારીએ કરવી જોઇએ તેવી સંધ્યા પણ બ્રાહ્મણોનો મોટો ભાગ કરી જાણતો નથી. સંધ્યાના સર્વ મંત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા તો બાજુએ રહ્યા, પણ કેટલાક બ્રાહ્મણોને ગાયત્રીમંત્ર પણ આવડતો નથી, ને કેટલાકને તે મંત્ર કાંઇક અંશે

આવડતો હોય છે તો તેઓ તે મંત્ર અત્યંત અશુદ્ધ ઉચ્ચારથી બોલે છે, એટલે તે નહિ આવડ્યાસમાન છે. બ્રાહ્મણોનો જે થોડો ભાગ સંધ્યાવંદન કરનારો છે તેમાં પણ ગાયત્રીમંત્રનો અર્થ જાણનારા ઘણા થોડા હોય છે, તો સંધ્યાના સર્વ મંત્રોના અર્થ જાણનારા તો તેથી પણ બહુજ અલ્પ હોય તેમાં શું કહેવું ? કેટલાક બ્રહ્મબંધુઓ (કથનમાત્ર બ્રાહ્મણો) એવા પણ હોય છે કે જેમને ગાયત્રી એ શબ્દ પણ શુદ્ધ બોલતાં આવડતો નથી, તેથી તેઓ ગાયત્રીને સ્થાને ગાવત્રી કહે છે.

પ્રતીત થતું આ જગત્ દેવોને અધીન છે, દેવો મંત્રોને અધીન છે, ને મંત્રો બ્રાહ્મણોને અધીન છે, એમ આપણાં કેટલાંક શાસ્ત્રો કહે છે, પણ વર્તમાનકાલમાં બ્રાહ્મણોના મોટા ભાગે મંત્રોનું સ્વામીપણું ગુમાવ્યું છે, એટલે હવે બ્રાહ્મણોનો મોટો ભાગ, જગતના સ્વામી દેવો, ને દેવોના સ્વામી મંત્રો, અને મંત્રોના સ્વામી બ્રાહ્મણો હતા તે મટી, શૂદ્રવત્ થઇ ગયો છે, અર્થાત્ હવે બ્રાહ્મણોનો મોટો ભાગ જગતના સ્વામીના સ્વામીનો ધણી મટી જગતનો દાસ થયો છે. આવી બ્રાહ્મણોના મોટા ભાગની સ્વધર્મથી વિમુખતા થઇ ત્યારથીજ તેઓની પડતીનો આરંભ થયો છે, ને હવે જ્યારે તેઓ પુનઃ સ્વધર્મમાં અનુરાગવાળા થશે, ત્યારે તેમની ચઢતીનો આરંભ થશે.

મધ્યમાધિકારીએ ગાયત્રી આદિ જે સંધ્યાના મંત્રો છે તેમનો તે તે મંત્રોમાં જણાવેલા દેવોમાં રહેલા અંતર્યામીને લાગુ પડે એવો અર્થ કરી સર્વ સંધ્યા વિધિપૂર્વક કરવી.

ઉત્તમાધિકારીએ સૂર્યમંડલના અધિષ્ઠાનરૂપ બ્રહ્મને લાગુ થાય એવો સર્વ મંત્રોનો અર્થ કરવો જોઇએ.

કનિષ્ઠ તથા મધ્યમાધિકારીમાટે સંધ્યાના મંત્રોના અર્થના સૂચનપૂર્વક ઉત્તમાધિકારીમાટે સંધ્યાના મંત્રોના અર્થાદિનું નિરૂપણ.

કનિષ્ઠાધિકારીમાટે સંધ્યાના મંત્રોના અર્થ પ્રત્યેક વેદના આહ્નિકપ્રકાશમાં આપ્યા છે, માટે જેમને તે જાણવાની ઇચ્છા થાય તેમણે તે ત્યાં જોવા. મધ્યમાધિકારીએ તે મંત્રોના અર્થોઉપરથી પોતાના અધિકારપ્રમાણે કરવાના અર્થો પોતાની મેળે કરી લેવા, વા તે અર્થો જાણનાર પુરુષપાસેથી તે સમજી લેવા. હવે ઉત્તમાધિકારીએ સંધ્યાના મંત્રોના અર્થો કેવી રીતે જાણવા જોઇએ ઇત્યાદિનું નિરૂપણ નીચે કરવામાં આવે છે. અહિં શુકલયજુર્વેદની સંધ્યાના ક્રમે મંત્રાદિનું નિરૂપણ થશે. અન્યવેદવાળાએ જ્યાં મંત્રભેદ હોય ત્યાં એ શૈલીથી તેનો અર્થ પોતાથી વા અન્ય યોગ્ય પુરુષદ્વારા જાણી લેવો.

સંધ્યાનો આરંભ કરતાપહેલાં દ્વિજે ભસ્મ ધારણ કરવું જોઇએ. સ્થૂલ સૂક્ષ્મ પ્રપંચનો બાધ (તેના મિથ્યાપણાનો દૃઢ નિશ્ચય) થતાં તેના અવશેષરૂપ જે બ્રહ્મ રહે છે તે ભસ્મ છે એમ સમજવું. **ૐ अग्नि०*** એ મંત્રમાં પણ અગ્નિ આદિ સર્વને ભસ્મ એટલે બ્રહ્મરૂપ ધાર્યા છે. ભસ્મમાં જલ મિશ્ર કરતી વેલા પણ

---

* **ॐ अग्निरिति भस्म वायुरिति भस्म जलमिति भस्म स्थलमिति भस्म व्योमेति भस्म सर्वं ह वा इदं भस्म मन एतानि चक्षूंषि भस्मानि ॥**

અર્થ:—આ પ્રસિદ્ધ અગ્નિ તેના નામરૂપનો બાધ કરતાં એટલે તે રૂપે તેને મિથ્યા જાણતાં બ્રહ્મ છે, આ પ્રસિદ્ધ વાયુ તેના નામ-

સર્વને બ્રહ્મરૂપ ધારવાનું ॐ आपो† ઇત્યાદિ મંત્ર સૂચવે છે. તે ભસ્મને મસળતી વેલા જે ॐ त्र्यंबकं य०* એ મંત્ર ભણાય છે તેમાં શ્રીમહેશ્વરનું વાસ્તવિક સ્વરૂપ જે બ્રહ્મ છે તેના અનુસંધાનદ્વારા બંધની નિવૃત્તિ ને મોક્ષની યાચના કરવામાં આવે છે. પછી તે બ્રહ્મરૂપ

રૂપનો બાધ કરતાં બ્રહ્મ છે, આ પ્રસિદ્ધ જલ તેના નામરૂપનો બાધ કરતાં બ્રહ્મ છે, આ પ્રસિદ્ધ પૃથિવી તેના નામરૂપનો બાધ કરતાં બ્રહ્મ છે, આ સાકાર દ્રવ્યને અવકાશ આપનારું પ્રસિદ્ધ આકાશ તેના સ્વરૂપનો બાધ કરતાં બ્રહ્મ છે, આ સર્વ અન્ય બાહ્ય પ્રપંચ પ્રતીત થાય છે તે સર્વ તેના નામરૂપનો બાધ કરતાં બ્રહ્મ છે, અને મન તથા આ ચક્ષુરાદિ ઇંદ્રિયો પણ તેમના નામરૂપનો બાધ કરતાં બ્રહ્મજ છે.

† ॐ आपोज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

અર્થ:—જલ, અગ્નિ, રસરૂપ પૃથિવી, ને અમૃતરૂપ વાયુના અધિષ્ઠાનરૂપ બ્રહ્મ છે. ભૂર્લોક, ભુવર્લોક ને સ્વર્લોકના અધિષ્ઠાનરૂપ પણ બ્રહ્મજ છે.

* ॐ त्र्यंबकं यजामहे सुगंधिं पुष्टिवर्धनम् । उर्वारुकमिव बंधनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ॥

અર્થ:-સૂર્ય ચંદ્ર ને અગ્નિરૂપ ત્રણ નેત્રવાળા, સુગંધવાળા અને અન્નાદિદ્વારા પુષ્ટિની વૃદ્ધિ કરનારા શ્રીમહેશ્વરના લક્ષ્યાર્થરૂપ બ્રહ્મનું અમે-સાધકો—અભેદભાવે યજન કરીએ છીએ. તે અમને કાકડીની વા શકરટેટીની પેઠે (પાકેલી કાકડી વા શકરટેટી જેમ તેના ડીંટથી અનાયાસે મોકળી થઇ જાય છે તેમ) અજ્ઞાન ને તેના કાર્ય શોકમોહરૂપ મૃત્યુથી મોકળા કરે, પણ અમૃતભાવરૂપ મોક્ષથી મોકળા ન કરે, અર્થાત્ તેમાં અભેદભાવે સ્થાપન કરે.

ભસ્મનો પોતાના આત્મસ્વરૂપથી અભેદ ધારવા શરીરના મુખ્ય મુખ્ય ભાગોપર તે ધારણ કરવામાં આવે છે.

ભસ્મ ધારણ કર્યા પછી આચમન લઇ શિખાનું બંધન કરવામાં આવે છે. આચમનમાં કલ્પિત જડનો પોતાના આત્મસ્વરૂપમાં વા સાક્ષિચેતનમાં અભેદ કરવો એવો ઉપદેશ છે. એ અર્થ પૂર્વે કહેવાઇ ગયો છે. જેમ શરીરમાં શિખા ઊર્ધ્વભાગમાં રહેલી હોવાથી તે શ્રેષ્ઠ છે તેમ સૂક્ષ્મશરીરમાં મન વા અંતઃકરણ શ્રેષ્ઠ છે. સ્થૂલશરીરમાં શિખાનું બંધન કરવાથી એમ સૂચવાય છે કે હવે હું મારું મન બ્રહ્મમાં બાંધી—તેનું ભ્રમણ દૂર કરી—બ્રહ્મના ધ્યાનમાં જોડાઉં છું.

શિખાબંધન ગાયત્રીમંત્રથી કરવું જોઇએ. ગાયત્રીમંત્રમાં જીવબ્રહ્મના અભેદનો ઉપદેશ છે, જે વાત સુબોધકલ્પલતામાં ગાયત્રીમંત્રપરના શ્રીશાંકરભાષ્યનો અનુવાદ આપી જણાવવામાં આવી છે. કેટલાક ऊर्ध्वकेशी० એ મંત્રથી શિખાબંધન કરે છે તે અયોગ્ય છે. તે મંત્ર વામતંત્રાનુસારી ભાવનાવાળો હોવાથી સમજુ બ્રાહ્મણે કદીપણ તે મંત્રથી શિખાબંધન કરવું યોગ્ય નથી.

પુનઃ સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ આ ત્રણ શરીર જે ભૂઃ, ભુવઃ ને સ્વઃના નામથી પણ કહેવાય છે, તેમને પવિત્ર કરી તેમનો બ્રહ્મથી અભેદ નિશ્ચય કરવામાટે ॐ भूः पुनातु[1] ઇત્યાદિ ત્રણ મંત્રોથી ત્રણ આચમન લેવામાં આવે છે. સારા કામમાં ઘણાં વિઘ્નો હોય

---

[1] ॐ भूः पुनातु, ॐ भुवः पुनातु, ॐ स्वः पुनातु ॥

અર્થ:—પૃથ્વીરૂપ સ્થૂલશરીર બ્રહ્મભાવ પામવારૂપ પવિત્ર થાઓ, અંતરિક્ષરૂપ સૂક્ષ્મશરીર બ્રહ્મભાવ પામવારૂપ પવિત્ર થાઓ, અને સ્વર્ગરૂપ કારણશરીર બ્રહ્મભાવ પામવારૂપ પવિત્ર થાઓ.

છે, વા આધનનું પુષ્કલપણું સાધ્યને વેલાસર સિદ્ધ કરે છે, એ હેતુથી પુંડરીકાક્ષના (વિષ્ણુના) અધિષ્ઠાનરૂપ બ્રહ્મનું બાહ્યાભ્યંતરની શુદ્ધિ થવામાટે **अपवित्र**[1] ઇત્યાદિ મંત્રથી સ્મરણ કરી જલવડે પોતાના શરીરપર માર્જન કરવામાં આવે છે.

પછી આસનને પવિત્ર કરી તેમાં બ્રહ્મભાવના કરવા પૃથ્વીના અધિષ્ઠાનરૂપ બ્રહ્મના સ્મરણપૂર્વક આસનપર પવિત્ર જલથી **पृथ्वी त्व०**[2] એ મંત્રથી માર્જન કરવામાં આવે છે.

પછી બે આચમન કરી, શરીર સ્થિર રાખી, મન તથા ઇંદ્રિયોને વ્યાકુલતાથી રહિત કરી, તેમને વિશેષ શાંત કરવા ત્રણ પ્રાણાયામ કરવામાં આવે છે. મુખ્યપ્રાણ જે શરીરમાં પ્રાણ, અપાન, વ્યાન, સમાન ને ઉદાન એ પાંચ વૃત્તિવડે રહી શરીરનું જીવન ચલાવે

---

१ **अपवित्रः पवित्रो वा, सर्वावस्थां गतोऽपि वा ।**
यः स्मरेत्पुंडरीकाक्षं, स बाह्याभ्यंतरः शुचिः ॥ १ ॥

અર્થ:—જે પુરુષ અપવિત્ર હોય વા પવિત્ર હોય, અથવા કોઇ પણ સારી કે નઠારી અવસ્થાને પામેલો હોય, તોપણ જો તે વિષ્ણુના વાસ્તવિક સ્વરૂપ બ્રહ્મનું અભેદભાવે ચિંતન કરે છે તો તે બહાર ને અંતર પવિત્ર થાય છે.

२ **पृथ्वि त्वया धृता लोका, देवि त्वं विष्णुना धृता ।**
त्वं च धारय मां देवि, पवित्रं कुरु चासनम् ॥ १ ॥

અર્થ:—હે પૃથ્વિ ! તમે આ સ્થાવરજંગમ ભૂતોને ધારણ કર્યાં છે. હે દેવિ ! તમને શ્રીસૂર્યે ધારણ કરેલ છે. હે પ્રકાશમાન પૃથ્વિરૂપઅધિષ્ઠિતચેતન ! તું મને અભેદભાવે ધારણ કર, અને આ આસનને પણ અભેદભાવે ધારી તેને અત્યંત નિર્દોષ કર.

છે તેનો, તથા ગૌણ પ્રાણ જે મન, પાંચ કર્મેંદ્રિયો, ને પાંચ જ્ઞાનેન્દ્રિયો તેમનો બાહ્ય વેગ રોકી તેમને હૃદયાકાશમાં વિશેષ અભિવ્યક્ત થતા આત્માભણી પાછાં વાળવાં તે પ્રાણાયામ એટલે પ્રાણોનો સારી રીતે નિરોધ કહેવામાં આવે છે.

પ્રાણાયામના મંત્રવડે જીવબ્રહ્મના અભેદનો બોધ સૂચવાય છે.[1] પ્રાણાયામ જો વિધિપૂર્વક કરવામાં આવે તો પ્રાણાયામ કરનાર મનુષ્યના શરીર, ઇંદ્રિયો ને મનના રોગો ક્રમથી નિવૃત્ત થાય છે, ને તેને પૂર્ણ આરોગ્યની પ્રાપ્તિ થાય છે, અને જો તેનો અભ્યાસ અવિધિપૂર્વક થાય છે, તો તે સર્વ રોગોનો ઉપજાવનાર થાય છે. જેમ અરણ્યમાં સ્વતંત્ર વિચરનારા સિંહ, વ્યાઘ્ર ને હાથી આદિને મનુષ્યથી બથ ભરીને વશ કરી શકાતા નથી, પણ તેમને યુક્તિપૂર્વક શનૈઃ શનૈઃ વશ કરાય છે, તેમ શરીરમાંના પ્રાણવાયુને પણ યુક્તિપૂર્વક શનૈઃ શનૈઃ વશ કરાય છે.

---

૧ ॐ भूः ॐ भुवः ॐ स्वः ॐ महः ॐ जनः ॐ तपः ॐ सत्यं । ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि धियो यो नः प्रचोदयात् । ॐ आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः स्वरोम् ॥

ભાવાર્થ:—સદ્રૂપ, ચિદ્રૂપ, સુખરૂપ, નિરતિશય, સર્વનું વિવર્તોપાદાનકારણ, સ્વયંપ્રકાશ, સર્વ બાધથી રહિત, ને બુદ્ધિ આદિ સર્વ દૃશ્યના સાક્ષિરૂપ લક્ષણવાળું જે અમારું સ્વરૂપ છે, તે સર્વના અધિષ્ઠાનરૂપ, પરમાનંદરૂપ, સમગ્ર અનર્થના અભાવરૂપ, ને સ્વપ્રકાશ ચૈતન્યરૂપ બ્રહ્મ છે એમ અમે ધ્યાન કરીએ છીએ સર્વવ્યાપક, સર્વપ્રકાશક, સર્વોત્કૃષ્ટ, નિત્યમુક્ત, આત્મરૂપ, સચ્ચિદાનંદાત્મક ને ૐકારવડે લક્ષ્ય જે બ્રહ્મ છે તે હું છું.

વર્તમાનમાં દ્વિજોનો મોટો ભાગ વિધિવત્ પ્રાણાયામ કરી જાણતો નથી. કેટલાક દ્વિજો પોતાનું નાક પકડીને માત્ર નવ વાર પ્રાણાયામનો મંત્ર ભણી જાય છે, કેટલાક દ્વિજો પોતાનું નાક પકડીને પરસ્પર વાતો કરતા જાય છે, ને તેને પ્રાણાયામનું નામ આપવામાં આવે છે, અને કેટલાક દ્વિજો પૂરક, કુંભક ને રેચકનું વાસ્તવિક સ્વરૂપ સમજ્યા વિના ઇચ્છાપૂર્વક ગમે તેમ પ્રાણાયામ કરે છે. કેટલાક બ્રાહ્મણો ત્રણ મંત્રથી પૂરક, ત્રણ મંત્રથી કુંભક, ને ત્રણ મંત્રથી રેચક કરવાનું સમજે છે. તેમની તે સમજ પણ સદોષ છે, કેમકે ભગવાન્ વસિષ્ઠ પ્રાણાયામનું સ્વરૂપ નીચે પ્રમાણે કહે છે:—

" सव्याहृतिं सप्रणवां, गायत्रीं शिरसा सह ।
त्रिः पठेदायतप्राणः, प्राणायामः स उच्यते ॥ १ ॥"

ભાવાર્થઃ— સાત પ્રણવસહિત સાત વ્યાહૃતિ, અને પ્રણવયુક્ત ગાયત્રીના શિરસહિત સપ્રણવ ગાયત્રી ત્રણ વાર જપી પ્રાણને રોકવો તે પ્રાણાયામ કહેવાય છે.

ભગવાન્ વસિષ્ઠે ઉપરના શ્લોકમાં પ્રાણાયામના ત્રણ મંત્રો મનમાં ભણતાંસુધી પ્રાણને રોકવો તેને પ્રાણાયામ એટલે કુંભક કહેલો છે. એવા ત્રણ પ્રાણાયામમાં નવ મંત્રો જપવાના છે. કુંભક કહ્યો તે પૂરક તથા રેચકસહિતજ હોય, માટે ત્યાં પૂરકરેચક અર્થથી સમજવા, ને તે બંને (પૂરક તથા રેચક) ત્રણ ત્રણ મંત્ર ભણતાંસુધી થઇ શકે નહિ, માટે જેઓ ત્રણ મંત્ર ભણતાંસુધી પૂરક તથા રેચક કરવાનું કહે છે તેઓનું તે કહેવું શાસ્ત્ર તથા અનુભવથી વિરુદ્ધ હોવાથી આદર કરવાયોગ્ય નથી. સંધ્યામાં પ્રાણાયામ, ગાયત્રીજપ ને અર્ધ્યપ્રદાન એ બહુ અગત્યનાં અંગો છે, છતાં ઘણા પ્રમાદી

દ્વિજો વાસ્તવિકરીતે પ્રાણાયામ કરવા સાવધાનતા સેવતા નથી, એ ઘણુંજ અનુચિત કરે છે. પ્રાણાયામના લાભ ભગવાન્ મનુ મનુસ્મૃતિના છઠ્ઠા અધ્યાયના નીચેના શ્લોકામાં નીચે પ્રમાણે દર્શાવે છેઃ—

" प्राणायामा ब्राह्मणस्य त्रयोऽपि विधिवत्कृताः ।
व्याहृतिप्रणवैर्युक्ता विज्ञेयं परमं तपः ॥ ७० ॥
दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः ।
तथेंद्रियाणां दह्यन्ते दोषाः प्राणस्य निग्रहात् ॥ ७१ ॥"

ભાવાર્થ:— સાત વ્યાહૃતિ, દશ પ્રણવ, ગાયત્રી ને ગાયત્રીનું શિર એ મંત્રવડે તથા પૂરક, કુંભક ને રેચક એ વિધિવડે કરેલા ત્રણ પ્રાણાયામો પણ બ્રાહ્મણોનું શ્રેષ્ઠ તપ જાણવું. જેમ સુવર્ણ આદિ ધાતુઓને માટીની કુલડીમાં નાંખી અગ્નિવડે તેમને તપાવી તેમનો રસ કરવાથી તેઓમાં જે મલરૂપ દ્રવ્યો રહ્યાં હોય છે તે બળી જાય છે, તેમ પ્રાણાયામવડે પ્રાણનો નિરોધ કરવાથી મનના રાગદ્વેષાદિ તથા નેત્રાદિ ઇંદ્રિયોના વિષયોભણી દોડવું આદિ દોષો નાશ પામી જાય છે.

મન ને ઇંદ્રિયોના નિષિદ્ધ વેગો પ્રાણાયામના અભ્યાસથી રોકાય છે, તેથી શરીર નીરોગ રહે છે, ને જઠરાગ્નિની દીપ્તિ થાય છે, તથા મનના રાજસતામસ સ્વભાવો દૂર થઇ તેની ધારણા કરવા-યોગ્ય સ્થિતિ થાય છે.

બહારના વાયુને બેમાંના કોઇ પણ એક નાસાપુટદ્વારા હૃદય-ભણી ખેંચવો તે પૂરક, પૂરેલા વાયુને હૃદયમાં યથાશક્તિ વા અમુક મંત્રો મનમાં ભણતાંસુધી રોકવો તે કુંભક, ને પછી તે વાયુને ધીરે

ધીરે કોઇ પણ બીજા નાસાપુટદ્વારા બહાર કાઢવો તે રેચક કહેવાય છે. પ્રાણાયામનું વિશેષ નિરૂપણ પોતપોતાના વેદનું આહ્નિકપ્રકાશ વાંચવાથી જોવામાં આવશે. જેમને તેથી પણ વિશેષ જાણવાની ઇચ્છા થાય તેમણે યોગકૌસ્તુભમાં પ્રાણાયામનામની પ્રભા જોવી.

પ્રત્યેક દ્વિજપુત્રને ઉપનયન થાય કે તુરતજ ગાયત્રીમંત્ર અર્થસહિત શીખવવાની જેટલી અગત્ય છે, તેટલીજ અગત્ય તેને વિધિવત્ પ્રાણાયામ કરતાં શીખવવાની પણ છે, કિંતુ વર્તમાનમાં તો મોટે ભાગે માબાપો પુત્રને માટે કન્યા શોધવાની તથા તેને જેમ બને તેમ વેલાસર પરણાવી ગૃહસ્થ બનાવી દેવાની જેટલી ચિંતા રાખે છે, તેના એક આનાજેટલી ચિંતા પણ તેનો અભ્યુદય કે નિઃશ્રેયસ થાય એવા ધર્મપાલનમાટે રાખતાં નથી, એ જોઇ સહૃદય દ્વિજોને અત્યંત ખેદ ઉપજે છે.

ત્રણ પ્રાણાયામ થઇ રહ્યા પછી સંધ્યાનો સંકલ્પ કરવામાં આવે છે. તેમાં દેશ તથા કાલના ઉચ્ચારણસાથે પ્રમાદથી થયેલાં ક્ષુદ્ર પાપોની નિવૃત્તિમાટે હું અમુક કાલની સંધ્યા કરીશ એવો નિશ્ચય દર્શાવેલો હોય છે.

સાકાર વસ્તુને અવકાશ આપનાર તથા જેના સદ્ભાવવડે વસ્તુઓની પરસ્પરની પૂર્વપશ્ચિમ આદિ દિશાઓનો નિર્ણય થાય છે તે દેશ કહેવાય છે. સંકલ્પમાંના અત્રશબ્દવડે દેશનું ઉચ્ચારણ કર્યું છે એમ સમજવું.

જેના સદ્ભાવવડે વસ્તુઓના પૂર્વ તથા અપરનો નિર્ણય કરાય છે એવી જે ક્ષણની પરંપરા તે કાલ કહેવાય છે. સંકલ્પમાંના અદ્યશબ્દવડે કાલનું સંક્ષેપમાં ઉચ્ચારણ કરીને પછી તેના વિસ્તારરૂપે માસાદિનાં નામોનો ઉચ્ચાર કરવામાં આવે છે.

દેશ તથા કાલ એ બંને બ્રહ્મના વિવર્તરૂપ હોવાથી મિથ્યા છે, ને તેના અધિષ્ઠાનરૂપ બ્રહ્મ સત્ય છે. અધિષ્ઠાનથી વિપરીતસ્વભાવવાળું અન્યથાસ્વરૂપ વિવર્ત કહેવાય છે. કલ્પિતનો આધાર હોય તે અધિષ્ઠાન કહેવાય છે. બ્રહ્મરૂપ અધિષ્ઠાનથી દેશકાલ વિપરીતસ્વભાવવાળા તથા અન્ય પ્રકારના સ્વરૂપવાળા છે, તેથી તે બ્રહ્મમાં વિવર્તરૂપે રહેલા છે. જેમ દોરડીમાં કલ્પાયેલો સર્પ દોરડીથી ભિન્ન નથી, તેમ બ્રહ્મમાં કલ્પાયેલા દેશકાલ બ્રહ્મથી ભિન્ન નથી, એમ સંકલ્પ કરનાર મુમુક્ષુએ વિચારવું. વળી માસ, પક્ષ, તિથિ તથા વાર આદિનાં નામો પણ ક્રમાત્ ફરે છે, તેથી આ વિશ્વમાં સર્વ પદાર્થો વિનાશી છે, તથા વાર, તિથિ, પક્ષ ને માસના જવાથી પોતે ઉત્તરોત્તર મૃત્યુની સમીપ જતો જાય છે તેનું સ્મરણ રાખી જ્ઞાતવ્યને જાણવામાટે તેણે ઘણીજ જાગ્રતિ સેવવી જોઇએ.

ઇંદ્રિયો તથા અંતઃકરણનો નિષિદ્ધ વિષયોસાથે તથા મર્યાદાથી વિશેષ વ્યાવહારિક વસ્તુઓસાથે જે સંબંધ થાય છે, તથા નિત્યપ્રતિ પ્રમાદથી જે ક્ષુદ્ર જંતુઓની હિંસા થાય છે, તે દોષની તથા બીજા પાપસંસ્કારોની નિવૃત્તિમાટે ત્રિકાલ સંધ્યા—પરમાત્માનું યથાર્થ ધ્યાન-કરવામાં આવે છે. મુમુક્ષુએ સાવધાનતા સેવી જેમ બને તેમ પાપથી મોકળા રહેવું, ને જે અનિવાર્ય સ્વલ્પ પાપ થાય તેની નિવૃત્તિમાટે ત્રિકાલ સંધ્યા કરવી. સંધ્યા એકાગ્રચિત્તથી કરવી, ભટકતે મને ન કરવી. ચિંતા તથા બીજા વિચારોથી પોતાના મનને મોકળું કરી હવે એકાગ્રતાપૂર્વક સંધ્યામાં પ્રવૃત્તિ કરવાની છે, એમ સંધ્યા કરનારને સંકલ્પ સૂચવે છે.

નવાં પગરખાં પહેરી દેવદર્શને જનાર કોઇ મનુષ્યે જેમ અર્ખી

પોતાના દેવની ને અર્ધી પોતાના જોડાની સ્તુતિ કરી તેમ અર્ધું પરમાત્માનું ધ્યાન ને અર્ધું વ્યવહારનું ધ્યાન સંધ્યાકાલે સંધ્યા કરનાર દ્વિજે ન થવા દેવું. કોઇ મનુષ્ય નવાં પગરખાં પહેરી દેવલ-માં દેવનાં દર્શન કરવા ગયો હતો. ત્યાં જઇ તેણે તે દેવની સ્તુતિ કરવા માંડી. તેમાંનું એક ચરણ તે દેવભણી જોઇને બોલતો હતો, ને રખેને કોઇ મારાં નવાં પગરખાં ન લઇ જાય એવા ભયથી અન્ય ચરણ તે નવાં પગરખાંભણી દૃષ્ટિ કરીને બોલતો હતો, તે આવી રીતેઃ-દેવભણી જોઇનેઃ—**त्वमेव माता च** તમેજ મારી માતારૂપ છો, અને પોતાનાં પગરખાંભણી જોઇનેઃ—**पिता त्वमेव** તમેજ મારા પિતા છો, દેવભણી જોઇનેઃ-**त्वमेव बंधुश्च** તમેજ મારા બંધુ છો, અને પગરખાંભણી જોઇનેઃ-**सखा त्वमेव** તમેજ મારા મિત્ર છો, દેવભણી જોઇનેઃ-**त्वमेव विद्या** તમેજ મારી વિદ્યા છો, પુનઃ પગરખાંભણી જોઇનેઃ-**द्रविणं त्वमेव** તમેજ મારું દ્રવ્ય છો, પુનઃ દેવભણી જોઇનેઃ—**त्वमेव सर्वं** તમેજ મારું સર્વ છો, અને પગરખાંભણી જોઇનેઃ-**मम देवदेव** હે મારા દેવના દેવ !

આમ ભટકતે મને દેવસ્તુતિ કરવાથી જેમ ચિત્તની યોગ્યતા વધી શકે નહિ, તેમ જેઓ ભટકતે મને સંધ્યા કરે છે તેમનાં ચિત્તોની યોગ્યતા પણ વધી શકતી નથી.

સંકલ્પ કરી સાવધાન થઇને કાર્યમાં જોડાવાથી મનુષ્યનું અંતઃ-કરણ તથા ઇંદ્રિયો તે કાર્યમાં વિશેષ એકાગ્રતાપૂર્વક જોડાય છે, અને તેમના તે કાર્યથી ભિન્ન પ્રવૃત્તિ તથા મૂઢતા સમયને માટે દૂર થાય છે. પછી બંને હાથ જોડી રાખી સૂર્યમંડલમાં ઉપાધિના નિર્મલપણા-થી સ્પષ્ટ પ્રતીત થતી ચિતિશક્તિનું, પોતાના ઉપર અનુગ્રહ કરવા-

માટે આવાહન કરવામાં આવે છે.+ પછી પોતાના અંતઃકરણની યોગ્યતામાં વધારો કરવા માર્જન કરવામાં આવે છે. × એ માર્જન-

+ ॐ गायत्रीं त्र्यक्षरां बालां, साक्षसूत्रकमंडलुम् ।
रक्तवस्त्रां चतुर्वक्त्रां, हंसवाहनसंस्थिताम् ॥ १ ॥
ब्रह्माणीं ब्रह्मदैवत्यां, ब्रह्मलोकनिवासिनीम् ।
आवाहयाम्यहं देवीमायान्तीं सूर्यमंडलात् ॥ २ ॥
आगच्छ वरदे देवि, त्र्यक्षरे ब्रह्मवादिनि ।
गायत्रि छंदसां मातर्, ब्रह्मयोनि नमोऽस्तु ते ॥ ३ ॥

ભાવાર્થ:—ગાયત્રી–પોતાનું સ્મરણ કરનારનું ભેદદર્શનરૂપ પાપથી રક્ષણ કરનારી, ગાયત્રી એવા ત્રણ અક્ષરના નામવાળી, સર્વદા સૌંદર્યરૂપ કિશોરાવસ્થાવાળી હોવાથી બાલા, રુદ્રાક્ષ એટલે જ્ઞાન, સૂત્ર એટલે ઇચ્છા, ને કમંડલુ એટલે ક્રિયા એ ત્રણ શક્તિઓ જેમાં પ્રતીત થાય છે એવી, રાગરૂપ આચ્છાદનથી ઢંકાયેલી, અ ઉ મ ને અમાત્રરૂપ ચાર મુખવાળી, પ્રાણરૂપ વાહનઉપર સારી રીતે સ્થિત થયેલી, ૧ બ્રહ્મામાં અસ્તિરૂપે દીર્ઘકાલ પ્રતીત થનારી, બ્રહ્મામાં ચિદ્રૂપે દીર્ઘકાલ પ્રતીત થનારી, બ્રહ્મલોકમાં સ્પષ્ટરૂપે અભિવ્યક્ત થનારી, જાણે સૂર્યમંડલમાંથી આવતી હોય એમ પ્રતીત થનારી, આ ચિતિશક્તિનું હું ઉપચારથી આવાહન કરું છું. ૨ હે મોક્ષરૂપ વર આપનારાં ! હે સ્વયંપ્રકાશરૂપ ! હે ત્રણ અક્ષરવાળાં ! હે તત્ત્વવેત્તાઓમાં રહી બ્રહ્મનું નિરૂપણ કરનારાં ! પધારો,–મારા અંતઃકરણમાં નિરાવરણથઈ પ્રતીત થાઓ. હે ગાયત્રિ ! હે વેદોની ઉત્પત્તિના સ્થાનરૂપ ! હે પ્રકૃતિના આશ્રયરૂપ ! તમને અભેદભાવે મારું નમન હો. ૩

× ॐ आपो हि ष्ठा मयो भुवस्ता न ऊर्जे दधातन महेरणाय चक्षसे॥१॥

વડે મલ, વિક્ષેપ ને આવરણને દૂર કરવા પ્રયત્ન થાય છે. પાપ-સંસ્કારો જે દુષ્ટવિચારોના તથા દુષ્ટપ્રવૃત્તિના હેતુ છે તે મલ કહેવાય છે, ચિત્તની ચંચલતાના હેતુભૂત સંસ્કારો વિક્ષેપ કહેવાય છે, અને સ્વરૂપને આચ્છાદન કરનાર દોષ આવરણ કહેવાય છે. લૌકિકવૈદિકકર્મ નિષ્કામબુદ્ધિવડે કરવાથી તે નિષ્કામકર્મ કરનાર દ્વિજના અંતઃકરણમાંના પાપસંસ્કારો બલહીન થઇ જાય છે, પરમાત્મધ્યાન કરવાથી અંતઃકરણમાંનો તમોગુણ તથા રજોગુણ દૂર થવાથી અંતઃકરણમાંનો લયદોષ તથા ચાંચલ્યદોષ દૂર થઇ જાય છે, અને અંતરાત્માથી અભિન્ન બ્રહ્મતત્ત્વનો સંશયવિપર્યયરહિત અપરોક્ષ અનુભવ થવાથા

ॐ यो वः शिवतमो रसस्तस्य भाजयतेह नः उशतीरिव मातरः ॥ २ ॥

ॐ तस्मा अरङ्गमाम वो यस्य क्षयाय जिन्वथ आपो जनयथा च नः ॥ ३ ॥

ભાવાર્થઃ—હે જલોપહિતચેતન ! વિશ્વમાંના સર્વ પ્રાણીઓને નિરુપાધિક નિરવધિ સુખ આપનાર થાઓ. તે જલોપહિતચેતન અમને ભોક્તાના વાસ્તવિકરૂપે સ્થિર કરો. વળી તે અમને બ્રહ્મના સાક્ષાત્કારમાટે સમર્થ કરો. ૧. હે જલોપહિતચેતન ! જે તમારો અત્યંત-કલ્યાણરૂપ સ્વભાવ છે તે સ્વભાવના અમને અહિં—આ જન્મમાં—અ-ભેદભાવરૂપ ભાગવાળા કરો. જેમ મા દીકરાનું કલ્યાણ ઇચ્છતી છતી તેમને દૂધ આદિ રસથી તૃપ્ત કરે છે, તેમ હે જલોપહિતચેતન ! તમે અમને પરમાનંદનો અનુભવ કરાવી તૃપ્ત કરો. ૨. હે જલોપહિત-ચેતન ! જે અજ્ઞાનના નાશમાટે તમે જ્ઞાનનિષ્ઠાને પુષ્ટ કરો છો તે જ્ઞાનનિષ્ઠામાટે.અમે તમને શુદ્ધભાવથી પ્રાપ્ત થઇએ છીએ. વળી હે જલો-પહિતચેતન ! તમે અમને બ્રહ્મનિષ્ઠા ઉત્પન્ન કરવામાં સમર્થ કરો. ૩.

અંતઃકરણમાંનો આવરણદોષ દૂર થઇ જાય છે. યથાશક્તિ નિષ્કામ-કર્મ તથા પરમાત્મધ્યાન કર્યા છતાં ચિત્તમાં કાંઇ મલ તથા વિક્ષેપ દોષ રહેલ હોય તો તે સર્વથા દૂર કરવા નિત્ય સંધ્યાકાલે માર્જન કરવામાં આવે છે. ભસ્માદિવડે માંજવાથી જેમ ધાતુપાત્રો શુદ્ધ થાય છે, તેમ માર્જનથી માર્જન કરનાર દ્વિજનું અંતઃકરણ શુદ્ધ થાય છે. પછી સાક્ષીના વિવર્તરૂપે પ્રતીત થતા આ સર્વ નામરૂપાત્મક પ્રપંચ-નો સાક્ષીમાં બાધ કરવાની ભાવનાપૂર્વક મંત્રાચમન કરવામાં આવે છે.* ભેદપ્રતીતિ દુઃખદાતા છે એમ **द्वितीयाद्वै भयं भवति** (દ્વૈતદર્શનથી નિશ્ચય ભય થાય છે) ઇત્યાદિ શ્રુતિઓ કહે છે. સ્વપ્નમાં પ્રતીત થતો વાઘ વસ્તુતાએ મિથ્યા છતાં પણ જોનારને

---

* **ॐ सूर्यश्च मा मन्युश्च मन्युपतयश्च मन्युकृतेभ्यः पापेभ्यो रक्षंताम्, यद्रात्र्या पापमकार्षम्, मनसा वाचा हस्ताभ्याम्, पद्भ्यामुदरेण शिश्ना, रात्रिस्तदवलुंपतु, यत्किंच दुरितं मयि, इदमहं माममृतयोनौ, सूर्ये ज्योतिषि जुहोमि स्वाहा ॥**

ભાવાર્થઃ—સૂર્ય, શંકર અને જ્ઞાનયજ્ઞનું રક્ષણ કરનારી દૈવી-સંપત્તિઓ ભેદદર્શનવડે થયેલાં પાપોથી મારી રક્ષા કરો. મેં અજ્ઞાન-રૂપ રાત્રિમાં મનથી, વાણીથી, બે હાથથી, બે પગથી, પેટથી ને ઉપસ્થથી જે અકર્તવ્યના અનુષ્ઠાનરૂપ પાપ કર્યું હોય તે પાપ સર્વ અજ્ઞાની જીવોની રાત્રિરૂપ બ્રહ્મ દૂર કરો. વળી મારા અંતઃકરણમાં જે વિષયવાસનારૂપ બીજું પાપ હોય તે આ પાપને તથા દેહાદિ-માં હુંપણાની બુદ્ધિને અમરપણાના હેતુરૂપ સ્વયંપ્રકાશ સાક્ષીમાં હું બાધ પમાડું છું. આ સર્વ આંતરબાહ્યપ્રપંચ તેમાં સારી રીતે બાધ પામેલો થાઓ.

તે મલે ભય ઉપજાવે છે, તેમ જાગ્રત્માં પ્રતીત થતું દ્વૈત વસ્તુતાએ મિથ્યા છતાં પણ દ્વૈતદ્રષ્ટાને ભય ઉપજાવે છે, માટે પરમાનંદની નિત્યપ્રાપ્તિ તથા દુઃખની ઐકાંતિક ને આત્યંતિક નિવૃત્તિ ઇચ્છનાર મુમુક્ષુએ સદ્‌ગુરુ તથા સતશાસ્ત્રના ઉપદેશથી ને પોતાના પુરુષપ્રયત્નથી તે દ્વૈતનો અપરોક્ષ મિથ્યા નિશ્ચય કરવો જોઇએ. મંત્રાચમનપછી દ્રુપદા૦+ એ મંત્રથી અઘમર્ષણ કરવામાં આવે છે. અઘમર્ષણવડે આત્માનો પવિત્રતમ ને નિર્લેપ સ્વભાવ સ્મરણ કરી અજ્ઞાનવડે ઉપજેલી અંતઃકરણ, ઇંદ્રિયો ને શરીરની સાથે એકપણાની ભ્રાંતિથી જે પાપો થયાં હોય તેમને દૂર કરવાનાં છે. સાધકે કર્તાભોક્તારૂપ સંસારિભાવનું શનૈઃ શનૈઃ વિસ્મરણ કરી પોતાના અકર્તાઅભોક્તાભાવરૂપ અસંસારિભાવનો સ્પષ્ટ અનુભવ કરી કૃતાર્થ થવાનું છે. અઘમર્ષણ કર્યા પછી આચમન લઇ પ્રણવ, ત્રણ વ્યાહૃતિ, ને ગાયત્રીવડે શ્રીસૂર્યને ત્રણ અર્ઘ્ય આપવાના છે. અર્ઘ્ય આપતીવેલા પોતાના વ્યષ્ટિઅવિદ્યોપહિત ચેતનનો સૂર્યમંડલોપહિત ચેતનસાથે અભેદ સંભારવાનો છે. ત્રણ અર્ઘ્યના પ્રદાનવડે એ અભેદભાવ સુદૃઢ કરવાનું

+ ॐ द्रुपदादिव मुमुचानः स्विन्नः स्नातो मलादिव । पूतं पवित्रेणेवाज्यमापः शुन्धन्तु मैनसः ॥

ભાવાર્થ:—પગમાં પહેરેલી પાદુકાથી છૂટો થયેલો જેમ પાદુકાના દોષથી મોકળો થાય છે, અને પરસેવાવાળો મનુષ્ય જેમ સ્નાન કરવાવડે મેલથી મોકળો થાય છે, તથા પવિત્ર ઊનના ગળણાવડે ગાળવાથી જેમ ઘી પવિત્ર (મેલ તથા જંતુઓથી રહિત) થાય છે, તેમ હે જલોપહિતચેતન ! મને નિર્લેપસ્વભાવના દૃઢ બોધવડે પાપથી પવિત્ર (રહિત) કરો.

જ્ઞાન છે. સૂર્યમંડલોપહિતચેતનનો ને પોતાનો સર્વદા અભેદ છે એ વાત સાધકે અર્ઘ્યપ્રદાનવેલા ઉચ્ચારવામાં આવતા ગાયત્રીમંત્રના અર્થરૂપે સ્મરણમાં રાખવી આવશ્યક છે. અર્ઘ્યપ્રદાનપછી ॐ असावादित्यो ब्रह्म (આ સૂર્ય બ્રહ્મના વિવર્તરૂપ હોવાથી બ્રહ્મ છે,) એ મંત્રથી આસનને પ્રદક્ષિણા કરીને અથવા જમણા હાથમાં જલ લઇ બેઠાં બેઠાં પ્રદક્ષિણાની રીતે પોતાનો જમણો હાથ ફેરવીને તે જલ છાંટવું. પછી આચમન લઇ એક પ્રાણાયામ કરવો. પછી શ્રીસૂર્યનું ઉપસ્થાન उद्वयं [1] ઇત્યાદિ ચાર મંત્રોથી કરવું. સૂર્યનું ઉપસ્થાન કરવું એટલે

---

१ ॐ उद्वयं तमसस्परि स्वः पश्यन्त उत्तरम् ।
देवं देवत्रा सूर्यमगन्म ज्योतिरुत्तमम् ॥ १ ॥
ॐ उदुत्यं जातवेदसं देवं वहन्ति केतवः ।
दृशे विश्वाय सूर्यम् ॥ २ ॥
ॐ चित्रं देवानामुदगादनीकं चक्षुर्मित्रस्य वरुणस्याग्नेः ।
आप्रा द्यावापृथिवी अन्तरिक्षं सूर्य आत्मा जगतस्तस्थुषश्च॥३॥

ॐ तच्चक्षुर्देवहितं पुरस्ताच्छुक्रमुच्चरत् पश्येम शरदः शतं जीवेम शरदः शतं शृणुयाम शरदः शतं प्रब्रवाम शरदः शतमदीनाः स्याम शरदः शतं भूयश्च शरदः शतात् ॥ ४ ॥

ભાવાર્થ:—સદ્‌ગુરુદેવવડે રક્ષાયેલા અને અજ્ઞાનના આધારભૂત બ્રહ્મને સર્વલક્ષણીથી અનુભવતા અમે સ્વયંપ્રકાશ, શ્રેષ્ઠ ને વિશ્વના વિવર્તઉપાદાનકારણ બ્રહ્મને અભેદભાવે પામીએ છીએ. ૧. તે જ્ઞાન-સ્વરૂપ તથા સ્વયંપ્રકાશ વિશ્વના વિવર્તઉપાદાનકારણ બ્રહ્મને જીવોના મનોના વૃત્તિઓ જગતના પ્રકાશમાટે પોતામાં ધારણ કરે છે, તે બ્રહ્મને અમે અભેદભાવે પામીએ છીએ ૨. આ બ્રહ્મ જે દેવોના

શ્રીસૂર્યના અધિષ્ઠાનરૂપ જે બ્રહ્મ છે તે બ્રહ્મનું ચિત્તવૃત્તિવડે અનુસંધાન કરવું. ઉપસ્થાન થઇ રહ્યા પછી ઊભાં ઊભાં બ્રહ્મસ્વરૂપમાં મન જોડી વાણીવડે ગાયત્રીમંત્રનો જપ યથાશક્તિ કરવો. જપ કરતીવેલા ઉપ ને બીજા વિચારોથી દ્વિજે પોતાના મનને મોકળું રાખવું. જપાંતે ઉત્તમે૦* એ મંત્રથી ગાયત્રીનું વિસર્જન કરવું. પછી શ્રીસદ્‌ગુરુ આદિને નમસ્કાર કરી બે આચમન લઇ સંધ્યાવંદનની સમાપ્તિ કરવી.

અગ્રેસરરૂપ તથા સૂર્ય, ચંદ્ર ને અગ્નિને પ્રકાશનાર છે તે વ્યવહારમાં વિચિત્રરૂપે પ્રતીત થાય છે. જંગમ અને સ્થાવરના આત્મરૂપ આ બ્રહ્મ સ્વર્ગ, પૃથ્વી ને અંતરિક્ષને પોતાના સત્તાદિ સ્વભાવથી પૂર્ણ કરે છે, તે બ્રહ્મને અમે અભેદભાવે પામીએ છીએ. ૩. સર્વને પ્રકાશનાર, દેવાદિના હિતરૂપ, અત્યંતશુદ્ધ, સર્વની આગળ વિવિધરૂપે પ્રતીત થતું, જે આ બ્રહ્મ છે તે બ્રહ્મનું ચિત્તવૃત્તિવડે અનુસંધાન કરવાથી અમે સો વર્ષ જોઇએ-દૃષ્ટિના દ્રષ્ટારૂપે રહીએ, સો વર્ષ જીવીએ-આયુષ્યના આયુષ્યનો અનુભવ કરીએ, સો વર્ષ સાંભળીએ-શ્રોત્રના શ્રોત્રરૂપે રહીએ, સો વર્ષ બોલીએ-વાણીની વાણીરૂપે સ્થિતિ કરીએ, સો વર્ષ દીનતારહિત (મહાશ્રીમંત) રહીએ, અને પ્રારબ્ધમાં હોય તો સો વર્ષથી વિશેષ પણ ઉપર કહેલો અનુભવ કરીએ. ૪.

* ॐ उत्तमे शिखरे जाता, भूम्यां पर्वतमूर्धनि ।
ब्राह्मणेभ्योऽभ्यनुज्ञाता, गच्छ देवि यथासुखम् ॥

ભાવાર્થ:—તમે આ વિશ્વમાં સત્ત્વગુણના અતિશ્રેષ્ઠ ભાગમાં આવિર્ભાવ પામેલાં ને મુમુક્ષુઓથી સારી રીતે અનુજ્ઞા પામેલાં છો. હે સ્વયંપ્રકાશરૂપે ! તમે હવે યથાસુખે મુમુક્ષુઓનો અનુગ્રહ કરવા પધારો.

દ્વિજને સંધ્યાવંદન કરવાની શાસ્ત્રાજ્ઞા.

કોઇ પણ બ્રાહ્મણે ઉપવીત ધારણ કર્યા પછી સંધ્યાવંદન કરવામાં લેશ પણ પ્રમાદ કે આળસ રાખવાં નહિ. બ્રાહ્મણે નિત્યપ્રતિ સંધ્યાવંદન કરવું એમ " **अहरहः संध्यामुपासीत** " (બ્રાહ્મણે નિત્યપ્રતિ સંધ્યાવંદન કરવું,) એ વચનથી વેદભગવાને આજ્ઞા કરી છે. શ્રીષડ્વિંશ-બ્રાહ્મણની " **तस्माद् ब्राह्मणोऽहोरात्रस्य योगे संध्यामुपासीत॥** " (સંધ્યોપાસના નહિ કરવાથી પાપના ભાગી થવાય છે, માટે બ્રાહ્મણે દિવસ અને રાત્રિના સંધિસમયમાં સંધ્યોપાસના કરવી,) એ શ્રુતિ પણ બ્રાહ્મણને સંધ્યાવંદન કરવાની આજ્ઞા કરે છે. જે દ્વિજ અશ્રદ્ધા, આળસ કે પ્રમાદને વશ થઇને સંધ્યાવંદનાદિ વૈદિકકર્મ કરતો નથી તે પાપનો ભાગી થાય છે, એમ " **अकृत्वा वैदिकं नित्यं प्रत्यवायी भवेन्नरः ॥** " (દ્વિજ સંધ્યાવંદનાદિ વૈદિક નિત્યકર્મ નહિ કરવાથી પાપનો ભાગી થાય છે,) આ વેદવચન પોકારીને કહે છે, માટે પ્રત્યેક બ્રાહ્મણે શ્રદ્ધા ને સાવધાનતાથી ઉત્સાહપૂર્વક નિત્ય ત્રિકાલ સંધ્યાવંદન કરવું જોઇએ.

નીચેનાં સ્મૃતિવચનો પણ બ્રાહ્મણે અવશ્ય નિત્ય સંધ્યોપાસના કરવી જોઇએ એમ ઉપદેશ કરે છે:—

"न तिष्ठति तु यः पूर्वां, नोपास्ते यश्च पश्चिमाम् ।
स शूद्रवद् बहिष्कार्यः, सर्वस्माद् द्विजकर्मणः ॥ १ ॥
एकाहं जपहीनस्तु, संध्याहीनो दिनत्रयम् ॥
द्वादशाहमनग्निश्च, शूद्र एव न संशयः ॥ २ ॥
तस्मान्न लंघयेत्संध्यां, सायंप्रातः समाहितः ।

उल्लंघयति यो मोहात्, स याति नरकं ध्रुवम् ॥ ३ ॥
संध्या येन न विज्ञाता, संध्या येनानुपासिता ।
जीवमानो भवेच्छूद्रो, मृतः श्वा चाभिजायते ॥ ४ ॥
संध्याहीनोऽशुचिर्नित्यमनर्हः सर्वकर्मसु ।
यदन्यत्कुरुते कर्म, न तस्य फलभाग् भवेत् ॥ ५ ॥
संध्यास्नानं त्यजन् विप्रः, सप्ताहाच्छूद्रतां व्रजेत् ।
तस्मात्संध्यां च स्नानं च, सूतकेऽपि न संत्यजेत् ॥ ६ ॥
तस्मान्नित्यं प्रकर्तव्यं, संध्योपासनमुत्तमम् ।
तदभावेऽन्यकर्मादावधिकारी भवेन्न हि ॥ ७ ॥
दिवा वा यदि वा रात्रौ, यदज्ञानकृतं भवेत् ।
त्रिकालसंध्याकरणात्, तत्सर्वं हि प्रणश्यति ॥ ८ ॥
एतत्संध्यात्रयं प्रोक्तं, ब्राह्मण्यं यत्र तिष्ठति ।
यस्य नास्त्यादरस्तत्र, न स ब्राह्मण उच्यते ॥ ९ ॥"

ભાવાર્થ:—જે દ્વિજ પ્રાતઃકાલની સંધ્યા કરતો નથી, અને સાયંકાલની સંધ્યા પણ કરતો નથી, તેને શૂદ્રના જેવો ગણી દ્વિજોનાં સર્વ કર્મોથી દૂર કરી જ્ઞાતિબહાર મૂકવો. ૧. જે દ્વિજ એક દિવસ જપરહિત છે, ત્રણ દિવસપર્યંત સંધ્યારહિત છે, અને બાર દિવસપર્યંત અગ્નિમાં હોમ કર્યા વિનાનો છે, તે શૂદ્રજ છે, એમાં સંશય નથી. ૨. સંધ્યા નહિ કરવાથી દ્વિજ શૂદ્રભાવને પામે છે, માટે દ્વિજે કદીપણ સંધ્યાનું ઉલ્લંઘન નહિ કરતાં સાયંકાલે તથા પ્રાતઃકાલે સાવધાન થઇને સંધ્યાવંદન કરવું. જે દ્વિજ કર્તવ્યનું વિસ્મરણ

કરી સંધ્યાનો પરિત્યાગ કરે છે, તે દ્વિજ નિશ્ચય નરકને પામે છે. ૩. જે દ્વિજે સંધ્યા જાણી નથી, અને સંધ્યોપાસના કરી નથી, તે દ્વિજને જીવતાં શૂદ્ર જાણવો, અને મુઆ પછી તે શ્વાન થાય છે. ૪. જે દ્વિજ સંધ્યા કરતો નથી, તે નિત્ય અપવિત્ર ને સર્વ શ્રૌત-સ્માર્તકર્મમાં અનધિકારી છે, અને બીજું જે ધર્મસંબંધી કર્મ તે કરે છે, તેનું ફલ તેને મળતું નથી. ૫. સ્નાન અને સંધ્યાનો ત્યાગ કરવાથી દ્વિજ સાત દિવસમાં શૂદ્રભાવને પામે છે, તેથી કોઇ પણ દ્વિજે સૂતકમાં પણ સ્નાન અને સંધ્યાનો ત્યાગ ન કરવો. ૬. " સંધ્યા નહિ કરનાર મુઆ પછી શ્વાન થાય છે, " ઇત્યાદિ વચનોમાં સંધ્યા ન કરવાથી દ્વિજને પાપની પ્રાપ્તિ કહી છે, તે પાપથી બચવામાટે દ્વિજે ઉત્તમસંધ્યોપાસન નિત્ય કરવું. તે કર્યા વિના દ્વિજ અન્ય શ્રૌતસ્માર્તકર્મમાં અધિકારી થતો નથી. ૭. દિવસમાં અથવા રાત્રિમાં અજાણતાં જે પાપ થયું હોય તે સર્વ પાપ ત્રણ કાલ સંધ્યાવંદન કરવાથી સારી રીતે નાશ પામે છે. ૮. જેમાં બ્રાહ્મણપણું રહ્યું છે એવી આ ત્રણ સંધ્યા મેં (કાત્યાયન-ઋષિએ) કહી. જેને તે સંધ્યામાં આદર નથી તે બ્રાહ્મણ કહેવાય નહિ. ૯.

સંધ્યાવંદનસંબંધી કેટલીક સૂચના.

પ્રત્યેક બ્રાહ્મણે સંધ્યોપાસનાના મંત્રોનો શુદ્ધ ઉચ્ચાર તથા અર્થ શીખી નિત્ય પ્રેમપૂર્વક સંધ્યોપાસના કરવી જોઇએ. પ્રમાદથી અશુદ્ધ ઉચ્ચાર કરવા એ યોગ્ય નથી, તેમજ અર્થ જાણ્યા વિના કરેલી સંધ્યા પણ બહુ ઉપકારક થતી નથી. સંધ્યાવંદનમાંની પ્રત્યેક ક્રિયા પણ રહસ્ય સમજી યથાવિધિ કરવી જોઇએ. મનુષ્યે ધર્મસંબંધી કોઇ પણ ક્રિયા માથાઉપરથી વેઠ ઊતારવાની પેઠે નહિ કરતાં શ્રદ્ધા,

ભક્તિ, સાવધાનતા ને ધૈર્યથી કરવી જોઇએ. કેટલાક આળસુ બ્રાહ્મણો નિરર્થક પ્રસંગોમાં ઘણો સમય ગાળે છે, પણ તેમને સંધ્યા શીખવાનો કે તે કરવાનો સમય મળતો નથી એ બહુ ખેદની વાર્તા છે. નિષ્કામબુદ્ધિથી સ્વધર્મપાલન ન થઇ શકે તેમણે આરોગ્ય, ધન કે અન્ય નિર્દોષ પદાર્થની કામના રાખીને પણ સ્વધર્મનું પાલન કરવું ઉચિત છે. દ્રવ્યાદિની લાલસાને વા નાસ્તિકતાને વશ થઇ સ્વધર્મનો ત્યાગ કરવાનું ફલ સારું નથી, એમ શિષ્ટો ને શાસ્ત્રો કહે છે, માટે પ્રત્યેક દ્વિજે સ્વધર્મપાલન કરવામાં સદાગ્રહ સેવવો જોઇએ. જેનાથી વિસ્તારથી સંધ્યાવંદન ન થઇ શકે, તેણે લઘુસંધ્યા કરવી જોઇએ. જે પ્રમાદી બ્રાહ્મણથી એમ પણ ન બની શકે તેણે શુદ્ધ ઉચ્ચારથી ગાયત્રીની ત્રણ માલાનો જપ નિત્ય અવશ્ય કરવો જોઇએ.

હાલના કર્મભ્રષ્ટ ને ધનધાન્યાદિથી દુઃખી બ્રાહ્મણોએ પોતાના પૂર્વજોની સુખમય ને સામર્થ્યવાળી સ્થિતિનો વિચાર કરી, તથા વર્તમાનમાં શ્રદ્ધાસાવધાનતાથી સ્વધર્મપાલન કરનારની ઇચ્છવાયોગ્ય સ્થિતિ જોઇ, સ્વધર્મ પાળવામાં બહુ ઉત્સાહ રાખવો જોઇએ. ભ્રષ્ટ થયેલાએ સુધરવું ને દુઃખીએ સુખી થવું યોગ્ય છે, પણ ભ્રષ્ટ થયેલાએ ઉત્તરોત્તર વધારે ભ્રષ્ટ થવું, ને દુઃખી થયેલાએ ઉત્તરોત્તર વધારે દુઃખી થવું એ કોઇ પણ રીતે ઇચ્છવાયોગ્ય નથી. હે પોતાનું મહત્ત્વ ભૂલી ગયેલા બ્રાહ્મણો ! જાગો, અને સદાગ્રહથી સ્વધર્મનું પરિપાલન કરો. એક શુભ કર્મ કરવાથી ઉત્તરોત્તર તમે બીજું શુભ કર્મ કરવાની ઇચ્છાવાળા થશો. પછી શનૈઃ શનૈઃ તમે બીજાં શુભ કર્મો કરશો, ને તમારી વર્તમાનકાલની નઠારી પ્રવૃત્તિ છૂટી જશે, અને તમે સુખી થશો. શું તમને જ્ઞાત નથી કે મનુષ્યે કરેલી એક ભૂલ બીજી

દશ કે તેથી વધારે ભૂલો તે માણુસપાસે કરાવે છે ? ને મનુષ્યે કરેલું એક શુભ કર્મ બીજાં દશ કે તેથી વધારે શુભ કર્મો તે માણુસપાસે કરાવે છે ? જો તે તમને જ્ઞાત હોય તો તમે સર્વ અશુભ કર્મ ત્યજો, ને શુભ કર્મોનું સર્વદા આદરપૂર્વક અનુષ્ઠાન કરો. લગભગ શૂદ્રના જેવી સ્થિતિએ પહોંચેલા બ્રાહ્મણોએ પણ સ્વધર્મનું અવલંબન કરી, ઉત્તરોત્તર પોતાની સ્થિતિ સુધારી, શીઘ્ર બ્રાહ્મણપણું સંપાદન કરવું ઉચિત છે, પણ જે અધમ સ્થિતિ પ્રાપ્ત થઇ છે તેમાંજ રગદોળાયા કરવું, વા શનૈઃ શનૈઃ વધારે અધમ થતા જવું, એ કોઇ પણ રીતે ઇચ્છવાયોગ્ય નથી.

જપના લાભ અને તેના પ્રકાર.

પ્રત્યેક બ્રાહ્મણે પોતાના અંતઃકરણની શુદ્ધિ તથા સ્થિરતા સંપાદન કરવામાટે નિત્યપ્રતિ પોતાના ગુરુએ ઉપદેશ કરેલા પરમાત્મસંબંધી પવિત્ર મંત્રનો શ્રદ્ધાભક્તિથી યથાશક્તિ જપ કરવો જોઇએ. જે બ્રાહ્મણ એક દિવસ પણ જો જપ ન કરે તો તે શૂદ્રજેવો થઇ જાય છે એવું સ્મૃતિનું વચન છે, તો જે બ્રાહ્મણો દીર્ઘકાલપર્યંત જપ કરતા ન હોય, તેઓ ઉપરથી બ્રાહ્મણજેવા દેખાતા છતાં, અંતરમાં શૂદ્રજેવા અધમ થઇ જાય એમાં શું આશ્ચર્ય છે ! યથાવિધિ જપ કરવાથી મનુષ્ય પરમાત્માની સંમુખ થાય છે, તેથી તેના અંતઃકરણનો સુધારો થવા ઉપરાંત તેની શરીરસ્થિતિ તથા બાહ્યસ્થિતિ પણ સુધરે છે. જપ ચાર પ્રકારનો છે, વાચિક, ઉપાંશુ, ધ્યાનરહિત માનસ, ને ધ્યાનસહિત માનસ. બીજાને સંભળાય એવા સ્પષ્ટ ઉચ્ચારવાળી વાણીથી જપ કરવો તે વાચિક, પાસે બેઠેલો માણુસ ન સાંભળી શકે પણ માત્ર જપ કરનારના હોઠ હાલે એવી રીતે જપ કરવો તે ઉપાંશુ, હોઠ તથા જીભ ન હાલે એવી રીતે મનમાં જપ

કરવો તે ધ્યાનરહિત માનસ, ને ઇષ્ટદેવના ધ્યાનસહિત એવી રીતે જપ કરવો તે ધ્યાનસહિત માનસ જપ કહેવાય છે. વાચિકથી ઉપાંશુ, ઉપાંશુથી ધ્યાનરહિત માનસ, ને તેનાથી ધ્યાનસહિત માનસ જપ શ્રેષ્ઠ છે. સોમયજ્ઞાદિ અન્ય યજ્ઞોના કરતાં જપયજ્ઞ શ્રેષ્ઠ છે, કેમકે તેમાં હિંસાદિ કોઇ પણ પાપનો અંશ હોતો નથી. કોઇ મંત્રો પ્રાર્થનારૂપ હોય છે, કોઇ મંત્રો નમસ્કારરૂપ હોય છે, અને કોઇ મંત્રો આત્મસ્વરૂપના નિરૂપક હોય છે. પોતાના અધિકારપ્રમાણે એમાંના કોઇ એક પ્રકારનો મંત્ર, તે મંત્રનું જેણે સારી રીતે અનુષ્ઠાન કર્યું હોય એવા સદાચરણી પુરુષપાસેથી વિધિવત્ મેળવી તેનો નિત્યપ્રતિ યથાશક્તિ જપ કરવો એ પ્રત્યેક બ્રાહ્મણનું કર્તવ્ય છે. એ મંત્ર નિર્ગુણબ્રહ્મ, મહેશ્વર, વિષ્ણુ, ગણપતિ, સૂર્ય કે જગદંબા એમાંના કોઇ પણ એકના સંબંધવાળો જોઇએ. વિધિવત્ જપના અનુષ્ઠાનવડે માણસનું અંતઃકરણ ઉત્તરોત્તર પરમાત્માની સમીપ જાય છે, માટે પ્રત્યેક દ્વિજે સુખપ્રાપ્તિના તથા દુઃખનિવૃત્તિના અલૌકિક ઉપાયરૂપ જપનું અનુષ્ઠાન નિત્યપ્રતિ શ્રદ્ધા તથા ઉત્સાહથી કરવું જોઇએ.

બ્રાહ્મણે પ્રત્યક્ષ (બાહ્ય) હોમ અથવા માનસ હોમ કરવો.

જે બ્રાહ્મણને અનુકૂલતા હોય તેણે સાંજસવાર અગ્નિમાં તંદુલાદિનો હોમ કરવો જોઇએ. જેનાથી પ્રત્યક્ષ હોમ કરવાનું ન બને તેણે પોતાના દેહાભિમાનને, અંતઃકરણના બાહ્યવેગને, રાગદ્વેષને તથા ઇંદ્રિયોના બાહ્યવેગને પરમાત્મરૂપ અગ્નિમાં સાંજસવાર હોમવા પ્રયત્ન કરવા જોઇએ.

ત્રણ પ્રકારનું તર્પણ ને તે કરવાનાં કારણો.

દેવ, ઋષિ અને પિતૃ આદિને તૃપ્ત કરવા શુદ્ધભાવથી શ્રદ્ધાપૂર્વક જે જવસહિત વા તલસહિત જલના અથવા એકલા જલના

અંજલિ આપવા તે તર્પણ કહેવાય છે. જેમનો આપણા ઉપર સાક્ષાત્ વા પરંપરાવડે ઉપકાર હોય તેમના ઉપકારરૂપ ઋણમાંથી યોગ્ય ક્રિયાવડે મોકળા થવું એ આપણું કર્તવ્ય છે, ને તેમ ન કરીએ તો આપણો અધઃપાત થાય છે. દેવાદિએ વૃષ્ટિ આદિદ્વારા મનુષ્યોના ઉપર જે ઉપકાર કરેલો છે તે ઉપકારરૂપ ઋણમાંથી મોકળા થવા તેમણે નિત્ય અવશ્ય તર્પણ કરવું જોઈએ. શ્રીપુરાણસમુચ્ચયમાં દ્વિજોએ નિત્ય તર્પણ કરવું જોઇએ એમ નીચેના વચનથી કહ્યું છે:—

" देवताश्च मुनींश्चैव, पितृभ्यो हि न तर्पयेत् ।
देवादीनामृणी भूत्वा, नरकं स व्रजेदथ ॥ "

ભાવાર્થઃ—જે દ્વિજ દેવોને, મુનિઓને, અને પિતૃઓને તર્પણવડે તૃપ્ત ન કરે તે દેવાદિનો ઋણી થઇને પછી નરકને પામે છે.

મનુષ્યના અંતઃકરણમાં દીર્ઘકાલના અભ્યાસથી ભેદબુદ્ધિ સુદૃઢ થઇ રહી છે, ને તે ભેદબુદ્ધિ ચિત્તને મલિન રાખે છે. તે મલિનતા ટાળવામાટે બ્રહ્માથી માંડીને સ્તંબ(થુમડા)પર્યંતના પ્રાણીને દેવ ગણી તેમને તૃપ્ત કરવા દેવતર્પણ કરવાનું છે. દેવતર્પણથી તેમાંના જે જે દેવોનો પોતાના ઉપર ઉપકાર થયો હોય તે તે દેવોનો તર્પણદ્વારા ઉપકાર માનવાથી કૃતજ્ઞતા પ્રદર્શિત કરી તેમના ઋણમાંથી મુક્ત થવાય છે, અને જે દેવોનો સાક્ષાત્ વા પરંપરાવડે પોતાના ઉપર ઉપકાર ન થયો હોય તેમને પણ તર્પણવડે પ્રસન્ન કરવાથી તેમના ઋણીનું ભય રહેતું નથી, તથા તે દેવોની તથા તે દેવોમાં રહેલા અંતર્યામીની કૃપાવડે પોતાના ચિત્તની શુદ્ધિ થઇ તેમાં રહેલો ભેદભાવ દૂર થવાની યોગ્યતા આવે છે.

શ્રીસનક એ શ્રીબ્રહ્માના માનસ પુત્ર છે. તેમનાથી ભરતખંડમાં અદ્વૈતજ્ઞાનનો સંપ્રદાય પ્રવૃત્ત થયો છે. જે અદ્વૈતજ્ઞાન મેળવવા જિજ્ઞાસુ પ્રયત્ન કરે છે તે અદ્વૈતજ્ઞાનના મૂલ પ્રવર્તકનું તથા તે પછીના મુખ્ય આચાર્યોનું સ્મરણ કરી તેમના નામનું તર્પણ કરવાથી દ્વિજ જિજ્ઞાસુના અંતઃકરણમાં રહેલા બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાં પ્રતિબંધ કરનારા સંસ્કારો દૂર થાય છે, માટે તે તર્પણ જેને મનુષ્યતર્પણ વા ઋષિતર્પણ કહે છે તે પણ દ્વિજને નિત્ય કર્તવ્ય છે. સર્વ મનુષ્યને સુખની પ્રાપ્તિની ને દુઃખની નિવૃત્તિની ઇચ્છા છે. તે સુખની પ્રાપ્તિ ને દુઃખની નિવૃત્તિ જ્ઞાનવિના થતી નથી, તેથી સર્વ મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિની ઇચ્છા પ્રકટ કે અપ્રકટ હોય છે, માટે સર્વને ઋષિતર્પણ કર્તવ્ય છે.

અંતરિક્ષલોકના અવાંતરભેદરૂપ પિતૃલોકમાં રહેલા અર્યમાદિ પિતૃઓનું તથા યમલોકમાં રહેલા યમનું તર્પણ કરવામાં તેમની પોતાના મરણ પામેલા સંબંધિજનોઉપર કૃપા રહે એ હેતુ છે. મરેલા સંબંધિજનોનિમિત્તે જે શ્રાદ્ધ કરવામાં આવે છે તેનો પુણ્યાંશ અર્યમા તે પ્રાણી જયાં હોય ત્યાં તેને પહોંચાડે છે તે તેમનો તર્પણ કરનાર ઉપર ઉપકાર છે, તેમજ ગત થયેલા સંબંધિજનોના પુણ્યાપુણ્યનો નિશ્ચય કરી તેમને તેમના કર્મનું ફલ ભોગવવાની વ્યવસ્થા કરવામાં યમનો શ્રમ છે. એવી રીતે બન્નેનો ઉપકાર હોવાથી તર્પણવડે તેમના ઉપકારમાંથી મોકળા થવાય છે. અગ્નિ અને ચંદ્રનું જે તર્પણ કરાય છે તે પણ તેમના ઉપકારમાંથી મોકળા થવામાટે કરાય છે. જેઓ દૃષ્ટ ઉપકારને પણ ભૂલી જાય છે, ને બની શકે તો તેનું અનિષ્ટ કરવા તત્પર થાય છે, તેવા કૃતઘ્ની લોકોને આવા તર્પણનું માહાત્મ્ય ન સમજાય, તેથી કાંઇ તેના વાસ્તવિક માહાત્મ્યની ન્યૂનતા થતી નથી.

મરણ પામેલા પિતા આદિ તથા માતા આદિ સંબંધી જનોને ઉદ્દેશી જે તર્પણ કરાય છે તે પણ તેમનો ઉપકાર માની તેમના ઋણમાંથી મોકળા થવાનો પ્રયત્ન છે, તેમજ તે કર્મના પુણ્યવડે તેમની ઊર્ધ્વગતિ થવાની ભાવના પણ છે. મરણ પામેલા સંબંધિજનોના નામોનું સ્મરણ કરી તેમને ઉદ્દેશી તર્પણ કરવામાં આવે છે તે ઉપરથી જીવતા સંબંધિજનોમાં જે શ્રેષ્ઠ, સમાન ને કનિષ્ઠ હોય તેમના પ્રતિ અનુક્રમે પૂજ્યભાવ, મૈત્રી ને દયા તર્પણ કરનારે રાખવાં જોઇએ એમ પણ સૂચવાય છે. તર્પણ બે પ્રકારે થઈ શકે છે, ભાવથી ને દ્રવ્યથી. અંતઃકરણના શુદ્ધભાવથી તર્પણ કરવાયોગ્યનું મન ને વાણીવડે તર્પણ કરવું (તેમને સંતોષ થાઓ એવી ભાવના કરવી) તે ભાવતર્પણ, ને જવ વા તલસહિત જલથી તર્પણ કરવાયોગ્યનું અંજલિવડે તર્પણ કરવું તે દ્રવ્યતર્પણ કહેવાય છે. ભાવતર્પણ ને દ્રવ્યતર્પણ સાથે થાય તે ઉત્તમ, દ્રવ્યતર્પણની અનુકૂલતા ન હોવાથી માત્ર ભાવતર્પણ થાય તે મધ્યમ, ને દેખાદેખીથી વા પૂરતી સમજવિના જે દ્રવ્યતર્પણ થાય તે કનિષ્ઠ છે.

દ્વિજે એ ત્રણમાંનું કોઈ પણ એક તર્પણ નિત્ય કરવું જોઇએ, તેમાં પણ ઉત્તરઉત્તરથી પૂર્વપૂર્વનું શ્રેષ્ઠ છે. જેમનાથી પોતાના વેદના આહ્નિકપ્રકાશમાં કહ્યા પ્રમાણે વિસ્તારથી તર્પણ ન થઇ શકે તેમણે પોતાના વેદના નિત્યકર્મમાં કહ્યા પ્રમાણે સંક્ષેપમાં તર્પણ કરવું.

દેવો, ઋષિઓ અને મરણ પામેલા નિકટના પૂજ્ય સંબંધિજનોનું તર્પણ નહિ કરવાથી મનુષ્ય કૃતઘ્ની થાય છે, ને તે પાપથી તેનો વ્યવહારમાં અભ્યુદય થતો નથી, અને જો તેને બ્રહ્મજ્ઞાન મેળવવાની ઇચ્છા હોય તો પ્રતિબંધક સંસ્કારોની નિવૃત્તિ ન થવાથી તે બ્રહ્મજ્ઞાન તેને પ્રાપ્ત થઇ શકતું નથી. ધર્મ અને મોક્ષનો અનાદર

કરી વા ભક્તિનો કે જ્ઞાનનો દંભ કરી આલસ્ય વા અર્થકામને વશ થઇ જેઓ દેવાદિનું તર્પણ કરતા નથી તેમનો અધઃપાત થાય છે, માટે પ્રત્યેક વિવેકી દ્વિજે નિત્ય દેવાદિનું યથાવિધિ તર્પણ કરવું ઉચિત છે. દેવો અને ઋષિઓનું તર્પણ નહિ કરવાથી અનાવૃષ્ટિ તથા રોગાદિવડે તેમજ સદ્વિદ્યાના અલાભવડે માણસોને પીડા થાય છે, અને મરણ પામેલા પૂજ્ય સંબંધીઓનું તર્પણ નહિ કરવાથી તેમની ઉન્નતિનો ઉપાય ન કરવાવડે તેઓ કૃતઘ્ની થાય છે, ને પોતાના પુત્રો પોતાના ઉપર પૂજ્યભાવ રાખી વિવેકવિનયથી વર્તતા નથી, એથી તેમને વ્યાવહારિક હાનિ થાય છે.

"દેખે એવું શીખે" એ ન્યાયે જ્યાં મરણ પામેલા સંબંધિજનોનું સ્મરણ કરી તર્પણ કરાતું નથી, અને જીવતા પૂજ્ય સંબંધિજનોભણી વિવેકવિનયથી વર્તાતું નથી, ત્યાં રહેલાં બાળકો પણ જીવતાં પૂજ્ય સંબંધિજનોભણી પૂજ્યભાવ રાખતાં નથી, ને તેમની સાથે વિવેકવિનયથી વર્તતાં નથી. નાનાં બાળકોમાં અનુકરણ કરવાનો સ્વભાવ પ્રબલ હોય છે, અને તે કાલે પડેલા સંસ્કારો પછી સહસા નિવૃત્ત થતા નથી. બાળકો પોતાનાં માતપિતાના આચરણનું તેમના ઉપદેશવિનાજ અનુકરણ કરે છે, અને પછી તેમનો તેવો સ્વભાવ બંધાય છે. જ્યાં મરણ પામેલાં માતપિતાનું પૂજ્યભાવથી સ્મરણ થતું નથી, ને જીવતાં માતપિતાસાથે વિવેકવિનયથી વર્તાતું નથી, ત્યાં નાનાં બાળકો પણ આપણે ભવિષ્યમાં આમ વર્તવાનું છે એમ નિશ્ચય કરે છે. એ વાત વિશેષ સ્પષ્ટ કરવા એક ઉદાહરણ આપવામાં આવે છેઃ—કોઇ એક માણસ પોતાનાં વૃદ્ધ માતપિતાને દિવસે પોતાના ઘરમાં નહિ રહેવા દેતાં પોતાના ઘરના ઓટલાઉપર જૂની ખાટલીના કટકાઉપર બેસારી રાખતો, ને તેમને પૂરું ખાવાપીવાનું પણ

આપતો નહિ. એક વેલા તેના ઘરમાંથી બે જૂની ઘાબળીઓ ખોવાઈ. તેની તેણે શોધ કરવા માંડી. શોધ કરતાં તેના આઠ વર્ષની વયના છોકરાને તે ધાબળીઓસંબંધી પૂછ્યું. તેના ઉત્તરમાં તેણે જણાવ્યું કે:—“તે ધાબળીઓ તો મે સંતાડી રાખી છે, કેમકે તમે જ્યારે ઘરડા થશો, ને દાદાદાદીની પેઠે તમારે આપણા ઘરને ઓટલે બેસવું પડ-શે, ત્યારે તે ધાબળીઓ તમારે બેસવાના કામમાં આવશે, ને મારે બીજી ધાબળીઓ વેચાતી લેવી નહિ પડે !” આવી રીતે પોતાનાં માબાપપ્રતિ જેઓ અનુચિત વર્તન કરે છે, તેમના પ્રતિ તેમનાં છોકરાં પણ અનુચિત વર્તન કરે છે. હે દ્વિજશ્રેષ્ઠો ! તમારામાંના જેઓ દેવો, ઋષિઓ ને પિતૃઓને ઉદ્દેશે તર્પણ ન કરતા હોય તેઓ શાસ્ત્રાજ્ઞાનો અનુકૂલ યુક્તિઓથી વિચાર કરી તે તર્પણ કરો. આળસ અને અશ્રદ્ધાને વશ થઇ અવશ્ય કરવાયોગ્ય કર્મનું વિસ્મરણ ન કરો. તમે જ્યારથી દેવોભણીની તમારા ચિત્તની સાત્ત્વિકી શ્રદ્ધાનો ત્યાગ કર્યો છે ત્યારથી તમારી શરીરસંપત્તિ ને ધનસંપત્તિ સારી રહી નથી. ઋષિઓમાં અશ્રદ્ધા કરી તેમનું તર્પણ કરવાનું જ્યારથી તમે ત્યજ્યું છે ત્યારથી તમારામાં જ્ઞાનને સ્થાને અજ્ઞાનનું પ્રાબલ્ય થયું છે, અને પિતૃઓનું તર્પણ જ્યારથી તમે ત્યજ્યું છે ત્યારથી તમારી દુષ્ટ સ્વાર્થવૃત્તિ પ્રબલ થઇ કુસંપ, લોભ ને દ્વેષાદિએ તમારા ચિત્તા-દિમાં પ્રવેશ કર્યો છે, ને તમારા પુત્રાદિથી તમે અપમાન પામવા લાગ્યા છો. હવે બહુ થયું એમ સમજી જાગ્રત્ થઇ આળસનો ઉદ્યોગવડે જય કરો, અને અશ્રદ્ધાનો શ્રદ્ધાવડે જય કરો. મરી ગયે-લા શુદ્ધભાવને સુવિચાર ને સુસંગવડે પાછો જીવતો કરો, અને જવ, તલ ને જલની પ્રાપ્તિ બહુ શ્રમસાધ્ય નથી. પુસ્તકો પણ વિના-મૂલ્યે મળે છે, એટલે તેમાં પણ દ્રવ્ય વાપરવાનું નથી. નાની નાની

ક્રિયાઓનો મોટી વાતોની સાથે પરિણામે સંબંધ હોય છે એમ સમજી ધર્મની નાની ક્રિયાની પણ ઉન્મત્ત થઇ અવગણના ન કરો. જીવતાં માતપિતાસાથે વિવેકવિનયથી વર્તી તેમની સેવા કરો. જે ઘરમાં માતપિતા દેવની પેઠે પૂજાય છે ત્યાં આરોગ્ય અને લક્ષ્મીનો વાસ થાય છે તેનું વિસ્મરણ ન કરો. કેવલ સ્વશરીરનું ને સ્ત્રી-બાળકનુંજ તર્પણ ન કરો, પણ જેમનું તર્પણ કરવાયોગ્ય છે તેમનું પણ તર્પણ કરો.

દેવપૂજન અને તેના સંપ્રદાયભેદે પ્રકાર.

શ્રીમહેશ્વર, શ્રીવિષ્ણુ, ગણપતિ, સૂર્ય કે ભગવતી એમાંના કોઇ એક દેવનું તેમને સગુણબ્રહ્મ (માયાસહિત ચૈતન્ય) સમજી શાસ્ત્રોક્તરીતે પૂજન કરવું તે દેવપૂજન કહેવાય છે. દેવપૂજન પણ પ્રત્યેક દ્વિજે નિત્ય કરવું જોઇએ. તે દેવપૂજન સવાર, બપોર ને સાંજ એમ ત્રણ વાર, અથવા સવારસાંજ એમ બેવાર, વા માત્ર સવારે એકવાર કરવું. જેનાથી ષોડશોપચારથી પૂજન થઇ શકે એમ હોય તેણે ષોડશોપચારથી પોતાના ઇષ્ટદેવનું પૂજન કરવું, જેનાથી ષોડશોપચારથી પૂજન થઇ શકે એમ ન હોય તેણે ચંદન, પુષ્પ, ધૂપ, દીપ ને નૈવેદ્ય એ પાંચ ઉપચારથી કિંવા અભિષેક, નૈવેદ્ય ને નમસ્કાર એ ત્રણ ઉપચારથી મૂલમંત્રવડે પૂજન કરવું, અને અતિ અશક્તે તો માત્ર ભાવયુક્ત પુષ્પાંજલિરૂપ એક ઉપચારથી પૂજન કરવું. મધ્યાહ્નકાલે ને સાયંકાલે જેનાથી વિસ્તારવડે વિધિપૂર્વક પૂજન ન થઇ શકે એમ હોય તેણે પ્રાતઃકાલમાં વિસ્તારથી વિધિપૂર્વક પૂજન કરી મધ્યાહ્નને તથા સાંજે પુષ્પાંજલિ અર્પણ કરીને પૂજન કરવું. મનને અત્યંત પ્રસન્ન રાખી, અને નેત્રને હર્ષાશ્રુયુક્ત તથા શરીરને રોમાંચિત કરી, દ્વિજે પોતાના ઇષ્ટદેવનું પૂજન કરવું જોઇએ. ભાવરહિત મનથી તથા નેત્રને ચપલ રાખીને પૂજન કરવું તે બહુલાભકર નથી.

જેને માહેશ્વરી દીક્ષા હોય, ને શ્રીમહેશ્વરમાં સ્વાભાવિક પ્રેમ હોય, તેણે શ્રીમહેશ્વરનું પૂજન કરવું; જેને વૈષ્ણવી દીક્ષા હોય, ને શ્રીવિષ્ણુમાં સ્વાભાવિક પ્રેમ હોય, તેણે શ્રીવિષ્ણુનું પૂજન કરવું; જેને ગાણેશી દીક્ષા હોય, ને ગણેશમાં સ્વાભાવિક પ્રેમ હોય, તેણે શ્રીગણેશનું પૂજન કરવું; જેને સૌરી દીક્ષા હોય, ને શ્રીસૂર્યમાં સ્વાભાવિક પ્રેમ હોય, તેણે શ્રીસૂર્યનું પૂજન કરવું; અને જેને ભાગવતી દીક્ષા હોય, ને શ્રીભગવતીમાં સ્વાભાવિક પ્રેમ હોય, તેણે શ્રીભગવતીનું દક્ષિણામ્નાયથી પૂજન કરવું. જેમને પંચાયતનનું પૂજન કરવામાં અભિરુચિ હોય તેમણે શિવપંચાયતન, વિષ્ણુપંચાયતન, ગણેશપંચાયતન, સૂર્યપંચાયતન કે દેવીપંચાયતનમાંના કોઈ એક ઇષ્ટ પંચાયતનનું ભાવસહિત પૂજન કરવું. વિષ્ણુમાંથી પણ રામ, કૃષ્ણ, નારાયણ કે નૃસિંહ આદિ જે સ્વરૂપનું પૂજન કરવાનું પોતાને રુચતું હોય તે સ્વરૂપનું પૂજન કરવું. જેને શૈવમત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવોના ઉપાસકોની નિંદા નહિ કરતાં શૈવમતનું પરિપાલન કરી શ્રીશિવનું વિધિવત્ પૂજન કરવું, જેને રામાનુજાચાર્યનો મત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવોના ઉપાસકોની નિંદા નહિ કરતાં રામાનુજાચાર્યના મતનું પરિપાલન કરી શ્રીનારાયણનું વિધિવત્ પૂજન કરવું, જેને વલ્લભાચાર્યનો મત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવોના ઉપાસકોની નિંદા નહિ કરતાં વલ્લભાચાર્યના મતનું પરિપાલન કરી શ્રીકૃષ્ણનું વિધિવત્ પૂજન કરવું, જેને સ્વામિનારાયણનો મત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવોના ઉપાસકોની નિંદા નહિ કરતાં સ્વામિનારાયણના મતનું પરિપાલન કરી શ્રીકૃષ્ણનું કે શ્રીસહજાનંદસ્વામીનું વિધિવત્ પૂજન કરવું, જેને ગાણપત્યમત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવોના ઉપાસકોની નિંદા નહિ કરતાં ગાણપત્યમતનું પરિપાલન

કરી શ્રીગણપતિનું વિધિવત્ પૂજન કરવું, જેને સૌરમત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવોના ઉપાસકોની નિંદા નહિ કરતાં સૌરમતનું પરિપાલન કરી શ્રીસૂર્યનું વિધિવત્ પૂજન કરવું, અને જેને ભાગવતીનો મત યોગ્ય લાગતો હોય તેણે અન્ય દેવના ઉપાસકોની નિંદા નહિ કરતાં ભાગવતીના મતનું પરિપાલન કરી શ્રીભગવતીનું નિંદ્ય ઉત્તરામ્નાયનો (વામમતનો) ત્યાગ કરી, દક્ષિણામ્નાયને અનુસરી વિધિવત્ પૂજન કરવું. જેને જે મત યોગ્ય લાગતો હોય તે તેણે શ્રદ્ધાપૂર્વક પાળવો, ને જેને જે દેવમાં શ્રદ્ધા હોય તેણે તે દેવનું પૂજન કરવું, પણ માત્ર નામ ને આકારાદિના ભેદથી વ્યામોહ પામી પરસ્પર નિરર્થક ક્લેશ કરવો નહિ.

અન્ય સંપ્રદાયવાળાનો કે પરધર્મીનો દ્વેષ નહિ કરવાવિષે સકારણ બોધ તથા બાહ્યપૂજનનું ફલ.

ઈશ્વર બહુનામી હોવાથી તેમનાં અસંખ્ય નામો છે, ને બહુરૂપી હોવાથી તેમનાં અનેક રૂપો છે, એમ સમજી જેઓ જે નામથી ને જે રૂપથી પ્રભુને શ્રદ્ધા ને સદાચરણથી ભજે છે તે યોગ્ય કરે છે, ને તેમનું તેમ કરવાથી શ્રેય થશે, એમ સમજી પોતાને રુચે તે પ્રમાણે પોતે આચરવું, પણ નિરર્થક બીજાની પંચાતમાં પડી પોતે ક્લેશાનુભવ કરવો નહિ, ને અન્યને ક્લેશાનુભવ કરાવવો નહિ. શિવના ઉપાસકોએ વિષ્ણુનું નામ સાંભળીને અને વિષ્ણુના ઉપાસકોએ શિવનું નામ સાંભળીને વૃત્તિને પરિતાપયુક્ત કરવી યોગ્ય નથી. વિષ્ણુ એ વ્યાપક પરમાત્માનું નામ છે, ને શિવ પણ કલ્યાણસ્વરૂપ પરમાત્માનુંજ નામ છે, એમ સમજી જેને જે નામ રુચિકર લાગે તે નામે તે પરમાત્માને ભજે તેમાં બીજાએ શામાટે પરિતાપયુક્ત થવું જોઇએ ? જેમ વૃષ્ટિનું જલ પાંસરું કે

વાંકુંચુંકું વહન કરતું છતું સમુદ્રમાં જાય છે, તેમ જેઓ શુદ્ધભાવથી પરમાત્માનું માહાત્મ્ય સમજીજે નામથી વા જે રૂપથી પરમાત્માનું ભજન-પૂજન કરે છે તે સર્વે સમજપૂર્વક કે સમજવિના પણ પરમાત્મા-નુંજ ભજનપૂજન કરે છે, ને તેમને તેમના પ્રયત્નાનુસાર ફલ મળે છે. પરમાત્માનાં અનેક નામો હોવાથી ઉપાસકોએ તેમના નામમાટે શાસ્ત્ર-નો અભિપ્રાય સમજ્યા વિના નકામો વિવાદ કરવો નહિ, એ અર્થ શ્રીમ-હાભારતઉપરની ચાતુર્ધરીટીકામાં આદિપર્વના પહેલા અધ્યાયમાં પંડિત નીલકંઠે શ્યાલસારમેયનું ઉદાહરણ આપીને નીચે પ્રમાણે સમજાવ્યો છેઃ—

કોઇ મનુષ્યના સાળાનું નામ ઉત્ફાલક હતું, અને તેના (તે સાળાના) શત્રુનું નામ ધાવક હતું. વળી તે પુરુષના પાળેલા કુતરાનું નામ પણ ધાવક હતું, અને તેના પાડોશીના પાળેલા કુતરાનું નામ ઉત્ફાલક હતું. તે પુરુષની સ્ત્રી પરણીને પ્રથમ પોતાને ઘેર આવી. હવે અહિં તે બંને કુતરાઓ પરસ્પર નિત્ય લડતા હતા, તેથી તેનો પતિ પાડોશીના પાળેલા કુતરા ઉત્ફાલકને ઘણી ગાળો દેતો હતો, અને પોતાના પાળેલા કુતરા ધાવકનાં બહુ વખાણ કરતો હતો. આ સાંભળી તે સ્ત્રીને આવી ભ્રાંતિ થઇ જે મારો પતિ મારા ભાઇને ગાળો દે છે, અને તેના શત્રુનાં વખાણ કરે છે. પછી તે મનમાં રોષ લાવી પતિની સાથે ક્લેશ કરવા લાગી. જેમ પતિનો અભિપ્રાય જાણ્યા વિના તે સ્ત્રીએ ક્લેશ કર્યો, તેમ પુરાણોમાં ભિન્ન ભિન્ન નામથી એકજ પરમાત્માનું વ્યાસભગવાને વર્ણન કર્યું છે તે વ્યાસભગવાનનો અભિપ્રાય સમજ્યા વિના મંદબુદ્ધિવાળા વૈષ્ણવાદિ શિવાદિનું નામ સાંભળીને ને શૈવાદિ વિષ્ણુ આદિનું નામ સાંભળીને પરસ્પર નિરર્થક ક્લેશ કરે છે.

અમુકરીતે પરમાત્માની ઉપાસના કરનાર પોતાના મતનેજ

વાસ્તવિક માની પોતાનાથી વિપરીતરીતે પરમાત્માને માનનારનો દ્વેષ કરે છે આ પણ અનુચિત છે. જેનો નિર્ણય માત્ર સ્વાનુભવથી-જ થઇ શકે એવો છે, ને જેનો અનુભવ મેળવવામાં ચિત્તના બહુ ઉત્કૃષ્ટ અધિકારની અગત્ય છે, તેવા ગહન વિષયમાં લેશ પણ અધિકાર સંપાદન કર્યા વિના પરસ્પર ક્લેશ કરવો એ મૂર્ખાઇભરેલું કૃત્ય છે. સગુણસાકાર કે નિર્ગુણનિરાકારનો સાક્ષાત્કાર કર્યા વિના જેઓ તે સંબંધી પરસ્પર વૃથા ક્લેશ કરે છે તેઓ ભેંસ વેચાતી લીધા પહેલાં છાશ આપવાના સંબંધમાં વૃથા ક્લેશ કરનારાં મૂર્ખ ધણીધણીઆણી-જેવાં છે એમ કહ્યા વિના રહેવાતું નથી. શાસ્ત્રમાં સગુણસાકાર પરમાત્મા છે એવાં વચનો પણ છે, ને નિર્ગુણનિરાકાર પરમાત્મા છે એવાં વચનો પણ છે, ને તેનો વાસ્તવિક નિર્ણય જ્યારે ચિત્તને શુદ્ધ ને સ્થિર કરી તેમનો સાક્ષાત્કાર કરવામાં આવે ત્યારેજ થઇ શકે એમ છે, માટે વર્તમાનમાં તે વિષે ક્લેશ નહિ કરતાં તમને જેવા પરમાત્મા સમજાતા હોય તેવી રીતે તમે તેમને ભજો, અને અન્યને તે બીજી રીતના સમજાતા હોય ને તે ભલે તેવી રીતે તેમને ભજે, તેમાં વિનાપ્રયોજને તમારે વચ્ચે પડી પેટ ચોળીને પીડા ઉપજાવવાની કાંઇ અગત્ય નથી.

પરમાત્માનું બાહ્યપૂજન એ આંતરપૂજન વા માનસપૂજનનો અધિકાર સંપાદન કરવામાટે છે. પરમાત્માની પ્રતિમાનું કે પ્રતીકનું વિધિવત્ બાહ્યપૂજન કરવાથી ઉપાસકના ચિત્તમાં રહેલા લોભ, અવિનય, આળસ, પ્રમાદ ને ચાંચલ્યાદિ દોષો દૂર થાય છે. આ દોષો પોતાના ચિત્તમાંથી ક્રમાત્ દૂર થાય છે કે નહિ તે પ્રત્યેક ઉપાસકે નિત્ય જોતા રહેવું જોઇએ. જો તે દોષો દૂર ન થતા હોય ને પૂર્વના જેવાજ તે બલવાન્ રહેતા હોય તો પૂજનમાં કાંઇ ભૂલ છે

એમ સમજી કોઇ યોગ્ય પુરુષપાસેથી પૂજનપદ્ધતિ સમજી પોતાના ઇષ્ટદેવનું પૂજન કરવું જોઇએ. જ્યારે માનસપૂજનનો અધિકાર પુરુષને પ્રાપ્ત થાય છે ત્યારે તેને બાહ્યપૂજન કર્તવ્યરૂપે રહેતું નથી.

હે દ્વિજો ! તમને ગમે તે શુદ્ધસાત્વિક સંપ્રદાય તમે પાળો, અને તમને તમારા કર્માનુસાર જે સાત્વિક દેવ રુચે તેનું તમે શુદ્ધભાવે પૂજન કરો, પણ પરસ્પર સંપ્રદાયનિમિત્તે નકામો ક્લેશ ન કરો. વળી તમે સંપ્રદાયનો ક્લેશ પોતાની જ્ઞાતિમાં લાવી પરસ્પર દ્રોહ ન કરો. તમારા ગુરુને અને તમને જે શાસ્ત્ર પ્રિય હોય તે શાસ્ત્ર જેવી રીતે જે નામવાળા ને જે આકારવાળા પ્રભુનું પૂજન કરવાનું કહે તેવી રીતે તે નામવાળા ને તે આકારવાળા પ્રભુનું તેમનું વાસ્તવિક સ્વરૂપ સમજવા તથા તેમની અમોઘ કૃપા સંપાદન કરવા તમે પૂજન કરો, પણ સામાના અંતઃકરણમાં અંતર્યામિરૂપે રહેલા પરમાત્મા દુભાય એવી રીતે અન્ય નામવાળા ને અન્ય આકારવાળા પ્રભુનું પૂજન કરનારાની સાથે તમે ન વર્તો.

રુદ્રાક્ષની માલા ને વિભૂતિ ધારણ કરેલા કોઇ શૈવ દ્વિજને જોઇ કોઇ વૈષ્ણવ દ્વિજે પોતાના ચિત્તમાં ક્રોધરૂપ ચાંડાલનો આવિર્ભાવ કરી તે શૈવ દ્વિજને ચાંડાલતુલ્ય સમજવો નહિ જોઇએ, તેમજ તુલસીની માલા તથા કંકુ આદિનું ઊર્ધ્વપુંડ્ર ધારણ કરેલા કોઈ વૈષ્ણવ દ્વિજને જોઇ કોઇ શૈવ દ્વિજે પોતાના ચિત્તમાં ક્રોધરૂપ ચાંડાલનો આવિર્ભાવ કરી તે વૈષ્ણવ દ્વિજને ચાંડાલતુલ્ય સમજવો નહિ જોઇએ. "**ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ॥**" (હે અર્જુન ! પરમાત્મા સર્વ પ્રાણીઓના હૃદયદેશમાં રહે છે,) એ ભગવદ્વાક્યનું સ્મરણ કરી સર્વ પ્રાણીઓમાં પરમાત્મા રહ્યા છે એમ સમજી સર્વના ઉપર નિર્મલ પ્રેમ રાખવારૂપ પરમાત્માનું પૂજન કરો, પણ કોઇ

પ્રાણીનો દ્રોહ કરી પરમાત્માનું અપમાન કરતા છતા બાહ્યદંભરૂપ પરમાત્માનું પૂજન ન કરો. ભગવાન્ વસિષ્ઠ કહે છે તે પ્રમાણે અન્યને સંતોષ થાય એવું શુભ વર્તન રાખવારૂપ પ્રભુભજન કરી સુખી થાઓઃ—

" येन केन ह्युपायेन, यस्य कस्यापि देहिनम् ।
संतोषं जनयेद्राम, ह्येतदीश्वरपूजनम् ॥ १ ॥ "

ભાવાર્થઃ—હે રામચંદ્રજી ! કોઇ પણ શુભ ઉપાયવડે કોઇ પણ પ્રાણીને સંતોષ ઉપજાવવો આજ ઇશ્વરપૂજન છે.

પંચમહાયજ્ઞ (વૈશ્વદેવ) અને તે કરવાનો હેતુ.

સર્વ દેવોના સત્કારમાટે ને પાંચ પાપસ્થાનોમાં થયેલા હિંસાદોષની નિવૃત્તિમાટે જે શાસ્ત્રવિહિત કર્મ કરવામાં આવે છે તે વૈશ્વદેવ કહેવાય છે. વૈશ્વદેવનું અન્ય નામ પંચમહાયજ્ઞ પણ છે. ગૃહસ્થના ઘરમાં ખાંડણીઓ ખાંડણી ને સાંબેલું આદિ ખાંડવાનાં સાધનો, ઘંટી છીપર ને ઉપરવટણા આદિ દળવાનાં તથા વાટવાનાં સાધનો, ચૂલા ને સગડી આદિ રસોઇ આદિ કરવાનાં સાધનો, ગોળા આદિ જલ રાખવાનાં સાધનો, ને વાસીદું કાઢવાનાં તથા લિંપવાનાં સાધનો, એ પાંચ હિંસાનાં સ્થાનો હોય છે. એ સ્થાનોમાં નિત્યપ્રતિ જાણેઅજાણે ઝીણા જંતુઓની હિંસા થવાનો સંભવ છે. તે હિંસાથી થતા પાપની નિવૃત્તિમાટે ગૃહસ્થે નિત્ય પાંચ મહાયજ્ઞ કરવા જોઇએ. દેવયજ્ઞ, ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, બ્રહ્મયજ્ઞ ને મનુષ્યયજ્ઞ એ પાંચ મહાયજ્ઞનાં નામો છે. અગ્નિ આદિ દેવોને નિમિત્તે અગ્નિમાં હવિષ્‌ના બલિ હોમવા તે દેવયજ્ઞ, આસપાસના સામાન્ય દેવોને ઉદ્દેશી બલિ મૂકવા તે ભૂતયજ્ઞ, પિતૃઓને ઉદ્દેશી બલિ મૂકવો તે પિતૃયજ્ઞ, વેદાદિનું અધ્યયન કરવુંકરાવવું તે બ્રહ્મયજ્ઞ, અને

કોઇ સુપાત્ર યાચકને વા અતિથિને અન્ન આપવું તે મનુષ્યયજ્ઞ કહેવાય છે.

જેમ દ્વિજોને નિત્ય સંધ્યાવંદન કરવાની અગત્ય છે, તેમ તેમને નિત્ય પાંચ મહાયજ્ઞ કરવાની પણ અગત્ય છે. વૃષ્ટિ આદિદ્વારા દેવોનો મનુષ્યોઉપર ઉપકાર છે. તે ઉપકારરૂપ ઋણમાંથી મોકળા થવામાટે, પિતૃઓના ઉપકારરૂપ ઋણમાંથી મોકળા થવામાટે, ઋષિઓના ઉપકારરૂપ ઋણમાંથી મોકળા થવામાટે, ને મનુષ્યોને સાહાય્ય કરવારૂપ કર્તવ્યપરિપાલનમાટે પણ દ્વિજે નિત્ય પાંચ મહાયજ્ઞ કરવા જોઇએ. એ પાંચ મહાયજ્ઞના અનુષ્ઠાનથી દ્વિજના મનમાં રહેલા લોભ, કૃતઘ્નતા, દ્વેષ ને ઇર્ષ્યાદિ દોષો દૂર થઇ તેના મનની શુદ્ધિ થાય છે. જે માણસ રાંધેલા અન્નમાંથી દેવોને બલિ આપતો નથી, અને માત્ર પોતાના ને પોતાના કુટુંબના પ્રાણધારણમાટેજ અન્ન રંધાવે છે, વા રાંધે છે, ને ખાય છે, તે પાપી શાસ્ત્રદષ્ટિએ પાપનું ભક્ષણ કરે છે; તથા બ્રહ્મયજ્ઞ ન કરવાથી ધર્મશાસ્ત્રની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાવડે તેને પ્રત્યવાય લાગે છે, માટે સમજુ દ્વિજે આળસ, પ્રમાદ તથા અશ્રદ્ધાનો ત્યાગ કરી નિત્ય પાંચ મહાયજ્ઞ કરવા જોઇએ. પાંચ મહાયજ્ઞ કરવામાં ઘણા દ્રવ્યનો વ્યય થતો નથી, ને સમય પણ બહુ જતો નથી, માટે તેના અનુષ્ઠાનવડે થતો લાભ મેળવવામાં દ્વિજે શામાટે પ્રમાદી રહેવું જોઇએ? હે દ્વિજો ! તમારું દ્વિજપણું શુભ કર્મોના ત્યાગવડે ઝાંખું પડી ગયું છે, માટે જાગો, ને શુભ કર્મનું અનુષ્ઠાન કરી તમારા દ્વિજપણાને પુનઃ ઉજ્જવલ કરો.

ભોજન કેવી રીતે કરવું ? તથા ત્યજવાયોગ્ય પદાર્થો અને વ્યસનોવિષે.

દ્વિજે પુણ્યની વૃદ્ધિમાટે વિધિવત્ ભોજન કરવું જોઇએ. અપથ્ય આહારનો ત્યાગ કરી તેણે પથ્ય આહાર લેવો જોઇએ.

અત્યાહાર પણ શરીર તથા મનને હાનિ કરે છે, માટે તે ન કરવો જોઇએ. જલ અને પ્રાણવાયુમાટે ઉદરમાં પૂરતો અવકાશ રાખી જમવું જોઇએ. જેઓ ભોજનના પદાર્થોના લોભથી કે દક્ષિણાના લોભથી પાચન થઇ શકે તેથી ઘણો વધારે આહાર ગ્રહણ કરે છે, તેઓ મરણ પામે છે, વા મરણના જેવા દુઃખનો અનુભવ ભોજનપછી કરે છે. અત્યાહાર મનુષ્યના શરીરબલને, ઇંદ્રિયોના બલને, ને બુદ્ધિબલને ક્ષીણ કરે છે, તથા તેવા લોકો પ્રાયશઃ અન્ય લોકોના હાસ્યને વા તિરસ્કારને પાત્ર થાય છે, માટે કોઇ પણ સમજુ દ્વિજે અત્યાહાર કરવો યોગ્ય નથી. દ્વિજે ડુંગળી, લસણ, ગાજર ને અતિ મરચાં કે બહુ તેલ પણ ભક્ષણ કરવાં નહિ. ડુંગળી તથા લસણથી અંતઃકરણના સાત્ત્વિક બલની હાનિ થાય છે, ને તેમાં તામસદ્રવ્ય વધે છે, અને ગાજર, અતિ મરચાં, ને અતિ તેલનું સેવન અંતઃકરણમાં રાજસદ્રવ્યની વૃદ્ધિ કરી તેમાં રહેલા સાત્ત્વિક દ્રવ્યને બલહીન કરે છે, માટે નિષિદ્ધપદાર્થો વિવેકી દ્વિજે ન ખાવા જોઇએ. તમાકુ ચાવવી, તમાકુ દાંતે દેવી, તમાકુ સુંઘવી, બીડી પીવી, કે ચલમ પીવી એ પણ દ્વિજને માટે યોગ્ય નથી. દ્વિજોને વિદ્યાધ્યયનાદિ શુભ કર્મમાં પ્રવર્ત થયેલા નહિ જોઇને અને તેમને તમાકુના કુચા ચગળતા, તમાકુ સુંઘતા, ચલમ પીતા, કે બીડી પીતા જોઇને કયા વિવેકી મનુષ્યને ખેદ ન થાય ? કેટલાક દ્વિજો ભાંગ (લીલાગર) કે ગાંજો પીએ છે, તે પણ બહુ અનુચિત કરે છે. અફીણનું, ચાનું, કાવાનું કે કોકોનું વ્યસન પણ આરોગ્યશાસ્ત્રની ને અર્થશાસ્ત્રની રીતે હાનિકર છે. સુરા, મદ્ય ને માંસનું સેવન તો દ્વિજને માટે બહુજ ધિક્કારવાયોગ્ય હોય એ સ્પષ્ટજ છે.

હે ચલમ કે બીડી પીનારા દ્વિજો ! શું તમે તમારું દ્વિજપણું કેવલ ભૂલી ગયા છો કે મુખદ્વારા હૃદયમાં મલિન ધૂમાડો ભર્યા કરો

છો ? શું બીજી કોઇ સારી વસ્તુ હૃદયમાં ભરવા તમને આ વિશ્વમાં પ્રતીત થતી નથી કે આવી અધમ વસ્તુને હૃદયરૂપ પવિત્ર પરમાત્માના નિવાસસ્થાનમાં ભર્યા કરો છો ? તમારા આ કુકર્મનો તમે કાંઇક વિચાર કરો, ને જે કાંઇ દ્વિજપણું તમારામાં શેષ રહ્યું હોય તેની વૃદ્ધિ કરવા તમે આવાં દુર્વ્યસનોને ત્યજો. હે જ્ઞાતિના આગેવાનો ! તમે પણ તમારું કર્તવ્ય બજાવો, ને જે જે ઉપરના દુર્વ્યસનવાળા તમારી જ્ઞાતિમાં જણાય તેમને પક્ષપાતરૂપ ભેદબુદ્ધિનો ત્યાગ કરી કાંઇક શાસનદ્વારા ઠેકાણે લાવવા પ્રયત્ન કરો, નહિ તો તમે પણ તમારું કર્તવ્ય નહિ બજાવવાના દોષના જવાબદાર યમરાજાપાસે થશો.

હે સુરા ને મદ્યનું પાન કરીને અને માંસનું ભક્ષણ કરીને પોતાના પવિત્ર બ્રાહ્મણનામને કલંકિત કરનાર કુલાંગાર અધમ બ્રાહ્મણ ! જો તું જનોઇ પહેરતો હોય, ને પોતાને બ્રાહ્મણ કહેવરાવતો હોય, છતાં ગુપ્તરીતે સુરાપાન, મદ્યપાન કે માંસભક્ષણ કરતો હોય તો તને ધિક્કાર છે ! શું તુ એમ સમજે છે કે તારા નિંદ્ય કર્મને પરમાત્મા, દેવો ને મનુષ્યો જાણતા નથી ? પાપકર્મ કદીપણ છાનું રહેતું નથી, ને પાપકર્મ કરનારને સમય આવે તેની શિક્ષા થયા વિના પણ રહેતી નથી, એ તારે વારે વારે સ્મરણમાં રાખવું જોઇએ. જો તું કલાલને ત્યાં કે પારસીની દુકાને જઈ દારુ પીતો હોય, ઘેર દારુ પીને જ્ઞાતિમાં જમવા જતો હોય, કે જ્ઞાતિમાં જમવા જાય ત્યાં પીવામાટે દારુ સાથે લઇ જતો હોય, ને તારી જ્ઞાતિના આગેવાનો આ વાત જાણતાં છતાં પણ તને કોઇ યોગ્ય શિક્ષા ન કરતા હોય, તો તારી, તારી જ્ઞાતિના આગેવાનોની, ને તારી જ્ઞાતિની પણ ભવિષ્યમાં અવદશા થવાનું અનુમાન અસત્ય ગણવાયોગ્ય નથી. શું તને પીવાને પવિત્ર જલ, દૂધ કે શરબત નથી મળતું કે તું ધર્મભ્રષ્ટ થવા કાળજાને બાળી નાંખી બુદ્ધિને ભ્રમ ઉપજાવે એવો દારુ પીએ છે ? જે બનાવવામાં ઘણી હિંસા

થાય છે, જેના પાનથી મુખ ગંધાય છે, જે શરીર, ઇંદ્રિયો ને મનને નિર્બલ બનાવે છે, જેના સેવનથી દ્રવ્યનો નિરર્થક વ્યય થાય છે, અને જેનું પ્રાયશ્ચિત્ત બ્રાહ્મણને માટે મૃત્યુવિના બીજું શાસ્ત્ર કહેતું નથી, એવા પાપમય દારુનું સેવન તું કયા હિતકર પ્રયોજનને સિદ્ધ કરવા કરે છે ? કુસંગથી વ્યસન થઇ ગયું છે, તેથી તેનું અત્યંત અસારપણું સમજાયા છતાં તે મારાથી છૂટતું નથી એમ જો તું કહેતો હોય તો સાંભળ:—જેમ મરણ તરણને શીખવે છે, તેમ તું પણ જો સારા સંગમાં રહી તેનો પરિત્યાગ કરવા સદાગ્રહ-પૂર્વક પ્રયત્ન કરીશ તો તારું આ વ્યસન સુખપૂર્વક છૂટી જશે, ને તું સુખી થઇશ. આ કડોરજેવાં પ્રતીત થતાં વચનો માત્ર તારા હિતમાટે કહેવાં પડ્યાં છે, માટે તું તારા મનમાં લેશ પણ માઠું લગાડીશ નહિ. કડવું ઓસડ હિતેચ્છુ પાય છે એ વાતની શું તને ખબર નથી ? જો તને બ્રાહ્મણપણાનું કાંઇ પણ અભિમાન રહ્યું હોય તો હવે અવશ્ય તું સુધરવામાટે સતત પ્રયત્ન કરજે.

કોઇ પણ પ્રકારનું દુર્વ્યસન મનુષ્યની ઉત્તરોત્તર અધોગતિ કરનારું હોવાથી કોઇ પણ પ્રકારે તે ઇચ્છવાયોગ્ય નથી. ભગવાન મનુ નીચેના શ્લોકથી વ્યસનને મૃત્યુથી પણ વધારે દુઃખ આપનાર ગણે છે:—

"व्यसनस्य च मृत्योश्च, व्यसनं कष्टमुच्यते ।
व्यसन्यधोऽधो व्रजति, स्वर्यात्यव्यसनी मृतः ॥ १ ॥"

ભાવાર્થ:-વ્યસન અને મૃત્યુની તુલના કરીએ તો વ્યસન કષ્ટરૂપ ગણાય છે, કારણકે વ્યસની મરીને નીચે નીચે જાય છે ને વ્યસનરહિત મરીને સ્વર્ગમાં જાય છે.

વ્યસની પરવશજેવો થઇ જવાથી સ્વધર્મનું પરિપાલન કરી શકતો નથી, ને તેથી તેની અધોગતિ થાય છે. ધર્મનું પરિપાલન કરવું એ મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે, ને એ કર્તવ્યથી વ્યસન ભ્રષ્ટ કરે છે, માટે પ્રત્યેક મનુષ્યે સર્વ દુર્વ્યસનોથી સદાગ્રહપૂર્વક દૂર રહેવું ઉચિત છે. પ્રત્યેક માણુસે સ્વધર્મના પરિપાલનમાં આગ્રહ રાખવો ઉચિત છે, એમ ભગવાન્ મનુ નીચેનાં વચનોથી કહે છેઃ—

" धर्म एव हतो हन्ति, धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मो न हन्तव्यो, मा नो धर्मो हतोऽवधीत् ॥ १ ॥
वृषो हि भगवान्धर्मस्तस्य यः कुरुते ह्यलम् ।
वृषलं तं विदुर्देवास्तस्माद्धर्मं न लोपयेत् ॥ २ ॥
एक एव सुहृद्धर्मो, निधनेऽप्यनुयाति यः ।
शरीरेण समं नाशं, सर्वमन्यद्धि गच्छति ॥ ३ ॥ "

ભાવાર્થઃ-ધર્મનો ત્યાગ કરવાથી તે ધર્મ ત્યાગ કરનાર માણુસનું હનન કરે છે, અને ધર્મનું રક્ષણ કરવાથી તે ધર્મ રક્ષણ કરનાર માણુસનું રક્ષણ કરે છે, તેથી ધર્મનો ત્યાગ ન કરવો. ત્યજી દીધેલો ધર્મ રખે આપણું હનન કરે, એમ ભય રાખી મનુષ્યે સર્વદા ધર્મ પાળવો. ૧. ભગવાન્ ધર્મ વૃષ કહેવાય છે, તેને જે અલં એટલે સમાપ્ત કરે છે, અર્થાત્ ત્યજે છે, તેને દેવો વૃષલ (શૂદ્ર) જાણે છે, તેથી દ્વિજે ધર્મનો લોપ ન કરવો. ૨. જગત્માં ધર્મ એ એકજ સુહૃદ્ છે કે જે માણુસના મરણપછી પણ તેની પછવાડે જાય છે, અને અન્ય સર્વ તો શરીરની સાથે નાશ પામે છે. ૩.

વસ્ત્રોની પવિત્રતા તથા પહેરવેશવિષે.

ટાઢતડકાથી શરીરનું રક્ષણ કરવામાટે તથા લોકલજ્જાનિવાર-

ણુમાટે મનુષ્યોએ વસ્ત્રો પહેરવાનાં છે. સૂતરાઉ, ઊનનાં કે રેશમનાં વસ્ત્રોમાંથી કોઇ પણ વસ્ત્રો પોતાની સ્થિતિને અનુકૂલ હોય તે મનુષ્યે ધારણ કરવાં. કોઇ પણ મનુષ્યે પોતાની સ્થિતિને નહિ છાજતાં વસ્ત્રો ધારણ કરવાં એ યોગ્ય નથી. પુરુષોએ અને સ્ત્રીઓએ પોતપોતાનાં પહેરવાનાં વસ્ત્રો બહુ સ્વચ્છ રાખવાં જોઇએ. ફાટેલાં કે મલિન વસ્ત્રો પહેરવાં એ બંનેને દૂષણરૂપ છે. જે મનુષ્ય નિર્ધન હોય તેનાથી પણ ફાટેલાં કપડાંને સાંધીને પહેરવાનું તથા મલિન વસ્ત્રોને ધોઇને પહેરવાનું બની શકે એમ છે, માટે કોઇ પણ માણસે એવી અગત્યની વાતમાં આળસ રાખી આળસુમાં ગણાવું એ યોગ્ય નથી. વળી પ્રત્યેક મનુષ્યે દેશ, કાલ ને પોતાની જાતિના શિષ્ટ લોકોનો પહેરવેશ જોઇ તદનુસાર પોતાનો પહેરવેશ રાખવો જોઇએ, પણ લોકોનું તુરત ધ્યાન ખેંચનારો, આછકલો વા પોતાના વય ને સ્થિતિથી વિપરીત વા અમર્યાદા જણાવનારો પહેરવેશ ન પહેરવો જોઇએ. જે વસ્ત્રો પ્રસ્વેદથી ગંધાતાં હોય, જે વસ્ત્રો ઘણાં મલિન હોય, જેની અંદર જૂઓ પડી હોય, ને જે મુગટા કે પીતાંબરીમાં દાળ કે કઢીના દાગો પડ્યા હોય, એવાં વસ્ત્રો ધારણ કરવાથી આરોગ્યનું રક્ષણ ને વિવેકનું પાલન થયું શી રીતે ગણાય ? જે માણસ પોતાનાં વસ્ત્રો સ્વચ્છ રાખવાની સાવધાનતા ન સેવે તે માણસ પોતાના શરીરને સ્વચ્છ રાખવાની સાવધાનતા કેવી રીતે સેવી શકે ? ને જે પોતાના શરીરને સ્વચ્છ ન રાખતા હોય તે પોતાના મનને પવિત્ર રાખવા પણ કેવી રીતે પ્રયત્ન કરે ? અને જે પોતાના મનને પવિત્ર ન રાખે તે પોતાના મનુષ્યજન્મને શી રીતે સફલ કરી શકે ? બ્રાહ્મણો એ ભૂદેવો (પૃથ્વીપરના દેવો) તથા ત્રણ વર્ણના ગુરુઓ ગણાય છે, માટે તેમણે તો અવશ્ય પોતાના શરીરપરનાં વસ્ત્રો

બહુ પવિત્ર રાખવાં જોઇએ. પુરુષોએ પાઘડી, અંગરખું, બંડી, ઉપવસ્ત્ર ને ધોતીઉં આદિ વસ્ત્રો, તથા સ્ત્રીઓએ પોતાનાં સર્વે વસ્ત્રો સ્વચ્છ રાખવાં, કે જેથી શરીર નીરોગી રહે, ને મન પ્રસન્ન રહે; તથા જેના પ્રસંગમાં આવવાનું થાય તેને કંટાળો ન ઉપજે. પોતાની સ્થિતિ નિર્ધન હોય તો ઉપર કહ્યા પ્રમાણે સાંધેલાં વા અલ્પ મૂલ્યવાળાં વસ્ત્રો પહેરવાં, પણ તે સ્વચ્છ તો અવશ્ય રાખવાં. સમજુ મનુષ્યે પોતાનાં નિકટના સંબંધિજનોને પણ પોતાનાં વસ્ત્રો સ્વચ્છ રાખવાનો બોધ આપવો જોઇએ.

ઘર, તેમાંના પદાર્થો, તથા કુટુંબી જનોનાં શરીરાદિની સ્વચ્છતાવિષે.

પ્રત્યેક મનુષ્યે પોતાનું ઘર તથા ઘરમાંનાં વાસણો, ગાદલાં, ગોદડાં, ખાટલા, પલંગો, પટારા, પેટીઓ ને બીજા પદાર્થો પણ બનતે પ્રયત્ને સ્વચ્છ રાખવા. કૂતરાં પણ બેસવાની જગા સ્વચ્છ કરીને બેસે છે એ જોઇ પ્રત્યેક માણસે પોતાનું નિવાસસ્થાન સ્વચ્છ રાખવું જોઇએ. ઘરનું ભોંયતળીઉં, ભીંતો ને ઉપરનો ભાગ સ્વચ્છ રાખવો જોઇએ, અને તેમાં કચરો ભેળો ન થાય, કરોળીઆ જાળાં ન બાંધે, ભમરીઓ દર ન બાંધે, ને બીજા ક્ષુદ્ર જીવો ન ભરાઇ રહે, એમ સાવધાનતા રાખવી જોઇએ. જે ઘરમાં કચરો પડ્યો રહેતો હોય, ભીંતોમાં ફાટો કે નાનાં નાનાં કાણાં પડ્યાં હોય, ગાર કે ચૂનો ઊખડી ગયો હોય, ભીંતોઉપર દીવાની મસના કે એવાજ બીજા ડાગો પડ્યા હોય, છાપરામાં કે અગાશીની નીચેના ભાગમાં કરોળીઆનાં જાળાં, પડો કે ભમરીનાં દરો હોય, ને જેમાં નાનામોટા મલિન પદાર્થોના સદ્ભાવથી દુર્ગંધ પ્રતીત થતો હોય, એવા ઘરમાં જવાનું કયા પવિત્ર માણસને મન થાય ? ને એવા ઘરમાં રહેનાર માણસને વાસ્તવિક માણસ પણ કેમ કહી શકાય ?

પ્રત્યેક ગૃહસ્થે પોતે સ્વચ્છ રહી પોતાની સ્ત્રી, પુત્ર ને પુત્રી આદિને પોતાનાં શરીર તથા વસ્ત્રાદિને સ્વચ્છ રાખવાનો તથા પોતપોતાના અન્યપદાર્થોને પણ સ્વચ્છ રાખવાનો વારંવાર ઉપદેશ આપવો જોઇએ. વળી તેઓ વિવેકી થાય, સ્વધર્મનું પરિપાલન કરવામાં ઉત્સાહી રહે, ને પોતપોતાનું કર્તવ્ય દૃઢતા તથા સાવધાનતાથી કરે, એમ પણ તેમને વારંવાર સમજાવવું જોઇએ.

કન્યાવિક્રય તથા વરવિક્રય ન કરવાવિષે.

દ્વિજે કન્યાનો વિક્રય કરવો એ નિંદ્ય કર્મ છે. શૂદ્રે પણ ધન લઇને કન્યા ન વેચવી એમ ભગવાન્ મનુ નીચેના શ્લોકથી કહે છેઃ-

" आददीत न शूद्रोऽपि, शुल्कं दुहितरं ददन् ।
शुल्कं हि गृह्णन्कुरुते, छन्नं दुहितृविक्रयम् ॥ १ ॥"

ભાવાર્થઃ—શૂદ્ર પણ દીકરી આપીને તેનું મૂલ્ય ન ગ્રહણ કરે, કેમકે કન્યાનું મૂલ્ય ગ્રહણ કરવાથી તે ગુપ્ત રીતે કન્યાનો વિક્રય કરે છે.

જ્યારે શૂદ્રે પણ કન્યાનો વિક્રય ન કરવો જોઇએ, ત્યારે દ્વિજે તો તે અવશ્ય નજ કરવો જોઇએ, એમાં શું કહેવું ?

શ્રીબ્રહ્મવૈવર્તપુરાણમાં કન્યાનો વિક્રય કરનારને થનારું ફલ આ પ્રમાણે જણાવ્યું છેઃ—

" यः कन्यापालनं कृत्वा, करोति विक्रयं यदि ।
विपदा धनलोभेन, कुंभीपाकं स गच्छति ॥ १ ॥
कन्यामूत्रं पुरीषं च, तत्र भक्षति पातकी ।
कृमिभिर्दंशितः काकैर्यावदिन्द्राश्चतुर्दश ॥ २ ॥

तृदन्ते व्याधयोनौ च, लभेज्जन्म सुनिश्चितम् ।
विक्रीणाति मांसभारं, वहत्येवं दिवानिशम् ॥ ३ ॥"

ભાવાર્થ:—જે પુરુષ કન્યાનું પાલન કરીને પછી વિપત્તિવડે વા ધનના લોભવડે જે તેનો વિક્રય કરે છે, તો તે કુંભીપાકનામના નરકમાં પડે છે. ૧. ત્યાં તે પાપી કન્યાના મૂત્રનું પાન ને તેના મલનું ભક્ષણ કરે છે. ત્યાં તે ચૌદ ઈંદ્રોના જીવનપર્યંત કૃમિઓવડે ને કાગડાઓવડે દંશ કરાતો છતો રહે છે. ૨. ત્યારપછી નિશ્ચય તે વ્યાધના જન્મને પામે છે, ત્યાં તે રાતદિવસ માંસ વેચે છે, ને માંસનો ભાર વહે છે. ૩.

શ્રીયમ પણ કન્યાવિક્રયીનો નરકપાત નીચેના શ્લોકથી વર્ણવે છે:—

"कन्याविक्रयिणो मूर्खा, रहः किल्विषकारिणः ।
पतन्ति नरके घोरे, दहन्त्यासप्तमं कुलम् ॥ १ ॥"

ભાવાર્થ:—મૂર્ખ ને એકાંતમાં પાપ કરનારા એવા જે કન્યાવિક્રયીઓ છે તે ઘોર નરકમાં પડે છે, ને પોતાના કુલના સાતમા પુરુષપર્યંતના પુરુષને બાળે છે.

શ્રીપરાશર ધનાશાવડે વૃદ્ધ આદિને કન્યા આપનારની ગાત આ પ્રમાણે કહે છે:—

"कन्यां ददाति वृद्धाय, नीचाय धनलिप्सया ।
पुरुषाय कुशीलाय, स प्रेतो जायते नरः ॥ १ ॥"

ભાવાર્થ:—જે માણસ ધનની લાલસાવડે વૃદ્ધને, નીચને, કે દુરાચરણી પુરુષને પોતાની કન્યા આપે છે તે માણસ પ્રેતયોનિને પામે છે.

દ્રવ્ય આપીને કન્યા લેવી તે નિષિદ્ધ છે એમ શ્રીકશ્યપ નીચેના વચનથી કહે છે:—

"क्रयक्रीता तु या नारी, न सा पत्न्यभिधीयते ।
न सा दैवे न सा पित्र्ये, दासीं तां कश्यपो विदुः ॥ १ ॥"

ભાવાર્થઃ— કન્યાવિક્રય કરનારને દ્રવ્ય આપી જે કન્યા વેચાતી લીધી તે પત્ની કહેવાતી નથી, તેને વિદ્વાનો દાસી જાણે છે, ને તે દેવસંબંધી કર્મમાં તથા પિતૃસંબંધી કર્મમાં ઉપયોગી થતી નથી.

વર્તમાનમાં જે બ્રાહ્મણો કન્યાવિક્રય કરતા હોય તે બ્રાહ્મણ-નામને યોગ્ય ગણાય નહિ. દ્રવ્યલાલસાને વશ થઇ વૃદ્ધ કે દુરાચરણી પુરુષને કન્યા આપી તેના આ લોક તથા પરલોક બગડે એવી સ્થિતિમાં તેને મૂકવી એ કેવું નિંદ્ય ને નિર્દય કર્મ છે એ વિનાકહેજ સમજાય એવું છે. અનીતિ કરનારને પોતાના પાપકર્મનું યમરાજાને ઉત્તર આપવું ભારે થઇ પડે છે, તથા તેની ભયંકર શિક્ષા પણ તેને ભોગવવી પડે છે. કન્યા વેચવી એટલે એક જીવતા માણસનું માંસ વેચવું એવો તેનો અર્થ થાય છે. કસાઇ મુએલા જનાવરનું માંસ વેચે છે, પણ મુએલા મનુષ્યનું માંસ વેચતા નથી, તો જીવતા મનુષ્યનું માંસ તો તેઓ ક્યાંથીજ વેચે ! જે પોતાને બ્રાહ્મણ કહેવરાવી પોતાની દીકરીના માંસને તેની જીવિત અવસ્થામાં વેચે તે બ્રાહ્મણને બ્રાહ્મણ ન કહેતાં કસાઇથી પણ અધમ કહેવો જોઇએ એમ કહ્યા વિના ચાલતું નથી. પેટ ન ભરાતું હોય તો ફોડી નાંખવું, વા યોગ્ય ઉદ્યમપરાયણ થઇ તે ભરવું, પણ દીકરી વેચી તેના પૈસાઉપર તાગડ-ધિન્ના કરવાની અધમ પ્રવૃત્તિ કદીપણ કોઇ પણ બ્રાહ્મણે કરવી યોગ્ય નથી. વૃદ્ધ વા દુરાચારી પુરુષને આપેલી કન્યાની આંખમાંથી તેની દુઃખી અવસ્થામાં જે આંસુઓ પડે છે તે વજ્રતુલ્ય છે, ને તે

તેનાં માબાપના પુણ્યનો નાશ કરી તેમને ભવિષ્યમાં પરમ દુઃખ આપનારાં છે. તે કન્યા જો સુશિક્ષિત ન હોય તો તે દુરાચરણમાં પણ પ્રવૃત્ત થાય છે, ને તેનું પાપ પણ તેનાં માબાપનેજ લાગે છે. હે કન્યાવિક્રય કરનાર અધમ બ્રાહ્મણ ! તું તારા પૂર્વજોની સ્થિતિનું તથા તેમના શુદ્ધ આચારનું સ્મરણ કરી આવો નિંદ્ય વ્યવહાર છોડી દે. તારી પાસે દ્રવ્ય ન હોય, ને કન્યા પરણાવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો યોગ્ય વરને, એક જોડ વસ્ત્ર કન્યાને આપી, તેનું દાન કર, પણ વરની પાસેથી પૈસા લઇ સગાંવહાલાંને તે પૈસાથી મોજશોખ ઊડાવવાના પ્રસંગમાં ન જોડ. તારું મન બહુજ નબળું હોય ને તું નિર્ધન હોય તો કન્યા પરણાવતાં જેટલો વ્યય થાય તેટલું દ્રવ્ય તું વરવાળાપાસેથી લે, પણ તેથી વિશેષ એક પાઇ પણ તેમની પાસેથી ન લે.

કન્યાવિક્રયની પેઠે વરવિક્રય પણ નિંદ્ય છે. વરવિક્રય કરનારા કુલવાન્ ગણાતા બ્રાહ્મણો વરવિક્રયથી મળતા ધનનો દુરુપયોગ કરે છે, ને દુરાચારી થાય છે. કોઇ કુલવાન્ બ્રાહ્મણો ક્રમપૂર્વક ઘણી કન્યાઓ પરણે છે, ને તેમને દુઃખ આપી પોતાનો ને તે સ્ત્રીઓનો જન્મ બગાડે છે. વરવિક્રય કરનારાઓએ ધનના લોભને બાજુએ મૂકી, કન્યાની યોગ્યતા જોવાભણી, તથા આપત્કાલવિના અન્ય કન્યા ન ગ્રહણ કરવ ભણી, સ્વપરના હિતમાટે અવશ્ય લક્ષ્ય આપવું જોઇએ.

સારેમાઠે પ્રસંગે ખોટી મોટાઇપાછળ વિશેષ ખર્ચ ન કરતાં તે પ્રસંગને લગતાં આવશ્યક શાસ્ત્રીય કર્તવ્યો કરવાવિષે.

બ્રાહ્મણે પોતાની પુત્રીના વા પુત્રના લગ્નના પ્રસંગમાં રાજસીવૃત્તિને વશ થઇ નિરર્થક ખર્ચ ન કરવું જોઇએ. લગ્નપ્રસંગે પોતાને ઘેર વેશ્યાઓનો નાચ કરાવવો એ બ્રાહ્મણોને માટે સર્વથા નિષિદ્ધ

છે. પોતાને ઘેર નાચ કરાવવાથીજ કાંઇ પોતાની મોટાઇ બીજાને દેખાડી શકાતી નથી. ખરેખરી રીતે તો કોઈ પણ બ્રાહ્મણે પોતાની મોટાઇ બીજાઓને દેખાડવા પ્રયત્ન કરવો એ શાસ્ત્રદૃષ્ટિએ અનુચિત છે, તોપણ જીવભાવની પ્રબલતાથી પોતાની મોટાઇ બીજાને દેખાડવાનું કોઇ ધનાઢ્ય બ્રાહ્મણને કદી મન થઇ આવે, ને પોતાનું શુભ કર્તવ્ય દૃઢતાપૂર્વક કર્યા કરવું એજ વાસ્તવિક મોટાઇ છે, અયોગ્ય માર્ગે બીજાઓનાં મન રાજી કરી તેમની પાસેથી મોટાઇ મેળવવી તે ખરી મોટાઇ નથી એમ સમજાવ્યા છતાં તેનું મન ન માને, તો તેણે પોતાની જ્ઞાતિમાં જે દુર્બલ વિધવાઓ, અપંગ માણસો, કે નિર્ધન મનુષ્યો હોય તેમને યોગ્ય દ્રવ્ય દક્ષિણારૂપે આપવું, અથવા પોતાની જ્ઞાતિમાં સદ્ધર્મના, સદ્વિદ્યાની કે ઉપયોગી લૌકિક વિદ્યાની વૃદ્ધિ કરવા પ્રયત્ન કરનારી કોઇ સંસ્થામાં સ્વશક્તિપ્રમાણે દ્રવ્ય અર્પણ કરવું, કિંવા તેવા પ્રસંગમાં યોગ્ય દ્રવ્યનો વ્યય કરી કોઇ સદ્ધર્મના જાણનાર સદાચરણી પુરુષ પાસે સ્વધર્મના પરિપાલનમાં બ્રાહ્મણોને ઉત્સાહ પ્રકટે એવાં વ્યાખ્યાનો અપાવવાં વરઘોડામાં પણ અન્ય જનોને પોતાની મોટાઇ દેખાડવા અનુચિત ખર્ચ કરવું બ્રાહ્મણ માટે યોગ્ય નથી. તેવા પ્રસંગમા બ્રાહ્મણભોજન પણ પોતાના સામર્થ્યનો પૂરો વિચાર કરીને કરવું, ખોટી વાહ વાહ મેળવવા પોતાની શક્તિઉપરાંત ખર્ચ કદીપણ કરવું નહિ, ને ઋણ કરીને તો વિશેષ બ્રાહ્મણભોજન નજ કરાવવું. એ પ્રસંગમાં બીજો આડંબર પણ બહુ ન કરવા શાસ્ત્રમાં એ પ્રસંગમાં જે જે આવશ્યક કર્તવ્ય કહ્યું છે તે યથાવિધિ કોઈ વિદ્વાન્ ને સદાચરણી શુક્લદ્વારા ધીરજ અને સમજથી કરાવવું, ને તેમાં જે યોગ્ય દ્રવ્ય ખર્ચવું પડે તે પ્રસન્નતાથી ખર્ચવું. પુત્રને જનોઇ દેવાના પ્રસંગમા પણ ઉપર કહેલી રીતે વર્તવું જોઇએ. જનોઇ દીધા પછી પોતાનો પુત્ર સંધ્યાવંદનમા નિત્ય પ્રવૃત્તિ

રાખે, ગાયત્રીમંત્ર શુદ્ધ ઉચ્ચારથી અર્થસહિત જાણી લે, ને પોતાના વેદના એક ભાગનું અનુકૂલતાપ્રમાણે અધ્યયન કરે એવી વ્યવસ્થા માતપિતાદિ ગુરુજનોએ અવશ્ય રાખવી જોઇએ. પુત્ર વા પુત્રીનાં નાની વયમાં લગ્ન ન કરવાં જોઇએ, ને કન્યાથી આઠ વા દશ વર્ષ મોટા યોગ્યવરને કન્યા આપવા જોઇએ. વરવધૂને તેમનાં માબાપે તેમનાં ગૃહસ્થનારીકેનાં જે જે કર્તવ્યો છે તે તે કર્તવ્યો લગ્નપહેલાં યથાયોગ્ય રીતે સમજાવવાં જોઇએ, ને લગ્નવેલા સપ્તપદીનો અર્થ બંને સાંભળીને સમજી શકે એવી વ્યવસ્થા તેમણે કરવી જોઇએ.

પોતાનાં માતપિતાદિના મરણપછી શાસ્ત્રમાં મરનારના જીવાત્માની સદ્‌ગતિ થવામાટે જે જે કર્મો કરવાનાં કહ્યાં છે તે તે કર્મો શ્રદ્ધાથી પુત્રાદિએ યથાયોગ્ય કરવાં, પણ મરનારના અગીઆરમાને, બારમાને કે તેરમાને દિવસે પોતાની શક્તિનો વિચાર કર્યા વિના વિશેષ બ્રાહ્મણભોજન કરાવવું નહિ. કેટલાક બ્રાહ્મણો એવા પ્રસંગમાં પોતાનું ખેતર કે ઘર વેચીને બ્રાહ્મણભોજન કરાવે છે તે અત્યંત અનુચિત છે. શ્રાદ્ધમાં ભોજન કરાવવામાટે સુપાત્ર બ્રાહ્મણ જોઈએ, ને એવા સુપાત્ર બ્રાહ્મણો બહુ મળી શકવા અસંભવિત છે; તેથી શ્રાદ્ધમાં બહુ બ્રાહ્મણો ન જમાડવા એમ ભગવાન્ મનુએ મનુસ્મૃતિમાં કહ્યું છે. વર્તમાનમાં ઉત્તરક્રિયાનિમિત્ત જે બ્રાહ્મણભોજન કરાવવામાં આવે છે તેમાં શાસ્ત્રાજ્ઞાના કરતાં રૂઢિનું વધારે પાલન કરવામાં આવે છે, તે દેશ, કાલ ને બ્રાહ્મણોની સ્થિતિ જોતાં યોગ્ય પ્રતીત થતું નથી. આવા સમયમાં ઉત્તરક્રિયાનિમિત્તે જેટલું કરવાની શાસ્ત્રાજ્ઞા છે તેટલુંજ કરવું પૂરતું છે. ઘણા બ્રાહ્મણોને તે નિમિત્તે ભોજન કરાવવાની રૂઢિ ત્યાગ કરવાયોગ્ય છે. કોઇ શ્રીમંતને પોતાનાં માતપિતાદિની ઉત્તરક્રિયાના પ્રસંગમાં વધારે બ્રાહ્મણો જમાડવાની ઇચ્છા હોય તો

તેણે વિવેકપૂર્વક વધારે બ્રાહ્મણો જમાડવા, જ્ઞાતિમાં પાત્રપુસ્તકાદિનું લહાણું કરવું, ને જ્ઞાતિનું વાસ્તવિક હિત થાય તેવા કામ ઉપયોગી રૂપમાં યથાશક્તિ દ્રવ્ય અર્પણ કરવું, પણ નિર્ધને દેખાદેખી કરી ઋણ કરીને વધારે દ્રવ્ય ખર્ચવું એ કોઇ પણ રીતે યોગ્ય નથી.

ઉત્તરક્રિયાનું, સંવત્સરીનું ને શ્રાદ્ધનું તામસી ભોજન જમવાથી થતી હાનિ.

સમજુ બ્રાહ્મણો જિહ્વાની તૃષ્ણાને વશ થઇને ઉત્તરક્રિયાના પ્રસંગમાં ભોજન કરવા જતા નથી. જ્યાં માત્ર સંબંધને લીધેજ ગયા વિના છૂટકો ન થાય ત્યાંજ તેઓ ભોજન કરવા જાય છે ચાળીશ વર્ષની અંદરના બ્રાહ્મણની ઉત્તરક્રિયા બહુજ સાત્વિકભાવથી ગભીરપણે કરવી જોઇએ, ને તેમાં બનતાસુધી ત્રીશ વર્ષના ઉપરના પુરુષે વા સ્ત્રીએ જમવા નજ જવું જોઇએ. જ્ઞાતિભોજનમાં પવિત્રતા જળવાય તથા સૌ જમનારને બધા જમવાના પદાર્થો આવે તેમ જ્ઞાતિના મુખ્ય માણસોએ વ્યવસ્થા રાખવી જોઇએ. જ્યાં બ્રાહ્મણોનો જથ્થો વધારે હોય છે ત્યાં સાંભળવાપ્રમાણે ભોજનકાલે જોઇએ તેવી પવિત્રતા સચવાતી નથી, ને વગે વાવર્યા થાય છે, એ બ્રાહ્મણોને માટે યોગ્ય નજ ગણાય. અન્નથી મન પુષ્ટ થાય છે એ વાત વેદવચનથી ને યુક્તિથી સિદ્ધ છે, માટે તામસી પરાન્ન ખાવામાં પોતાના મનને શુદ્ધ કરવા ઇચ્છનાર કોઇ પણ બ્રાહ્મણે પ્રીતિ રાખવી ઉચિત નથી. વર્તમાનમાં ઘણા બ્રાહ્મણોની જે નહિ ઇચ્છવાયોગ્ય સ્થિતિ જણાય છે તે સ્થિતિ થવામાં ઉત્તરક્રિયાનું (અગીઆરમા, બારમા ને તેરમાનું) ભોજન, સંવત્સરીનું ભોજન, ને શ્રાદ્ધનું ભોજન જમવામાં તેમની પ્રીતિપૂર્વક પ્રવૃત્તિ પણ એક કારણ છે. હે વિપ્રો ! જુવાન માણસના મરણની પછવાડે જે મિષ્ટાન્ન બ્રાહ્મણોને જમાડવામાં આવે

છે તે વિવેકીની દૃષ્ટિએ મિષ્ટાન્ન નથી, પણ રુધિર છે, ને તે અસાધારણ પ્રયોજનવિના જમવું રાક્ષસોને ઉચિત છે, તમને ઉચિત નથી. જે ઉત્તરક્રિયા કરાવનાર કે જમવાયોગ્ય સંબંધિજનો હોય તેમણે નિરુપાયે ત્યાં જમવું જોઇએ, પરંતુ તે પણ સ્વધર્મ પાળવામાં પ્રીતિવાળા ને સ્વધર્મનું શ્રદ્ધાપૂર્વક અનુષ્ઠાન કરનારા જોઇએ, નહિ તો તેમની પણ તેવાં ભોજનો અધોગતિ કરાવે છે. વૃદ્ધમનુષ્યની પછવાડે કરવામાં આવતા બ્રાહ્મણભોજનમાં પણ જે બ્રાહ્મણપણાનું મહત્ત્વ સમજતો હોય તેણે હોંશે હોંશે જમવા જવું એ અત્યંત નિંદ્ય છે જે પોતાના બ્રાહ્મણપણાનું મહત્ત્વ સમજતો નથી, ને શૂદ્રની પેઠે વર્તવામાં પ્રીતિ રાખે છે, તેને માટે અમારે કાંઇ કહેવાનું નથી, કેમકે ઉપદેશ અધિકારીને ઉદ્દેશીને હોય છે, અનધિકારીને ઉદ્દેશીને હોતો નથી.

નિત્યકર્મઉપરાંત બ્રાહ્મણોનું વિશેષ કર્તવ્ય, તેમણે આજીવિકામાટે શું કરવું? કરવાયોગ્ય ને ન કરવાયોગ્ય ધંધાઓ.

બ્રાહ્મણે સ્નાન, સંધ્યા, ગાયત્રીજપ, હોમ, સત્શાસ્ત્રનું અર્થતાત્પર્યના જ્ઞાનસહિત વાચન, ઇષ્ટદેવનું પૂજન, ને વૈશ્વદેવ એ કર્મઉપરાંત પરમાત્માનું ધ્યાન તથા પરમતત્ત્વનો વિચાર કરવામાં પોતાના સમયનો મુખ્યભાગ વ્યતીત કરવો જોઇએ, અને અવશેષ સમય અન્યજનોને તેમના અધિકારપ્રમાણે સ્વધર્માનુસાર સદ્ધર્મનો ઉપદેશ કરવામાં ને ન્યાયપૂર્વક આજીવિકાનાં સાધનો સંપાદન કરવામાં વ્યતીત કરવો જોઇએ. બ્રાહ્મણે પોતાના ધર્મનું પરિપાલન કરી અયાચકવૃત્તિથી રહેવું ઉત્તમ છે. જે બ્રાહ્મણને પરમાત્મામાં તેઓ વિશ્વંભર હોવાથી મને આજીવિકાનાં સાધનો પૂરાં પાડશે, આવો પૂર્ણ વિશ્વાસ ન હોય તે બ્રાહ્મણે પોતાના તથા પોષ્યવર્ગના નિર્વાહમાટે થોડા સુપાત્ર મનુષ્યોને ઘેર અન્નાદિની યાચનામાટે જવું, પણ રાંકાની પેઠે

ઘેર ઘેર લોટ વા દાણા માગવા નીકળવું યોગ્ય નથી. જે બ્રાહ્મણને અન્યપાસે યાચના કરવી અયોગ્ય પ્રતીત થતી હોય તેણે કથાવાર્તા, વ્યાપાર, વકીલાત, જોષીપણું, વૈદપણું, ખેડ કે સારી નોકરી એમાંનો કોઇ એક ધંધો કરવો. દૂધ આદિ રસ વેચવાનો કે વીશીનો ધંધો બ્રાહ્મણે બનતાંસુધી ન કરવો દેવલકનો, (પગાર લઇને દેવસેવા કરવાનો,) પાણી ભરવાની વાસણ માંજવાની હલકારાની સાંધાવાળાની કે હમાલ આદિની હલકી નોકરીનો, હલકા વર્ણના ગોરપદાનો, કે ગામોટનો ધંધો કરવો તે પણ બ્રાહ્મણને માટે યોગ્ય નથી એવો હલકે ધંધો કરનારા બ્રાહ્મણો શુદ્ધ ભાવથી યોગ્ય પ્રયત્ન કરે તો તેમને તેમની યોગ્યતાપ્રમાણે ઉંચો ધંધો અવશ્ય મળી શકે.

બ્રાહ્મણોને આપત્કાલમાં ક્ષત્રિયનો તથા વૈશ્યનો ધંધો કરી પોતાની આજીવિકા ચલાવવાની શાસ્રે છૂટ આપી છે, માટે જે બ્રાહ્મણો શાસ્રમાં કહેલા તેમના મુખ્ય ધંધાથી પોતાની આજીવિકા ન ચલાવી શકતા હોય તેમણે પ્રામાણિકપણે કોઇ આબરૂવાળી નોકરી કરવી, વકીલાત કરવી, વ્યાપાર કરવો, ખેતી કરવી, કે પશુપાલન કરવું. તેમણે જે ધંધો કરવો તે નીતિથી કરવો, ને આળસુ સ્વભાવ ત્યજી ઉદ્યોગી સ્વભાવ રાખવો.

મનને સુવિચારયુક્ત રાખવું,-તેને નવરું ન રહેવા દેવું.

મનના સારાનરસા વિચારની ઇંદ્રિયો ને શરીરપર સારીનરસી અસર થાય છે, માટે પ્રત્યેક બ્રાહ્મણે કુવિચારથી પોતાના મનને દૂર રાખી ધૈર્ય ને સાવધાનતાથી તેને સુવિચારમાં જોડતા રહેવું જોઇએ. દુષ્ટ વિષયોના ચિંતનથી મનુષ્ય શનૈઃ શનૈઃ અધોગતિને પામે છે, માટે તેવા ચિંતનમાં મનને ન જોડાવા દેવાસારૂ તેને કોઇ સારા કામમાં જોડેલું રાખવું, પણ નવરું ન રહેવા દેવું. " નવરો નખોદ વાળે " એ ન્યાયે નવરું મન દુષ્ટ વિષયોના ચિંતનવડે જીવનું બહુ

અનિષ્ટ કરે છે. બીજું કોઇ સારું કામ પ્રાપ્ત ન હોય તે કાલે તેને ઇષ્ટદેવના સ્મરણધ્યાનમાં જોડવું, પણ નવરું ન રહેવા દેવું. નવરું મન બાબરાભૂતની પેઠે જીવને ભય આપે છે. હરપાળ મકવાણે કોઇ વેલા બાબરાભૂતનો પરાજય કરી તેની સાથે ઠરાવ કર્યો હતો કે "હું જે કામ બતાવું તે કામ તારે કરવું." તે વાતની બાબરાભૂતે "જો તમે મને કામ ન બતાવી શકો તો હું તમારું ભક્ષણ કરી જાઉં" એ શરતે હા કહી. પછી હરપાળ મકવાણો બાબરાને જે કામ કરવાનું કહે તે કામ તે પોતાના અલૌકિક સામર્થ્યથી તુરત કરી આવે. આમ થવાથી હરપાળ મકવાણાપાસે બાબરાને કહેવાયોગ્ય કોઇ કામો ન રહ્યાં, તેથી તે બહુ મુંઝાવા લાગ્યો, ને ખોટાં ખોટાં કામોમાં તેને જોડી તે પોતાના ભયમાં આવી પડેલા જીવનને ચિંતાતુર સ્થિતિએ લંબાવવા લાગ્યો. હરપાળ મકવાણાની આવી ચિંતાતુર સ્થિતિ જોઇ તેના એક મિત્રે તેને પૂછ્યું કે:—"હમણાં તમે નિરંતર ચિંતાતુર કેમ દેખાઓ છો?" તેના ઉત્તરમાં તેણે પોતાને માથે પોતાની ભૂલથી જે પીડા આવી પડી હતી તે પીડાની વાત તેને કહી દેખાડી. તે મિત્રે હરપાળ મકવાણાને કહ્યું કે:-"આવી નજીવી વાતમાં તમે મુંઝાઇને નકામી ચિંતા શામાટે કરો છો? તેની પાસે મલબારના વનમાંથી એક મોટો વાંસ મગાવી તે તમારા ઘરના આંગણામાં ખોડાવો, પછી જ્યારે કામ હોય ત્યારે તમે બાબરાને કામ બતાવજો, ને જ્યારે કામ ન હોય ત્યારે તેને તે વાંસપર ચઢઊતર કરવાનું કહેજો. ચઢઊતરનો અંત નથી, તેથી તમને ભયનું કારણ રહેશે નહિ, ને તેની પાસેથી યોગ્ય કામ પણ તમારાથી સુખપૂર્વક લઇ શકાશે." હરપાળ મકવાણો પોતાના મિત્રની ઉપરની સૂચનાથી પ્રસન્ન થયો, ને પછી તે પ્રમાણે વ્યવસ્થા કરી નિશ્ચિંત થયો. એવી રીતે પ્રત્યેક બ્રાહ્મણ પણ

બાઅરાભૂતના જેવા પોતાના મનને વ્યવહારપરમાર્થના કામમ થી તે નવરું થાય ત્યારે તેને ઇષ્ટદેવના સ્મરણુધ્યાનમાં જોડવારૂપ ચઢ-ઊતર કરાવ્યા કરે તો તેથી તેને હાનિ ન થતાં લાભજ થાય.

સત્પુરુષોનો સમાગમ તથા સત્શાસ્ત્રોનું અધ્યયનવાચન કરવાવિષે.

બ્રાહ્મણે પોતાના મનને સારા વિચારમાં રાખવાનું બલ મેળવ-વામાટે સત્પુરુષોનો શ્રદ્ધાભક્તિપૂર્વક સમાગમ રાખવો જોઇએ, ને સત્શાસ્ત્રોનું આદરપૂર્વક અધ્યયનવાચન કરવું જોઇએ. કુસંસ્કારોનું પોષણ કરનારા કે નવા કુસંસ્કારો પાડનારા નઠારા ગ્રંથો તેણે ભૂલ-થી પણ ન વાંચવા જોઇએ, તેમજ દુરાચારી માણસોને હલાહલ વિષથી પણ વધારે અપકારક સમજી તેમનો ક્ષણમાત્ર પણ સંગ તેણે ન સેવવો જોઇએ.

પરદારસેવનરૂપ વ્યભિચારથી દૂર રહેવ વિષે.

પ્રત્યેક બ્રાહ્મણે શરીર, વાણી ને મનથી પરદારસેવનરૂપ વ્યભિ-ચારથી દૂર રહેવું જોઇએ. વ્યભિચારથી વ્યભિચારીને દ્રવ્યની હાનિ થવા ઉપરાંત તેના શરીર, ઈંદ્રિયો ને મનના સામર્થ્યની તથા પ્રતિષ્ઠાની પણ હાનિ થાય છે. બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ બ્રહ્મચર્યથી શોભે છે, માટે પ્રત્યેક બ્રાહ્મણે પોતાની સ્ત્રીમાંજ સંતોષ રાખવો જોઇએ. પિતા, માતા કે બેમાંનું કોઇ એક વ્યભિચારી હોય તો તેમનાં બાળકો પણ લઘુવયમાંથીજ દુરાચરણી થાય છે, ને તેમની પ્રજા પણ દુરા-ચારી નીવડે છે. વળી વ્યભિચારીનો પરલોક પણ બગડે છે. એક દોષ બીજા દોષને ખેંચી લાવવાના સ્વભાવવાળો હોવાથી વ્યભિચારી-માં ધીરે ધીરે બીજા દોષો પણ આવી એકત્ર થાય છે, ને તે સર્વ તેને બહુ દુઃખી કરે છે.

અનાથ વિપ્રવિધવાઓને આશ્રય તથા શિક્ષણ આપવાવિષે.

પ્રત્યેક નગર અને ગામમાં રહેનારા વિપ્રોએ પોતપોતાના ગામમાં રહેતી અનાથ વિપ્રવિધવાઓના નિર્વાહમાટે પંચના દ્રવ્યમાંથી અથવા સ્વસામર્થ્યાનુસાર પોતપોતાના દ્રવ્યમાથી યોગ્ય વ્યવસ્થા કરવી જોઇએ, તથા તેમના સ્વધર્મના જ્ઞાનમાં વૃદ્ધિ થઇ તેઓ શ્રેષ્ઠ રીતે સદાચારનું પાલન કરી શકે એવા શિક્ષણની પણ તેમને માટે વ્યવસ્થા કરવી જોઇએ. કેટલીક વેલા વિધવાનાં માબાપ, ભાઇઓ કે સાસરાવાળાં વિધવાને યોગ્ય આશ્રય આપતાં નથી, તથા તેમના મનને સદ્ધર્મભણી વાળવા યોગ્ય પ્રયત્ન સેવતાં નથી, તેથી તેમની તે ભૂલનું તે સર્વને માટે બહુ અનિષ્ટ પરિણામ આવે છે. સાસુસસરાએ પોતાની વિધવા વહુપર ને માબાપે પોતાની વિધવા પુત્રીઉપર અવશ્ય દયા રાખવી જોઇએ, અને પોતાના સામર્થ્યાનુસાર તેને અવશ્ય સાહાય્ય કરવું જોઇએ.

ક્રોધાદિ ચિત્તદોષો ત્યજવાવિષે.

ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર, દંભ, કપટ, ભય ને ચિંતા ઇત્યાદિ ચિત્તદોષો અપકારક હોવાથી સર્વમનુષ્યોએ અવશ્ય ત્યજવાયોગ્ય છે, ત્યારે વર્ણોના ગુરુ ને ભૂદેવો એ શ્રેષ્ઠ નામથી ઓળખાતા બ્રાહ્મણોએ એ ત્યજવા જોઇએ એમાં શું કહેવું ? ક્ષુદ્ર ક્ષુદ્ર વાતમાં શ્વાનોની પેઠે બ્રાહ્મણો પરસ્પર ક્રોધને વશ થઇને કલેશ કરે તે ઇચ્છવાયોગ્ય નથી. ક્રોધ શાંતિનો વિઘાતક છે. જે હૃદયમાં શાંતિ ન હોય ત્યાં સુખ પણ ક્યાંથી હોય ? એવી રીતે ક્રોધ સુખને પણ વિદૂર કરનારો છે. ક્રોધથી શરીરમાંનું લોહી ઊકળે છે, ઇંદ્રિયો ને અંતઃકરણ પ્રબલ ક્ષોભયુક્ત થાય છે, અને જીવાત્મા સંમોહયુક્ત થાય છે, સંમોહથી તેને શાસ્ત્ર તથા ગુરુની આજ્ઞાનું ને તદનુકૂલ કર્તવ્યનું

વિસ્મરણ થાય છે, તે વિસ્મરણથી બુદ્ધિનો નાશ થાય છે, ને બુદ્ધિના નાશથી પુરુષ જીવતો છતાં મુઆજેવો થઇ જાય છે. એવી રીતે ક્રોધને અત્યંત અપકારક વિચારી પ્રત્યેક બ્રાહ્મણે તેનો ત્યાગ કરવા પ્રયત્નશાલ રહેવું જોઇએ, અર્થાત્ તેણે ક્રોધઉપરજ ક્રોધ કરવો જોઇએ. આહારવિહાર સાત્ત્વિક રાખવાથી તથા અહિંસા ને ક્ષમાના પરિપાલનવડે જેમણે ક્રોધનો જય કર્યો છે એવા પુરુષોનો અનુકૂલ બુદ્ધિવડે સંગ કરવાથી ક્રોધનો જય કરી શકાય છે. પોતાના માનેલા પદાર્થોનો ત્યાગ સહન ન થઇ શકવો વા દ્રવ્ય સંપાદન કરી એકત્ર કરવામાં નિરંતર મનોવૃત્તિ રાખવી તે લોભ કહેવાય છે. લોભને મર્યાદામાં ન રાખતાં જે મનુષ્ય લોભને વશ થાય છે તે મનુષ્ય ઘણાં પાપો કરે છે, ને ઈશ્વરે તેને તેના કર્માનુસાર જે સુખ આપ્યું હોય તેનો તે ભોક્તા થઇ શકતો નથી. દૃશ્ય પદાર્થોમાં અત્યંત મમતા રાખવાથી મનુષ્ય ધર્મને તથા મોક્ષને માટે પોતાને જે કર્તવ્ય છે તે કરી શકતો નથી, તેથી તેની અધોગતિ થાય છે. ઔદાર્ય તથા સંતોષવડે જો લોભનો જય કરવામાં આવે તો તેથી મનુષ્ય આ લોકમાં તથા પરલોકમાં સુખનો ભાગી થઇ શકે છે. અનાત્મ ને અનિત્ય પદાર્થોમાં લોભ રાખવાને બદલે મનુષ્ય જો ચૈતન્ય ને નિત્ય પદાર્થરૂપ પરમાત્મામાં વા તેમની પ્રાપ્તિનાં સાધનોમાં લોભ રાખે તો તેને બહુ લાભ થાય. ધન, સત્તા, વિદ્યા, યૌવન, રૂપ, કુલ ને આચારાદિ અનિત્ય પદાર્થોનો મદ રાખવો તે પણ મનુષ્યની ઊર્ધ્વગતિ રોકી તેની અધોગતિ કરાવનાર છે. મદ રાખવાની અગત્ય હોય તો દંભદર્પાદિ આસુરીસંપત્તિનો નાશ કરવામાં મદ રાખવો ઉચિત છે. કર્તવ્યને અકર્તવ્યરૂપે જાણવું, વા હિતનાં સાધનોને અહિતનાં સાધનોરૂપે ને અહિતનાં સાધનોને હિતનાં સાધનોરૂપે જાણવાં, તે મોહ એટલે

અવિવેક કહેવાય છે. જગત્નો મોટો ભાગ મોહને વશ વર્તીને દુઃખી થાય છે. જેઓ સુખ સંપાદન કરવા ઇચ્છતા હોય તેમણે તો અવશ્ય વિવેકવડે મોહનો ત્યાગ કરવો જોઇએ. સેંકડો દુઃખોથી ઘેરાયેલા વિષયોને સુખરૂપ માની મનુષ્યોનો ઘણો ભાગ નિરંતર તેની ઉપાસનામાં તત્પર રહે છે એ મોહનોજ અગાધ મહિમા છે. મત્સર અથવા ઈર્ષ્યા મનને સદ્ગુણરહિત તથા દાહયુક્ત રાખે છે, અર્થાત્ મત્સરી માણસ ગુણવાનોના ગુણોનું માહાત્મ્ય સમજી ગુણવાન્ થઇ શકતો નથી, તથા જેના તેના અભ્યુદયની વાત સાંભળી તે મનમાં બળ્યા કરે છે; તેથી તે પોતાના અભ્યુદયને વા નિઃશ્રેયસને સાધી શકતો નથી. પોતાનું શ્રેય ઇચ્છનારે તે મત્સર મૈત્રીની ભાવનાથી દૂર કરવો જોઇએ. દંભ–ધર્માદિનો ડોળ દેખાડવો તે—પણ મનુષ્યના અભ્યુદય તથા નિઃશ્રેયસમાં પરમવિઘ્નરૂપ છે, માટે પોતાનું હિત ઇચ્છનારે તે ત્યજવાયોગ્ય છે. કૂડકપટવાળો વ્યવહાર કરવો એ પણ સર્વથા નિંદ્ય છે. સત્ય ને પ્રામાણિકતા ત્યજી જેઓ કૂડકપટથી બીજાને છેતરવાનું કામ કરે છે તેમનું પરિણામે સારું થતું નથી. " કૂડ ત્યાં ધૂડ " ને " ધર્મે જય ને પાપે ક્ષય " એ કહેવતપ્રમાણે કૂડકપટ કરનારા માણસો અંતે આ લોક પરલોકમાં દુઃખી થાય છે. કૂડકપટ કરનારા, મિથ્યાભાષણ કરનારા, ને વિશ્વાસઘાતી જે બ્રાહ્મણો હોય તે બ્રાહ્મણો બ્રાહ્મણ એ પવિત્રનામને મહાકલંક લગાડનારા છે. દેવોની પરલોકમાં કેવી સ્થિતિ હોય છે તે અન્ય લોકોને દેખાડવામાટે તથા તેમને સુધારવામાં ઉદાહરણરૂપ થવામાટે પૃથિવીપરના ભૂદેવો છે, તેથી તેમનાં અંતઃકરણો તો દૈવીસંપત્તિવાળાંજ જોઇએ, તેમાં આસુરીસંપત્તિનો ગંધ પણ નજ જોઇએ. જો પ્રત્યેક બ્રાહ્મણ આટલુંજ સમજી તદનુકૂલ વર્તે, અર્થાત્ આસુરીસંપત્તિ ત્યજી દૈવીસંપત્તિ-

વાળો થાય તો સ્વલ્પકાલમાં તેની સ્થિતિનું રૂપાંતર થઇ જાય, અર્થાત્ તેની માનસસ્થિતિ બદલવાથી તેની બહાર દુઃખમય પ્રતીત થતી સ્થિતિ સુખમય પ્રતીત થવા લાગે. ભયનામનો મનોવિકાર પણ વિવેકી મનુષ્યે ત્યજવાયોગ્ય છે. કોઇ પણ સારું કામ કરવામાં પોતાનું હિત ઇચ્છનારે લેશ પણ ભય ધરવું ઉચિત નથી. કોઇ શુભ કામ કરવાનો આરંભ કર્યા પછી વા પ્રારબ્ધયોગથી ભયની સામગ્રી સમીપ પ્રાપ્ત થાય ત્યારે પણ મનને નિર્ભય રાખી યોગ્ય ઉપાયો કરવા, પણ ભયથી પોતાના મનને વ્યાકુલ થવા દેવું નહિ. પ્રિય પ્રાણી કે વસ્તુનો વિયોગ થયે વા ઇચ્છિત વસ્તુ કે પ્રાણીની પ્રાપ્તિ ન થયે મનને ચિંતા કે શોકમાં નિમગ્ન કરવું એ પણ વિવેકી મનુષ્યને યોગ્ય નથી. જે બનવાનું હોય તે બને છે, ને જે નહિ બનવાનું હોય તે બનતું નથી, તથા મારો ને અન્ય પ્રાણિપદાર્થનો સંયોગ અસ્થાયીજ છે, તો નિરર્થક ચિંતા કે શોક કરી મારા સ્વાભાવિક સુખથી મારે શામાટે વિયોગી થવું જોઇએ ? ચિંતા કે શોક ગયેલા પ્રાણીને કે વસ્તુને પુનઃ પ્રાપ્ત કરાવવામાં સાધનરૂપ નથી, તેમજ મનોબલ, ઇંદ્રિયબલ કે શરીરબલ વધારવામાં પણ તે સાધનરૂપ નથી, પણ ઊલટાં તે મનોબલ આદિને ક્ષીણ કરનારાં છે, તો મારે મારા ચિત્તમાં તેમને શામાટે અવકાશ આપવો જોઇએ? ચિંતા કે શોકવડે પોતાનું મન જ્યારે પરાભવ પામેલું જણાય ત્યારે મનુષ્યે એવા વિચારવડે તેમને દૂર કરી દેવાં જોઇએ.

આળસ, પ્રમાદ ને દીર્ઘસૂત્રતા પણ ત્યજવાં જોઇએ.

આળસ એ શરીરાદિમાં રહેલો ભયંકર શત્રુ છે. એ શત્રુના પ્રસાદથીજ ઘણા મનુષ્યો દ્રવ્યહીન ને વિદ્યાહીન રહે છે, માટે એ

ભયંકર શત્રુને ઉદ્યોગવડે દેહપાર કરી દેવો જોઇએ. પ્રત્યેક મનુષ્ય જો સતત શુભઉદ્યોગપરાયણ રહે તો તેનું મન પવિત્ર રહે, તેની ઇંદ્રિયોનું બલ વધે, તેનું શરીર નીરોગ રહે, ને તેની બાહ્યસ્થિતિ પણ સારી રહે. જે જે દેશના વા જે જે વર્ણના લોકો આળસના ઉપાસક હોય છે તે તે દેશ વા વર્ણ દરિદ્રી, વિદ્યાહીન ને પ્રાયશઃ નીતિહીન હોય છે. જે જે બ્રાહ્મણોને તમે દરિદ્રી, વિદ્યાહીન, દુર્વ્યસની ને નીતિહીન જુઓ તે તે બ્રાહ્મણો આળસનામના બાબરાભૂતના પૂજારી હશે, એ વાત તમારે નિશ્ચયપૂર્વક સત્ય માનવી. એમાં તમારે લેશ પણ શંકા ન કરવી. હે ભૂદેવો ! જો તમે સુખી થવા ઇચ્છતા હો તો ઈશ્વરે કૃપા કરી તમને જે મનુષ્યનું ને તેમાં પણ બ્રાહ્મણનું જીવન આપ્યું છે તે જીવનને આળસમાં વ્યતીત ન કરો, પણ તેને સતત ઉદ્યોગવાળું રાખો. વપરાતાં વાસણો ઊજળાં રહે છે, ને નહિ વપરાતાં વાસણોપર કાટ ચઢે છે, એ શું તમને જ્ઞાત નથી ? જો તે તમને જ્ઞાત હોય તો તમે તમારા મનને, ઇંદ્રિયોને ને શરીરને શામાટે નિરંતર શુભકામ કરવારૂપ વપરાશમાં રાખતા નથી ? વાસણના ઉપર કાટ ચઢે છે તે કાટનાં કરતાં આ કાટ ઘણોજ હાનિકર છે, માટે તે આળસરૂપ કાટને તમારે ઉદ્યોગવડે તુરતજ દૂર કરી દેવો જોઇએ. કર્તવ્યનું વિસ્મરણ પ્રમાદ કહેવાય છે. પ્રમાદથી માણસને ડગલે ડગલે અનેક દુઃખોની પ્રાપ્તિ થાય છે, માટે વિવેકીએ પ્રત્યેક કર્તવ્ય સાવધાનતાપૂર્વક કરવાનો સ્વભાવ પાડી તે પ્રમાદને દૂર કરી દેવો જોઇએ. એક દિવસમાં થઇ શકે એવું કામ હોય તે છ માસે પણ પૂરું ન કરવાનો અર્થાત્ કામને બહુ લંબાવવાનો સ્વભાવ તે દીર્ઘસૂત્રતા કહે-

વાય છે. દીર્ઘસૂત્રતાથી પણ માણસની પડતી સ્થિતિ થાય છે, માટે તે દીર્ઘસૂત્રતાને શીઘ્ર કામ કરવાનો સ્વભાવ પાડી મનુષ્યે દૂર કરવી જોઇએ.

કર્તવ્યવિમુખતા ત્યજી કર્તવ્યપાલન કરવાવિષે.

પ્રત્યેક બ્રાહ્મણે અને બ્રાહ્મણજ્ઞાતિના શેઠોએ વા પટેલોએ પોતાના લૌકિક ને પારમાર્થિક કર્તવ્યમાં નિષ્ઠા રાખવી જોઇએ. કર્તવ્યમાં નિષ્ઠા રાખી તદનુકૂલ સદાગ્રહપૂર્વક વર્ત્યા વિના કોઇ પણ બ્રાહ્મણની કે બ્રાહ્મણજ્ઞાતિની ઉન્નતિ થવી સંભવિત નથી. પૂર્વના ઋષિમુનિઓ શ્રેષ્ઠ પદે વિરાજતા હતા તેનું મુખ્ય કારણ તેઓ કર્તવ્યનિષ્ઠાવાળા તથા તદનુકૂલ સદગ્રહપૂર્વક વર્તનારા હતા તે હતું. વર્તમાનકાલમાં બ્રાહ્મણોના મોટા ભાગની જે અધમ સ્થિતિ જોવામાં આવે છે તેનું મુખ્ય કારણ તેમની કર્તવ્યવિમુખતાવિના અન્ય નથી. વિવેકીઓ મરણકરતાં પણ કર્તવ્યવિમુખતાને વધારે અપકારક ગણે છે. જે જે બ્રાહ્મણોએ કર્તવ્યનિષ્ઠા ત્યજી કર્તવ્યવિમુખતાનું શરણ ગ્રહણ કર્યું છે તે તે બ્રાહ્મણોની સ્થિતિ વર્તમાનસમયમાં કેવી અધમ છે તે સમજુ મનુષ્યોને અજ્ઞાત નથી. કેટલાક બ્રાહ્મણો રાંકાની પેઠે લોટ કે દાણા માગવા નીકળે છે, કેટલાક બ્રાહ્મણો દેવલકનું—પગાર લઇ પૂજારીનું—કામ કરે છે, કેટલાક બ્રાહ્મણો મજુરીનું કે સાથીનું કામ કરે છે, કેટલાક બ્રાહ્મણો પાણી ભરવાનું કામ કરે છે, કેટલાક બ્રાહ્મણો પોલીસનું સાંધાવાળાનું કે પટાવાળાનું કામ કરે છે, ને કેટલાક બ્રાહ્મણો હલકારાનું કે ગ્રામદૂતનું(રૂરલમેસેંજરનું—વિલેજપોસ્ટમેનનું)કામ કરે છે. આવી અધમસ્થિતિમાંથી ઉચ્ચસ્થિતિએ પહોંચવાનો માત્ર એકજ મુખ્ય ઉપાય છે, ને તે કર્તવ્યનિષ્ઠાનું અનુસરણ

છે. હે વ્યાવહારિક દુઃખાનુભવ કરનારા ભાઇઓ ! તમે વિદ્યાનું અધ્યયન કરવાના ને સદાચારથી વર્તવાના તમારા મુખ્ય કર્તવ્યનું સ્મરણ કરો, માત્ર તેનું સ્મરણ કરીનેજ ન બેસી રહો, પણ તે મુખ્ય કર્તવ્યનું તમે ઉત્સાહપૂર્વક પરિપાલન કરો. જો તમે આમ કરશો તો તમારી બાહ્યાભ્યંતરસ્થિતિમાં ફેર પડ્યા વિના રહેશે નહિ, અર્થાત્ તમારી દુઃખમય સ્થિતિ દૂર થઈ તમે સુખમય સ્થિતિવાળા થશો.

ઉપસંહાર.

પ્રત્યેક જ્ઞાતિના બ્રાહ્મણો, ને વિશેષે ઔદીચ્યબ્રાહ્મણો, અને તેમાં પણ ઔદીચ્યસહસ્ત્રજ્ઞાતિના બ્રાહ્મણો જો પોતાનાં મન ઇંદ્રિયો ને શરીરના દુરાચારો તજી તેમને સદાચારમાં પ્રવૃત્ત કરવા પ્રયત્નવાન્ રહેશે તો તેથી તેમની અવશ્ય ઉન્નતિ થશે. એક એક ઔદીચ્યસહસ્ત્રબ્રાહ્મણ મળીને સમસ્ત ઔદીચ્યસહસ્ત્રબ્રાહ્મણજ્ઞાતિ થઇ છે, માટે પ્રત્યેક ઔદીચ્યસહસ્ત્રબ્રાહ્મણે પોતામાં તથા પોતાના કુટુંબમાં સદાચાર વૃદ્ધિ પામે, ને દુરાચારનો નિઃશેષ નાશ થાય એમ શુદ્ધભાવથી સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરવો જોઇએ. જે પરમાત્માના મુખરૂપ બ્રાહ્મણો છે તે પ્રણતપાલ પરમાત્મા પ્રત્યેક ઔદીચ્યબ્રાહ્મણને તેની ઉન્નતિ થાય તેવા પોતાના કર્તવ્યમાં પ્રીતિ ઉપજાવવા તથા તદનુકૂલ પ્રીતિપૂર્વક વર્તવાનું શુભ બલ આપવા અનુકંપા કરો એમ ઇચ્છી વૃત્તિ વિરામ પામે છે. ઇતિ શિવમ્.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો

ઉપનિષદો (ઈશોપનિષદ્‌થી કૈવલ્યોપનિષદ્ સુધીની ૧૧ ઉપનિષદો, આ માંડૂક્યોપનિષદ્‌પરની ભગવાન્ ગૌડપાદની કારિકા ને તેની ગુજરાતી ટીકા અને ૧૦૮ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર.) બીજી આવૃત્તિ. રૂ. ૫-૦-૦ વેદાંતદર્શન. પાકાપૂંઠાનું. રૂ. ૩-૮-૦ વેદાંતદર્શન કાચાપૂંઠાનું. રૂ. ૩-૦-૦ શ્રીમદ્ભગવદ્ગીતા, પદચ્છેદ, અન્વય, પદ ને રહસ્યદીપિકાટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ પાતંજલયોગદર્શન. પદબોધિનીનામની સંસ્કૃતભાષાની તથા રહસ્યદીપિકાનામની ગુજરાતી ભાષાની આધ્યાત્મિકી ટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ સાંખ્યદર્શન સટીક. રૂ. ૧-૪-૦.

યોગકૌસ્તુભ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૧-૪-૦ પરમપદબોધિની. ત્રીજી આવૃત્તિ રૂ ૦-૧૨-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ. ૦-૦-૬ નાદસ્વરોદય. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ. બીજી આવૃત્તિ ૦-૧-૦

મનુષ્યમિત્ર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૪-૦ સ્વાભાવિકધર્મ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ સુબોધકલ્પલતા. બીજી આવૃત્તિ. રૂ. ૦-૯-૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ. રૂ. ૦-૧૨-૦ ઉપદેશામૃતાવલિના અંક ૧ થી ૧૦. રૂ. ૦-૪-૦ ઉપદેશામૃતાવલિના અંક ૧૧ થી ૨૫. બીજી આવૃત્તિ. રૂ. ૦-૮-૦ ઉપદેશામૃતાવલિના અંક ૨૬ થી ૩૫. રૂ ૦-૮-૦ અંતર્યામીના આદેશો. સોનેરી નામવાળા કપડાંના પૂંઠાના. રૂ. ૦-૧૦-૦ અંતર્યામીના આદેશો, રેશમી પૂંઠાના. રૂ. ૦-૮-૦ બોધપ્રભાકર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૬-૬ શ્રીમદ્ભગવદ્ગીતા સરલટીકાસહિત. બીજી આવૃત્તિ. રૂ. ૦-૭-૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ. બીજી આવૃત્તિ રૂ. ૦-૩-૬ ગીતાદિપંચરત્ન સટીક. ભિન્ન ભિન્ન જાતનાં પૂંઠાંવાળાં. રૂ. ૦-૭-૦, ૦-૭-૦, ૦-૬-૦ રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકાસહિત. રૂ. ૦-૭-૦ પ્રણવપદ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ પ્રશ્નોત્તરપદ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ નાદકાવ્ય. રૂ. ૦-૫-૦ સદુપદેશમાલા, પ્રથમ ભાગ. રૂ. ૦-૩-૬. પત્રકલ્પમંજરી. રૂ. ૦-૩-૦ વિનોદમાલા-રૂ. ૦-૫-૦ દુરાચારનિવૃત્તિ રૂ. ૦-૨-૬

ઉપર લખેલાં સર્વ પુસ્તકો નીચે લખેલે સ્થળેથી રોકડા રૂપિયાથી વા વેલ્યૂપેએબલ બુકપોસ્ટથી મળી શકશે:—

વ્યવસ્થાપક, આનંદાશ્રમ. બીલખા. કાઠિયાવાડ.